કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂ. ૨.૦૦/-

મતદાનની પવિત્ર ફરજ નિભાવીએ

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૩ એપ્રિલ, ૨૦૨૬ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૯૭◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ - ૭ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૬૪૭૭૪ ◆ ફેક્સ: ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## બે રાજ્યોમાં બમ્પર મતદાનની શક્યતા : પ્રથમ બે કલાકમાં ૧૯થી૨૧ ટકા વોટીંગ

# પ.બંગાળ-તામિલનાડુમા લોકશાહીના પર્વનો ઉત્સાહ







## મતદાન વચ્ચે મુર્શીદાબાદમાં મચી બબાલ

**ટીએસી-હુમાયુ કબીરના સમર્થકો વચ્ચે ઘર્ષણ : ડખ્ખા બાદ હુમાયુ કબીર બેઠા ધરણા પર : સુરક્ષા કાફલો ખડકી દેવાયો**

કોલકત્તા : બે રાજયોમાં આજ રોજ મતદાન ચાલી રહ્યુ છે ત્યારે પ્રથમ તબક્કાનું મતદાન પશ્ચિમ બંગાળમાં થવા પામી રહ્યુ છે અને ત્યાં આજ રોજ મતદાન દરમ્યાન મુશીદાબાદમાં બબાલ થવા પામી છે. ટીએમસી અને હુમાયુ કબીરના સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું છે. બન્ને દ્વારા આમને સામને સુત્રોચ્ચાર કરવામા આવ્યા હતા. હુમાયુ કબીર ઘર્ષણ બાદ ધરણા પર બેસી ગયા હતા. અહી મોટી સંખ્યામાં સુરક્ષા કાફલો ખડકી દેવામા આવ્યો છે.

## બંગાળમાં મતદાન બાદ કોણે શું કહ્યું..!

● "આ બંગાળને બચાવવાની લડાઈ છે,": **અગ્નિમિત્રા પોલ** ● "ઉત્તર અને દક્ષિણ બંગાળમાંથી જીતનો માર્ગ સ્પષ્ટ થશે." : **દીલીપ ઘોષ** - "આ પહેલી વાર છે જ્યારે મારી પાર્ટી ચૂંટણી લડી રહી છે, : **હુમાયુ કબીર** ● "આપણે હિન્દુ છીએ, આપણે સનાતન છીએ.મતદાન શાંતિપૂર્ણ રીતે થવું જોઈએ : **સુવેન્દુ અધિકારી**

તામિલનાડુમાં આજે એક જ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. તેના માટે મતદાન શરૂ થઈ ચૂક્યું છે. જ્યારે કે પશ્ચિમ બંગાળમાં પહેલા ચરણ માટેનું મતદાન આજે છે. જેમાં ૧૫૨ બેઠકો માટેની ચૂંટણી થઈ રહી છે. મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. ઉપરાંત, જે લોકો સાંજે ૬ વાગ્યા પહેલા મતદાન મથકમાં પ્રવેશ કરશે તેમને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે. તામિલનાડુમાં કુલ ૪,૦૨૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાંથી ૩,૫૭૯ પુરુષો અને ૪૪૩ મહિલાઓ તથા એક ટ્રાન્સજેન્ડર છે.ગત વિધાનસભા ચૂંટણીથી માંડીને અત્યાર સુધી આ રાજ્યમાં ભાજપ અને શાસક પક્ષ તૃણમૂલ કૉંગ્રેસનો ગજબ ગજગ્રાહ જોવા મળ્યો છે.આ વખતે આ સ્પર્ધા તેની ચરમસીમાએ પહોંચવાનું મનાઈ રહ્યું છે.આ ચૂંટણીમાં રાજ્યના મુદ્દાઓ અંગે વાત કરીએ તો મતદારયાદીમાં ફેરફાર વર્ષ ૨૦૨૬ની ચૂંટણીનું સૌથી વિવાદાસ્પદ પાસું બની ગયું છે.સ્વતંત્રતા બાદ આ પ્રથમ વખત બની રહ્યું છે કે પશ્ચિમ બંગાળમાં કુલ મતદારોની સંખ્યા ગત ચૂંટણીની સરખામણીએ ઘટી છે.રાજ્યમાં એસઆઈઆરની પ્રક્રિયા બાદ પશ્ચિમ બંગાળની મતદારયાદીમાંથી લગભગ ૯૧ લાખ મતદારોનાં નામ હઠાવી દેવાયાં છે. આ સંખ્યા રાજ્યના કુલ મતદારોના લગભગ ૧૨ ટકા જેટલી છે.

એક તરફ રાજ્યની પ્રમુખ વિપક્ષની પાર્ટી ભાજપનું કહેવું છે એસઆઈઆરની પ્રક્રિયા જરૂરી હતી, જેથી બાંગ્લાદેશ અને મ્યાનમાર જેવા દેશોથી આવેલા "ઘૂષણખોરો"

અનુસંધાન પાના નં.૪ પર


## માતાઓ અને દીકરીઓની સુરક્ષા માટે મતદાન કરો

### મોદી-શાહે પશ્ચિમ બંગાલ-તમિલનાડુના મતદાતાઓને કરી અપીલ



નવી દિલ્હી :તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં આજે શરૂ થયેલ મતદાનને લઈને પીએમ મોદી અને ગૃહમંત્રી અમિતશાહે લોકોને મતદાન કરવા અપીલ કરી.પીએમ મોદીએ ઠ પરની એક પોસ્ટમાં લોકોને મોટી સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરી હતી. હું પશ્ચિમ બંગાળ અને તમિલનાડુના તમામ મતદારોને લોકશાહીના આ પવિત્ર કર્તવ્યમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા હાકલ કરું છું. હું ખાસ કરીને તમિલનાડુ અને પશ્ચિમ બંગાળના યુવાનો અને મહિલાઓને બહાર આવીને રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા વિનંતી કરું છું, પીએમ મોદીએ કહ્યું.ગૃહમંત્રી અમિત શાહે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કહ્યું, "આજે બંગાળમાં મતદાનનો પ્રથમ તબક્કો છે. આ બંગાળની ચૂંટણી રાજ્યના વર્તમાન અને ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે. મજબૂત નેતૃત્વ ધરાવતી સરકાર જ રાજ્યને ઘૂસણખોરો, સિન્ડિકેટ અને કટ-મની શાસનથી મુક્ત કરી શકે છે જે બંગાળની વસ્તી વિષયકતાને બદલી રહ્યા છે. બંગાળની માતાઓ અને પુત્રીઓ માટે સુરક્ષિત બંગાળ બનાવવા માટે આજે મોટી સંખ્યામાં મતદાન કરો. બધા મતદારો, ખાસ કરીને યુવાનોએ, સમૃદ્ધ અને વિકસિત બંગાળ બનાવવા માટે પહેલા મતદાન કરવું જોઈએ, પછી નાસ્તો લેવો જોઈએ.

## ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીનો જંગ : મતદાન શરૂ



**ભાજપના ઉમેદવાર હર્ષદ પરમારે કહ્યું, આ વિસ્તારના પ્રશ્નોનો નિકાલ કરવા પ્રયાસો કરીશ**

ગાંધીનગર: આણંદ જિલ્લા ની ઉમરેઠ વિધાનસભા બેઠક ની પેટા ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે. સવારે ૭ વાગ્યા થી જ મતદારોએ મતદાન મથકો પર લાંબી લાઈનો લગાવીને શાંતિપૂર્ણ રીતે મતદાન કરી રહ્યા છે. પ્રથમ બે કલાકમાં અંદાજે ૧૦ ટકા મતદાન નોંધાયું હોવાના પ્રાથમિક અહેવાલો મળી રહ્યા છે. આણંદ જિલ્લાની ખાલી પડેલી ઉમરેઠ વિધાનસભા બેઠક ની આજે પેટા ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર છે. ઉમરેઠ વિધાનસભા બેઠક પર આજે સવારે ૭:૦૦ વાગ્યાથી શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે સવારે સાત વાગ્યાથી ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે.આજે યોજાયેલી ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ઉમરેઠ તાલુકો અને આણંદ ગ્રામ્ય વિસ્તારના મળીને કુલ ૪૬ ગામોનો સમાવેશ થાય છે અને ૦૩ નગરપાલિકાઓ ઓડ, ઉમરેઠ અને બોરીયાવીનો પણ સમાવેશ થાય છે. આ પેટાચૂંટણીમાં કુલ ૦૬ હરીફ ઉમેદવારો મેદાનમાં છે. તદુપરાંત ૧૮થી ૧૯ વર્ષની વય ધરાવતા ૪,૧૭૪ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે. જ્યારે ૮૫ વર્ષ કરતા વધુ વયના સુપર સિનિયર સિટીઝન ૧,૫૫૬ મતદારો પણ પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. આ ઉપરાંત ૧,૫૪૬ જેટલા દિવ્યાંગ મતદારો પણ મતદાન કરશે. જ્યારે ૮૫ વર્ષથી વધુ વયના ૮૮ અને ૧૩ દિવ્યાંગો ઘરેથી મતદાન કરી ચુક્યા છે. આમ ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ૧,૨૬,૫૪૫ પુરુષ મતદારો, ૧,૧૯,૦૭૨ મહિલા મતદારો અને અન્ય ૦૬ મતદારો મળીને કુલ ૨,૪૫,૬૨૩ મતદારો નોંધાયા છે. આજે યોજાયેલી પેટા ચૂંટણીમાં કુલ ૨,૪૫,૬૨૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવારોના ભાવિ ઈવીએમ મશીનમાં સીલ કરશે. ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં ૬૮ મતદાન મથકો અને ગ્રામ્ય

અનુસંધાન પાના નં.૪ પર

## મતદાનના દિવસે ૪૨ ડિગ્રીની આગાહી ઉમેદવારોને અત્યારથી પસીનો છૂટયો

**વેકેશન હોઈ મતદારો ફરવા જશે અને લગ્નસરાની સિઝન પણ છે ત્યારે ગરમીએ ઉમેદવારોની ચિંતા વધારી : ઓછું મતદાન થાય તો સીધો જ ફાયદો કૌંગ્રેસને થવાનું રાજકીય પંડીતોનું ગણિત**

વડોદરા : આગામી તા.૨૮ એપ્રિલે વડોદરા મ્યુનિ. કોર્પોરેશન સહિત આખા રાજ્યમાં મહાનગર પાલિકાઓ, નગર પાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણી યોજાવાની છે ત્યારે તે દિવસે વડોદરામાં ૪૨ ડિગ્રી ગરમી રહેવાની હવામાન ખાતાની આગાહી આવતા જ ઉમેદવારોને અત્યારથી જ પસીનો છૂટવા લાગ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તા.૨૯મી એપ્રિલે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની પણ સામાન્ય ચૂંટણી યોજાવાની છે. એવામાં ભાજપે જે રીતે સંપૂર્ણ નહી પરંતુ મહદઅંશે નો રીપીટ થીયરી અપનાવેલી છે, જેમાં નવા ચહેરાઓ આગળના કોર્પોરેટરોએ નાહી કરેલા કામોને લઈને પ્રજાના રોષનો ભોગ બની રહ્યાં છે. રોજ નવા નવા વિસ્તારોમાં ભાજપ સામે વિરોધ અને વિવાદ અસારી આવતા જ જાય છે. એવામાં મોજ કરો કરવા માટે ભાજપ કામે લાગેલી છે, તેમ છતાં ૨૬ એપ્રિલની તારીખ ભાજપ માટે ચિંતાનુ ઘર બનેલી છે.

આમ તો, છેલ્લા ૩૦ વર્ષથી સત્તા પર સહેવી ભાજપ માટે ચૂંટણી જીતવી કાંઈ મુશ્કેલ નથી, પરંતુ આ સમય શાળાઓમાં વેકેશનનો છે, જેથી મતદારો બાળકોને લઈને ફરવા બહાર જતા રહેશે તે સ્વાભાવિક છે. એવામાં લગ્નસરાની સિઝન પણ છે. ત્યારે ૨૬મીએ સુર્યનારાયણનો તાપ કેવો રહેશે ? તેને લઈને ભાજપ છેલ્લા ઘણા સમયથી અંદરથી ચિંતિત છે.

એવામાં હવામાન વિભાગે કરેલી આગાહી ભાજપને અત્યારથી જ પસીનો છોડાવી રહી છે. કારણ કે, છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી નીચે છે. એ પછી આજે ૩૯.

અનુસંધાન પાના નં.૪ પર

## યુદ્ધનો અંત માત્ર ટ્રમ્પ જ નક્કી કરશે

વોશિંગ્ટન,: અમેરિકાએ સાફ કરી દીધું છે કે, પ. એશિયામાં ઈરાન સાથેનો સંઘર્ષ ક્યાં સુધી ચાલશે, તેને લઈને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતે નિર્ણય લેશે. આ બાબતમાં ટ્રમ્પે કોઈ ટાઈમલાઈન નક્કી કરી નથી, પરંતુ સંઘર્ષનો અંત અમેરિકાના રાષ્ટ્રીય હિતો અને ત્યાંના લોકોની ભલાઈના આધારે નક્કી થશે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે, વર્તમાન સમયમાં સૈન્ય અને જમીની હુમલાઓ પર સીઝફાયર લાગુ છે, જ્યારે અમેરિકા ઈરાન તરફથી શાંતિ પ્રસ્તાવની રાહ જોઈ રહ્યું છે.વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે બુધવારે વોશિંગ્ટનમાં એક

અનુસંધાન પાના નં.૪ પર

## દેશવાસીઓ સાવધાન :૨૯મી બાદ ઈંધણના ભાવમાં ૨૫થી ૩૦નો ઝીંકાશે ભાવવધારો

**વિધાનસભા ચૂંટણીમાં મતદાનનો અંતિમ તબક્કો ૨૯ એપ્રિલે યોજાવાનો છેઃ ત્યારબાદ, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે**

નવી દિલ્હી : ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થયો છે. ગયા મહિને, તે પ્રતિ બેરલ ૧૨૦ ની નજીક પહોંચી ગયો હતો, જે ચાર વર્ષમાં તેનો સૌથી ઊંચો સ્તર હતો. હાલમાં, તે પ્રતિ બેરલ ઈ૧૦૦ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. જોકે, ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી, જેના કારણે કંપનીઓનું નુકસાન વધી રહ્યું છે. સ્થાનિક બ્રોકરેજ ફર્મ કોટક ઇન્સ્ટિટ્યૂશનલ ઇક્વિટીઝના જણાવ્યા અનુસાર, વિધાનસભા ચૂંટણી પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨૫ થી ૨૮ રૂપિયાનો વધારો થઈ શકે છે. તમિલનાડુની બધી બેઠકો માટે આજે મતદાન થઈ રહ્યું છે, જ્યારે પ.બંગાળની ૧૫૨ બેઠકો માટે મતદાનનો પ્રથમ તબક્કો થઈ રહ્યો છે.

ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગ અવરોધાઈ ગયું છે, જેના કારણે વૈશ્વિક તેલ સંકટ સર્જાયું છે. આનું કારણ એ છે કે વિશ્વના લગભગ ૨૦% ક્રૂડ ઓઈલ આ માર્ગેથી પસાર થાય છે. પુરવઠામાં વિક્ષેપને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે, જેના કારણે ભારતના આયાત બિલમાં વધારો થયો છે, કારણ કે માર્ચ અને એપ્રિલમાં ભારતીય ક્રૂડ બાસ્કેટમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. આયાતમાં ૧૩ થી ૧૫ ટકાનો ઘટાડો થયો હોવા છતાં, આપણા દૈનિક ક્રૂડ



આયાત બિલમાં ૧૯૦ ડોલરનો વધારો થઈને ૨૧૦ મિલિયન ડોલર થઈ ગયા છે.

જોકે, દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ

અનુસંધાન પાના નં.૪ પર

## હોર્મુઝમાં નવું સંકટ! : ભારતની પણ ચિંતા વધી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ એશિયામાં ભભૂકેલી યુદ્ધની જ્વાળાઓ હવે વૈશ્વિક ઉર્જા સંકટ તરફ દોરી રહી છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ એનર્જી કોરિડોર ગણાતા હોર્મુઝ સ્ટ્રેટને લઈને અમેરિકાના પેન્ટાગોને એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પેન્ટાગોનના મતે, ઈરાને આ દરિયાઈ માર્ગમાં મોટી સંખ્યામાં ખતરનાક સી-માઈન્સ બિછાવી દીધી છે, જેને સાફ કરવામાં યુદ્ધ સમાપ્ત થયા પછી પણ ઓછામાં ઓછા ૬ મહિનાનો સમય લાગી શકે છે.ઈરાન જાણી જોઈને આ સાંકડા સમુદ્રી માર્ગને બંધ રાખવા માટે તમામ પ્રયાસો કરી રહ્યું છે, જેથી તે પોતાની શરતો પર અમેરિકા અને અન્ય દેશો સાથે સોદાબાજી કરી શકે. પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી બીજા તબક્કાની મંત્રણા પણ હાલ અટકી પડી છે.હાઉસ આર્મ્ડ સર્વિસીસ કમિટીના સભ્યો સાથે શેર કરવામાં આવેલી રિપોર્ટ મુજબ ઈરાને હોર્મુઝમાં અંદાજે ૨૦ કે તેથી વધુ અત્યાધુનિક સી-માઈન્સ બિછાવી છે. આમાંથી કેટલીક માઈન્સ એવી ટેકનોલોજીથી સજ્જ છે, જેને રિમોટ કંટ્રોલ દ્વારા ગમે ત્યારે છોડી શકાય છે. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલના જણાવ્યા અનુસાર, આ માર્ગને ૬ મહિના સુધી બંધ રાખવો અસંભવ છે, પરંતુ તેને સુરક્ષિત બનાવવો એ એક મોટો પડકાર છે.ભારત માટે આ સમાચાર માથાના દુઃખાવા સમાન છે. ભારતનો તેલ અને ગેસ સપ્લાય ચેઈનનો મોટો હિસ્સો ખાડી દેશોમાંથી હોર્મુઝ થઈને જ આવે છે. જો આ માર્ગ લાંબો સમય પ્રભાવિત રહેશે, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે અને અર્થતંત્ર પર તેની વિપરીત અસર પડી શકે છે.

### તિકડમ !

– દેવેન વ્યાસ



**ઉનાળાની ગરમીના બહાને પતિ સાથે ઝગડો કરી લેવાનું રાખ, આનંદ રહેશે !**

## શેરબજારમાં આજે મોટો કડાકો

મુંબઈ: વૈશ્વિક સ્તરે ઈરાન અને અમેરિકા વચ્ચેના વધતા તણાવની સીધી અસર ભારતીય શેરબજાર પર જોવા મળી છે. હોર્મુઝની સામુદ્રધુની માં ઈરાન દ્વારા જહાજોને નિશાન બનાવી કબજે કરવાના અહેવાલોથી ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો આવ્યો છે, જેના પગલે આજે પ્રી-ઓપન સેશનમાં જ સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં ખૂલ્યા છે.પ્રી-ઓપનિંગમાં સેન્સેક્સ ૬૬૫.૫૦ પોઈન્ટ તૂટીને ૭૭,૮૫૧.૪૩ પર ટ્રેડ કરી રહ્યો હતો.

## ૨૦૨૬માં ભારતીય અર્થતંત્રના વિકાસનો વૃદ્ધિદર ૬.૪ ટકા

નવીદિલ્હી : ઈઝરાયલ-અમેરિકા-ઈરાન અને રશિયા-યુક્રેન જેવાં વિશ્વભરમાં ચાલી રહેલાં અનેક યુદ્ધો અને પ્રતિકૂળ વૈશ્વિક પરિસ્થિતિઓ છતાં ભારતનું અર્થતંત્ર ૨૦૨૬ અને ૨૦૨૭માં સૌથી ઝડપી ગતિએ વૃદ્ધિ પામશે. નિષ્ણાતોના અંદાજના આધારે યુનાઈટેડ નેશન્સના એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભારત વિશ્વનું વિકાસ એન્જિન બન્યું છે.ભારતનું અર્થતંત્ર આ વર્ષે ૬.૪ ટકા અને ૨૦૨૭માં ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામશે. આ અંદાજે વિશ્વના ઘણા દેશોને આશ્ચર્યચકિત કરી દીધા છે. આ અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે.યુનાઈટેડ નેશન્સ ઈકૉનૉમિક ઍન્ડ સોશ્યલ કમિશન ફૉર એશિયા ઍન્ડ ધ પૅસિફિક એ જાહેર કરેલા એના 'ESCAP-2026' અહેવાલમાં જણાવ્યું હતું કે અમેરિકાની ટૅરિફથી પણ ભારતને ખાસ નુકસાન થયું નથી. જોકે ૨૦૨૫ના બીજા ભાગમાં ભારતની આર્થિક પ્રવૃત્તિ થોડી ધીમી પડી ગઈ હતી, કારણ કે ટ્રમ્પે ઑગસ્ટ ૨૦૨૫માં ભારત પર ૫૦ ટકા ટૅરિફ લાદી હતી એના પરિણામે અમેરિકામાં નિકાસમાં પચીસ ટકાનો ઘટાડો થયો હતો છતાં સર્વિસ સેક્ટર ભારતના વિકાસનો મુખ્ય આધાર રહ્યો હતો.આ રિપોર્ટના આધારે એવો અંદાજ માંડવામાં આવ્યો છે કે પડકારજનક વૈશ્વિક પરિસ્થિતિઓ છતાં ભારતમાં ફુગાવો આ વર્ષે ૪.૪ ટકા અને ૨૦૨૭માં ૪.૩ ટકા રહેવાની ધારણા છે.

## ડોલર સામે રૂપિયો લાચારઃ સતત ત્રીજા દિવસે ગાબડું

આંતરબેંક વિદેશી હૂંડિયામણ બજારમાં બુધવારે રૂપિયામાં ૩૯ પૈસાનો મોટો ઘટાડો નોંધાયો હતો, જેના કારણે રૂપિયો અમેરિકી ડોલર સામે ૯૩.૮૩ (કામચલાઉ) પર બંધ રહ્યો હતો. માત્ર છેલ્લા ત્રણ દિવસમાં જ રૂપિયામાં કુલ ૯૨ પૈસાનો જંગી ઘટાડો જોવા મળ્યો છે. રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડો કરન્સી માર્કેટના આંકડા મુજબ રૂપિયાની સફર નીચે મુજબ રહી સોમવાર: ૨૫ પૈસાનો ઘટાડો. મંગળવાર: ૨૮ પૈસા ઘટીને ૯૩.૪૪ પર બંધ.

## મિર્ઝાપુરમાં કાળજું ધ્રુજાવી દેનારી ઘટના : ૧૧ના મોતથી અરેરાટી

(એજન્સી દ્વારા)

લખનઉ : ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં બુધવારની રાત્રે એક કાળજું ધ્રુજાવી દેનારી ઘટના સામે આવી છે, જેમાં માસૂમ બાળક સહિત કુલ ૧૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મિર્ઝાપુર-રીવા રાષ્ટ્રીય રાજમાર્ગ પર ડ્રમડગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક બેકાબૂ બનેલા ટ્રેલરે હસતા-રમતા પરિવારની ખુશીઓને માતમમાં ફેરવી દીધી હતી.

રાત્રે આશરે સાડા નવ વાગ્યાના સુમારે મધ્યપ્રદેશથી કપચી ભરીને આવી રહેલા એક ટ્રેકની બ્રેક અચાનક ફેલ થઈ ગઈ હતી. ઢાળ પર ટ્રકએ કાબૂ ગુમાવતા તેણે પહેલા એક સ્વિફ્ટ કારને અડફેટે લીધી અને ત્યારબાદ સામેથી આવતા એક ટ્રક સાથે ધડાકાભેર અથડાયો હતો. આ જ સમયે પાછળથી આવી રહેલી એક બોલેરો કાર સીધી ટ્રકમાં ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બોલેરોમાં જોતજોતામાં ભીષણ આગ ફાટી નીકળી હતી.આ દુર્ઘટનામાં સૌથી વધુ નુકસાન બોલેરોમાં સવાર પરિવારને થયું હતું.

# ભાજપ વિકાસની સુનિશ્ચિતતા સાથે કાયદો વ્યવસ્થાની સ્થિતિ મજબૂત રાખવા કટિબદ્ધ : હર્ષ સંઘવી













## નાયબ મુખ્યમંત્રીના રોડ-શોને ભુજમાં ભવ્ય આવકાર : ભુજના માર્ગો પર હકડેઠઠ મેદની, ઢોલીઓના નગારે નાદ, ઠેકઠેકાણે પુષ્પોની વર્ષા અને રાસમંડળીની રંગત વચ્ચે સંપન્ન થઈ રેલી

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ બરોબરનો જામ્યો હોવાની સાબિતીરૂપ બુધવારે સાંજે યોજાયેલી ગુજરાતના યુવા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ભવ્ય રેલીના સફળ આયોજન સાથે ભારતીય જનતા પાર્ટીએ સમગ્ર ભુજને જાણે મુખ્ય માર્ગો પર લાવી દીધું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને આડે હવે ત્રણ દિવસ રહ્યા છે ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ભાજપના ચૂંટણી પ્રચાર જંગને વેગ આપવા ભુજ પધાર્યા હતા અને ભુજમાં એક પ્રચંડ રોડ શો, બાઈક રેલીના આયોજન થકી સમગ્ર શહેરનો ચૂંટણીમય માહોલ જાણે સંપૂર્ણપણે ભાજપ મય બનાવી દીધો હતો. કચ્છ જીલ્લા ભાજપ સંગઠન અને ભુજ શહેર ભાજપ સંગઠન દ્વારા કરાયેલ આયોજનને અત્યંત ભવ્ય અને અભૂતપૂર્વ સફળતા મળી હતી.

જ્યુબિલી ગ્રાઉન્ડથી રોડ-શોના પ્રસ્થાન પૂર્વ નાયબ મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કરાયું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરી, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી સહિત જિલ્લો ભાજપના હોદ્દેદારોએ તેમનું ભાવભીનું અભિવાદન કર્યું હતું જ્યારે શ્રી સંઘવીએ આ પ્રસંગે બિરાજમાન ભુજ નરનારાયણ દેવ મંદિરના સંતોનું બહુમાન કરી તેઓના આશીર્વાદ મેળવ્યા હતા.

જ્યુબિલી ગ્રાઉન્ડથી શરૂ થયેલા રોડ-શોને ઠેરઠેર ભવ્ય ઉત્સાહ સાથે વધાવાયો હતો. રોડ-શોના પ્રારંભે જ જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે ભુજ શહેર વોર્ડ નંબર ૯ ના ચારેય ઉમેદવારો સાથે ભુજ જૈન સમાજ દ્વારા નાયબ મુખ્યમંત્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વોર્ડ ૭ અને ૮ ના ઉમેદવારો સહિત રબારી સમાજના ભાઈઓએ પણ નાયબ મુખ્યમંત્રીનું અભિવાદન કર્યું હતું. ડો. પી.એન. આચાર્યના દવાખાના પાસે પહોંચતાં હર્ષભાઈનું અભિવાદન ડો. મુકેશભાઈ ચંદેના નેતૃત્વમાં લોહાણા સમાજે ભવ્ય રીતે કર્યું હતું. ભાનુશાલી બોર્ડિંગ પાસે ભાનુશાલી સમાજે, વિજયનગર પાસે ક્ષત્રિય સમાજ દ્વારા, કવિઓ પાસે જિગરભાઈ છેડા દ્વારા અભિવાદન કરાયું હતું. આ દરમ્યાન હોર્ડિંગ્સ પરથી પ્રશાંતભાઈ સોલગામા અને સાથીઓ દ્વારા સતત પુષ્પવર્ષા ચાલુ રહી હતી.

રેલી ડો. દિલ્હીવાલા હોસ્પિટલ નજીક પહોંચી ત્યારે સોની સમાજ દ્વારા, કેડીસીસી બેન્ક પાસે અખિલ કચ્છ ચારણ સભાના પ્રમુખ દેવરાજભાઈ ગઢવીની સાથે સમગ્ર ગઢવી સમાજ દ્વારા, અંબેમાના મંદિર પાસે મહેશ્વરી સમાજ અને અનુસૂચિત મોરચા દ્વારા, લાયન્સ હૉલ પાસે અભયભાઈ શાહ અને વિજયભાઈ દ્વારા, રાજારામ કોમ્પ્લેક્ષ પાસે આઈએમએ પ્રમુખ ડો. લવ કાતિરા દ્વારા, ડો. વી.એચ.પટેલ હોસ્પિટલ પાસે ભીલ સમાજ, નટ સમાજ, દેવીપૂજક સમાજ દ્વારા, વોડાફોન સ્ટોર પાસે સમગ્ર જૈન સમાજ દ્વારા લાલ ટેકરી પાસે પૂર્વ નગરસેવક રાજેશભાઈ ગોર અને ધીરેનભાઈ ઠક્કર દ્વારા, ભાવેશ્વર નગર પાસે લઘુમતી મોરચા દ્વારા, ભૂધરમલ પેટ્રોલ પંપ પાસે પટેલ સમાજ દ્વારા રેલીના વધામણા કરવામાં આવ્યા હતા અને શ્રી સંઘવીને સન્માનવામાં આવ્યા હતા. અનમ રિંગરોડ શરૂ થતાં ગોસ્વામી સમાજ દ્વારા, કચ્છ બંધેજથી વાણિયાવાડ સુધી વોકળા ફળિયા વેપારી એસોસિએશન દ્વારા, ધાટીયાં ફળિયા પાસે ભીડ ફળિયા ગણેશ મંડળ દ્વારા, ફરસાણી દુનિયા પાસે રાજપૂત સમાજ દ્વારા, વ્હાઈટ બિલ્ડિંગ પાસે ભદ્રેશભાઈ મહેતા અને બુલિયન એસોસિએશન દ્વારા, શેઠિયા સમાજ વાડી પાસે વ્હોરા સમાજ દ્વારા, કિશન ચિક્કી પાસે હાંડલા ગરબી મંડળ અને ખત્રી સમાજ દ્વારા, તળાવ શેરી પાસે દરજી સમાજ અને બ્રહ્મ સમાજ દ્વારા, દર્શન એન્જિનિયરિંગથી સંસ્કૃત ભારતીના માર્ગે નાગર સમાજ અને છઠ્ઠીબારી વેપારી એસોસિએશન દ્વારા, અને અંતે રેલીના સમાપન સ્થળ પૂજારા ટેલિકોમ પાસે ભુજ ચેમ્બર ઓફ કોમર્સ અને રબારી સમાજ દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રી અને અગ્રણીઓનું ઉત્સાહપૂર્વક અભિવાદન કરાયું હતું.

રોડ-શો ના સમાપન બાદ હર્ષભાઈ સંઘવીએ ઉપસ્થિત સૌને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસીઓ તેમની અનેક વર્ષોની સરકારમાં વીજળી, પાણી, રસ્તા જેવી મૂળભૂત સુવિધાઓ પણ નહોતા અપાવી શક્યા જ્યારે ભાજપાના શાસનમાં આ મૂળભૂત સુવિધાઓ તો ઉપલબ્ધ બની જ છે અને સાથે રાજ્યનો સર્વાંગી વિકાસ પણ થયો છે.

અસામાજિક તત્ત્વો અને અપરાધીઓની ગેરકાયદેસર મિલકતો અને દબાણો ઉપર આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું બુલ્ડોઝર ફરી રહ્યું છે. ભાજપાની સરકાર વિકાસની સુનિશ્ચિતતા સાથે કાયદા વ્યવસ્થાની સ્થિતિ મજબૂત રાખવા માટે કટિબદ્ધ છે. તેઓએ સૌને સ્થાનિક વિસ્તાર, જિલ્લા અને સમગ્ર રાજ્યમાં વિકાસની ગતિને વેગ આપવા માટે તમામ સ્થાનોએ કમળ ખીલવવા નાગરિકોને આહ્વાન કર્યું હતું. આ ભવ્ય રોડ-શોને અભૂતપૂર્વ સફળતા મળી તે માટે ભુજ શહેર ભાજપ અધ્યક્ષ મીતભાઈ ઠક્કર અને શહેર સંગઠનની સમગ્ર ટીમ, સંગઠનના વિવિધ પદાધિકારીઓ, પૂર્વ નગરસેવકો સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારોએ ખુબ જહેમત ઉઠાવી હતી. આ અવસરે વિવિધ ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ, વિવિધ વ્યાપારી મંડળોના આગેવાનો અને અસંખ્ય કાર્યકરો સાથે ભુજના વિવિધ સમાજના આગેવાનએ અત્યંત જોમ અને જુસ્સાથી ભાગ લીધો હોવાનું કચ્છ જીલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

## ભુજ નગરપાલિકાના કર્મચારીઓએ આગામી ૨૫મી સુધીમાં જન્મનું પ્રમાણપત્ર જમા કરાવવા આદેશ

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરીને પાલિકાની વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને પાયાના દસ્તાવેજો જમા કરાવવા સૂચના આપવામાં આવી છે.

**નગરપાલિકામાં કેટલાક કર્મચારીઓ વયમર્યાદાથી વધુ હોવા છતાં કામ કરતા હોવાની ચર્ચા દરમ્યાન ચીફ ઓફિસરના આ પરિપત્રએ નગરપાલિકામાં ગરમી પકડી**

આ આદેશ અનુસાર ફિક્સ પગારદાર, રોજમદાર તેમજ વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ કાયમી કર્મચારીઓએ પોતાનું જન્મનું પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને આધારકાર્ડની નકલ આગામી તારીખ ૨૫/૦૪/૨૬ પહેલા મહેકમ શાખામાં ફરજિયાતપણે જમા કરાવવાની રહેશે. નગરપાલિકાના મુખ્ય અધિકારી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે કર્મચારીઓ આ નિર્ધારિત સમયમર્યાદામાં પોતાના પુરાવા રજૂ નહીં કરે, તેઓનો આગામી મહિનાનો પગાર આ દસ્તાવેજો જમા થયા બાદ જ કરવામાં આવશે. વહીવટી પ્રક્રિયાના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયને પગલે પાલિકાની તમામ બ્રાન્ચના વડાઓને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા આદેશ અપાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નગરપાલિકામાં કેટલાક કર્મચારીઓ વયમર્યાદાથી વધુ હોવા છતાં કામ કરતા હોવાની ચર્ચા દરમ્યાન ચીફ ઓફિસરના આ પરિપત્રએ નગરપાલિકામાં ગરમી પકડી છે.

## ખડીર વિસ્તારમાં આશાવર્કરની ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવાઈ

ભુજ - કચ્છ ઉદય : ખડીર વિસ્તારમાં આશા વર્કરની ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી હેરાન - પરેશાન કરવામાં આવતા મામલો પોલીસ ચોપડે ચડ્યો હતો. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ભોગ બનનારે ખડીર પોલીસમાં જણાવ્યું કે, આરોપીએ ફરિયાદીને હેરાન કરવાના ઈરાદે સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામમાં ત્રણ અલગ અલગ ફેક આઈડી બનાવી હતી. તેમાં ફોટા પર ખરાબ લખાણ લખી ઈન્સ્ટાગ્રામ

**હેરાન - પરેશાન કરવાના ઈરાદે ફોટા એડીટ કરી શેર કરાયા**

આઈડીમાં સ્ટોરીમાં મૂકવામાં આવી હતી. ફરિયાદી અને પરિવારના સભ્યોને સમાજમાં બદનામ કરવાના ઈરાદે અને હેરાન - પરેશાન કરવાના ઈરાદે ફોટા એડીટ કરી ફેક ઈન્સ્ટાગ્રામ આઈડીમાં શેર કરવામાં આવતા ગુનો દાખલ કરાયો હતો.

## એવી જોષી પુલ ઉતરતા વાહન હડફેટે યુવાનનું મોત

ગાંધીધામ - કચ્છ ઉદય: ગાંધીધામથી ભચાઉ જતા નેશનલ હાઈવે પર એવી જોષી પુલ ઉતરતા સોઢા ટી સ્ટોલ સામે અકસ્માત થયો હતો. કોઈ અજાણ્યા વાહનના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી કોઈ અજાણ્યા ૩૦ થી ૩૫ વર્ષના યુવાનને હડફેટે લેતા મોત થયું હતું. પોલીસે ઓળખના ચક્રો ગતિમાન કર્યા છે. સરકાર તરફે બી-ડિવિઝનમાં ગુનો દાખલ કરાવાયો છે.

## ભચાઉના છાડવાળા ગામે સોલાર પ્લાન્ટમાં ભીષણ આગ, ૪ કલાકની જહેમત બાદ કાબૂ




ભચાઉ - કચ્છઉદય : તાલુકાના છાડવાળા ગામે આવેલ સોલાર પાવર પ્લાન્ટમાં આજે ભીષણ આગ લાગતા વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. ૧૧૨ પર કોલ મળતા જ ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ટીમ સ્થળ પર પહોંચતા સુધી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સોલાર પેનલો તેમજ નીચે રાખેલા વેસ્ટેજ માલમાં આગ ભભૂકી ઉઠી હતી, સાથે જ મોટા ઈલેક્ટ્રિક કેબલોમાં પણ આગ ફેલાઈ ગઈ હતી. આગની ગંભીરતા જોતા નજીક આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપનીને પણ સહાય માટે જાણ કરવામાં આવી હતી. આગ ધીમે ધીમે ફેલાતી જઈને આશરે ૩ એકર વિસ્તારમાં આવેલા સૂકા ઘાસ સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે સ્થિતિ વધુ ચિંતાજનક બની હતી. જોકે, ભચાઉ ફાયર ટીમ અને આરતી ઈન્ડસ્ટ્રીઝના સ્ટાફે સંયુક્ત રીતે સતત ૪ કલાકથી વધુ સમય સુધી મહેનત કરી આગ પર આખરે સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

આ કામગીરીમાં ભચાઉ ફાયર ટીમના પ્રવીણ દાફડા, કુલદીપભાઈ અને શક્તિસિંહ તેમજ આરતી ઈન્ડસ્ટ્રીઝના બળદેવભાઈ પ્રજાપતિ સહિતના સ્ટાફે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ આગના કારણે મોટા પાયે માલમત્તાનું નુકસાન થયું હોવાનું માનવામાં આવે છે.

**વિરાટ કદ, ગ્રીન પાવર જનરેશન અને ટેકનોલોજીનો કરિશ્મા**

## કચ્છના રણમાં ખીલી 'સૂર્ય-શક્તિ' : ખાવડા RE પાર્ક અર્થ ડે ૨૦૨૬ની થીમનું જીવંત ઉદાહરણ

ગાંધીધામ - કચ્છ ઉદય : આજે જ્યારે સમગ્ર વિશ્વ 'વર્લ્ડ અર્થ ડે ૨૦૨૬' ઉજવી રહ્યું છે ત્યારે ગુજરાતના કચ્છમાં આવેલું ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક વિશ્વ માટે આશાનું નવું કિરણ બનીને ઉભરી આવ્યું છે. વર્ષ ૨૦૨૬ ની થીમ 'યોર પાવર યોર પ્લેનેટ'એટલે કે આપણી પૃથ્વીને બચાવવા માટે આપણા સામર્થ્યનો ઉપયોગ કરવો, અને આ વાતને ખાવડાના રણ વિસ્તારમાં હકીકત બનાવવામાં આવી છે. એક સમયે જ્યાં માત્ર ક્ષાર અને રણ હતું, ત્યાં આજે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક આકાર લઈ ચૂક્યો છે. આ પ્રોજેક્ટમાં વિશ્વનું સૌથી મોટું ઊર્જા સામર્થ્ય કોઈ જાદુથી ઓછું નથી. વિરાટ કદ, ગ્રીન પાવર ઉત્પાદન અને ટેકનોલોજીનો કરિશ્મા આ પાર્કને શ્રેષ્ઠત્તમ બનાવે છે. કંપનીએ કરેલું ૫ મેગાવોટ (એમડબ્લ્યુ)ની ક્ષમતા ધરાવતુ મહાકાય વિન્ડ ટર્બાઈનનું કમિશનિંગ 'આત્મનિર્ભર ભારત'ની ગગનચૂંબી સફળતા છે. ૭૨૬ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો આ ખાવડાનો પાર્ક પેરિસ શહેર કરતા પાંચ ગણો મોટો છે. આ પાર્ક જ્યારે પૂર્ણ થશે ત્યારે ૩૦ થી ૪૫ ગીગાવોટ (જીડબ્લ્યુ) વીજળી પેદા કરશે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં, તેની ક્ષમતા વધીને ૯.૪ જીડબ્લ્યુ સુધી પહોંચી ગઈ છે. એઆઈ-સંચાલિત વોટરલેસ રોબોટ્સ દ્વારા સોલાર




પેનલની સફાઈ કરવામાં આવે છે, જે પાણીની અછત ધરાવતા કચ્છમાં લાખો લીટર પાણીની બચત કરે છે.

આ ટેકનોલોજી 'યોર પાવર'થીમને સાર્થક કરે છે. જ્યાં મનુષ્ય કુદરતને નુકસાન પહોંચાડ્યા વગર ઉકેલ શોધે છે. સૂર્યપ્રકાશથી સોલાર પાવર અને રાત્રિના સમયે રણના પવનથી વિન્ડ ટર્બાઈનથી ચાલતી સંપૂર્ણ ઈકોસિસ્ટમ ૨૪ કલાક પૃથ્વીને નુકસાન પહોંચાડ્યા વગર ઉર્જા પૂરી પાડે છે. આ પ્રોજેક્ટ પૃથ્વીનું રક્ષણ અને ઉજ્જવળ ભવિષ્યનો આધારસ્તંભ છે. તે માત્ર વીજળી નથી આપતો, પણ આપણી પૃથ્વીને હરિયાળી રાખવાની જવાબદારી પણ નિભાવે છે. આ પાર્ક વાર્ષિક અંદાજે ૫ કરોડ ટન કાર્બન ઉત્સર્જન ઘટાડશે, જે પૃથ્વીના તાપમાનને વધતું રોકવામાં ભારે મદદ કરશે. ખાવડા RE પાર્ક એ માત્ર ભારતનું ગૌરવ નથી, પણ તે પૃથ્વીને બચાવવા માટે યુક્તિ અને કુદરતી સંપત્તિના સંગમનું એક જીવંત ઉદાહરણ છે. આ પ્રોજેક્ટથી સ્થાનિક વિકાસને નવી પાંખો મળી છે. તેનાથી કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં ૧ લાખથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થઈ છે.

અહીં માત્ર સોલાર કે વિન્ડ પાવર જ નહીં, પણ ભવિષ્યના બળતણ એવા 'ગ્રીન હાઈડ્રોજન' પર પણ કામ શરૂ કરવામાં આવ્યું છે. ખાવડા ઈઈ પાર્ક એ વાતનું પ્રતીક છે કે જો મનુષ્ય ધારે તો કુદરતના સંસાધનો (સૂર્ય અને પવન) નો ઉપયોગ કરીને પૃથ્વીને હાનિ પહોંચાડ્યા વગર પ્રગતિ કરી શકે છે. ૨૦૨૬ નો અર્થ ડે આપણને યાદ અપાવે છે કે આપણી પાસે ટેકનોલોજી અને કુદરતી શક્તિ બંને છે. બસ, જરૂર છે તેને 'ખાવડા' જેવા મજબૂત સંકલ્પ સાથે જોડવાની.

# ગાંધીધામમાં બસ સ્ટેશન પાસે સર્જાયેલા અકસ્માતમાં ડ્રાઈવરનું મોત, પોલીસ ખો-ખોમાં વ્યસ્ત



**બસ સ્ટેશન પાસે હનુમાન મંદિરમાં ટ્રેઈલર ઘૂસી જતા ગઈકાલે મોડી રાત્રે બન્યો હતો બનાવ : કેબીનમાં ચાલક તરફડીયા મારતો રહ્યો પરંતુ પોલીસ, ફાયર સહિતના મોડેથી આવ્યા : એ અને બી -ડિવિઝન પોલીસ વચ્ચે હદ નક્કી ન થઈ**

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરમાં બસ સ્ટેશન પાસે આવેલ હનુમાન મંદિરમાં ગઈકાલે મોડી રાત્રે એક વાગ્યાના અરસામાં ટ્રેઈલર ઘૂસી જતા દબાઈ જવાના કારણે પરપ્રાંતિય ડ્રાઈવરનું મોત થયું હતું.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલે રાત્રે આ બનાવ બન્યો હતો. ટ્રક ભચાઉ તરફથી આવતી હતી અને ઝોન તરફ જતી હતી ત્યારે કોઈ કારણોસર મંદિર સાથે ગાડી ભટકાતાં બનાવ બન્યો હતો. સ્થાનિકોના કહેવા પ્રમાણે ફોન કરતા ૧૦૮ આવી હતી પરંતુ અકસ્માત એટલો ગંભીર હતો કે, ચાલક અંદર કેબીનમાં દબાઈ ગયો હતો. તેને બહાર કાઢવા માટે પોલીસ અને ફાયર વિભાગ સમયસર આવ્યા ન હતા. તરફડિયા મારીને અંતે ચાલક મોતને ભેટ્યો હોવાનું લોકોએ જણાવ્યું હતું. આજે સવારે આ બનાવ બાબતે તપાસ કરતા પોલીસ ખો આપવામાં વ્યસ્ત જણાઈ હતી. ઘટનાસ્થળેથી જાણકારોએ જણાવ્યું કે, બનાવ બી-ડિવિઝનની હદમાં આવે છે. જોકે, બી - ડિવિઝનનો સંપર્ક કરતા તેમણે બનાવ એ-ડિવિઝન આવતો હોવાનું જણાવ્યું હતું. એ-ડિવિઝન પોલીસે બનાવ અમારામાં નહીં પણ બી-ડિવિઝનમાં આવે છે. તેમ જણાવતા બપોર સુધી આ ઘટના બાબતે કોઈ નોંધ પણ પોલીસમાં દાખલ થઈ નથી. આ મંદિર રોડની વચ્ચે છે. જેથી દર વખતે પોલીસ વચ્ચે હદની વિસંગતતા બાબતે આવી પરિસ્થિતિ સર્જાય છે ત્યારે ખરેખર પોલીસે હદ નક્કી કરી લેવી જોઈએ.



ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ આજે બનાસકાંઠાના મગરવાડા ખાતે શ્રી મણિભદ્ર વીર મહારાજના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતાં અને સૌ નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

# બંગાળના કુમારગંજમાં પણ હિંસક ઘટના બની

## ભાજપના ઉમેદવાર પર થયો હુમલો

કોલકત્તા : પશ્ચીમ બંગાળમાં આજ રોજ પ્રથમ તબક્કાનું મતદાન ચાલી રહ્યુ છે તે દરમ્યાન ઠેર-ઠેર હિંસક ઘટનાઓ સામે આવી રહી છે. અહીના જ કુમારગંજમાં ભાજપ ઉમેદવાર શુભેન્દુ સરકાર પર હુમલો થવા પામ્યો છે. તેઓએ ટીએમસી કાર્યકર્તાઓ દ્વારા આ હુમલો કરાયો હોવાનો આરોપ લગાવાયો છે.

# આદિપુરમાં માલી સમાજ દ્વારા બિનહરીફ વિજેતા જ્યોતીબેન માલીનું ભવ્ય સન્માન





ગાંધીધામ - કચ્છ ઉદય : આદિપુર ખાતે માલી સમાજ દ્વારા ગૌરવપૂર્ણ સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં ગાંધીધામ મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ માં બિનહરીફ વિજયતા બનનાર અને માલી સમાજની પ્રથમ કોર્પોરેટર જ્યોતીબેન દિનેશભાઈ માલીનું હાર્દિક સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ તેમજ આગેવાનો દ્વારા ફૂલહાર અને શુભેચ્છાઓ સાથે જ્યોતીબેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિવિધ આગેવાનો સહિત સમગ્ર માલી સમાજ પરિવારના સભ્યો ઉપસ્થિત રહી આ ઐતિહાસિક સિદ્ધિને ઉજવી હતી.

આ અવસર માલી સમાજ માટે ગર્વનો ક્ષણ બની રહ્યો હતો અને સમાજની એકતા તેમજ પ્રગતિનો સંદેશ આપતો રહ્યો હતો.

# ગુજરાત બન્યું ભઠ્ઠી! આગામી ૪૮ કલાક ભારે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : છેલ્લાં બે ત્રણ દિવસથી આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યાં હોય તેવું લોકો અનુભવી રહ્યાં છે. ગુજરાત કાળઝાળ ગરમીમાં શેકાયું છે પરિણામે લોકોએ ઘરની બહાર નીકળવાનું પણ ટાળ્યું છે. શહેરોમાં વાહનોથી ધમધમતા માર્ગો પર સૂનસાન બન્યાં હતાં. ભરબપોરે જનતા કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

આ સ્થિતિમાં જો હિટસ્ટ્રોકના દર્દીઓને તાકીદે સારવાર મળી રહે તે હેતુસર રાજ્ય આરોગ્ય વિભાગે તમામ જિલ્લા અને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં હિટ મેનેજમેન્ટ રૂમ ઊભા કર્યા છે.

# આધોઈ જિ. પં બેઠકના ઉમેદવાર દ્વારા સુરક્ષા અને નિષ્પક્ષ તપાસની માંગ

ભચાઉ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતની આધોઈ બેઠકના ઉમેદવાર રાજેશભાઈ મદેવાભાઈ દેવડાએ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરી સુરક્ષાની માંગણી કરી છે. વાંઢિયા ગામના રહેવાસી અને ઉમેદવાર રાજેશભાઈએ તેમની અરજીમાં ગંભીર આક્ષેપ કર્યો છે કે, જ્યારે તેઓ પોતાના કાર્યકરો સાથે આધોઈ, લાકડીયા અને જૂના કટારિયા વિસ્તારમાં પ્રચાર કરી રહ્યા હતા, ત્યારે હરીફ ઉમેદવારના કાર્યકરોએ નંબર પ્લેટ વગરની અને કાળા કાચવાળી ગાડીઓ વડે તેમનો પીછો કરી આતંક ફેલાવ્યો હતો. આ સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં તેમના કાર્યકરોને ધાકધમકી આપવામાં આવતી હોવાનું પણ તેમણે જણાવ્યું છે. આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન થાય અને ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ રીતે સંપન્ન થાય તે માટે તેમણે પોતાના અને કાર્યકરોની જાનમાલની સુરક્ષા કાજે તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે.

# કેદારનાથ પછી, બદ્રીનાથ ધામના પણ કપાટ ખુલ્યા

નવીદિલ્હી : ઉત્તરાખંડની પ્રખ્યાત ચારધામ યાત્રા ૨૦૨૬ ભવ્યતા સાથે આગળ વધી રહી છે. કેદારનાથ ધામના કપાટ ખુલ્યા બાદ આજે વહેલી સવારે પવિત્ર બદ્રીનાથ ધામના દ્વાર પણ શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યા છે. સવારે લગભગ ૬ વાગ્યાને ૧૫ મિનિટે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર ખુલતા જ ત્યાં હાજર હજારો ભક્તો ‘જય બદ્રીવિશાલ’ના જયઘોષ સાથે ભક્તિભાવમાં તરબોળ થઈ ગયા. આ પહેલાં અક્ષય તૃતીયાના પવિત્ર દિવસે યમુનોત્રી ધામ અને ગંગોત્રી ધામના દ્વાર શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૨ એપ્રિલે કેદારનાથ ધામના કપાટ ખુલતા જ ભક્તોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. હવે બદ્રીનાથ ધામના દ્વાર ખુલતાં આ પવિત્ર ચારધામ યાત્રા સંપૂર્ણ રીતે શરૂ થઈ ગઈ છે અને દેશભરમાંથી ભક્તો મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટી રહ્યા છે.આ પવિત્ર પ્રસંગને યાદગાર બનાવવા માટે બદ્રીનાથ ધામના મંદિરને અંદાજે ૨૫ ક્વિન્ટલ ફૂલોથી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું. ગેંદા સહિત વિવિધ દેશી-વિદેશી ફૂલોની સુગંધ વચ્ચે કપાટ ખુલવાની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર પરિસર ભક્તિમય વાતાવરણથી છલકાઈ ઉઠ્યું.

# ભુજમાં વિદેશી નાગરિકનું મોત

**હતભાગી સંરક્ષણ દળ સાથે જોડાયેલા હોઈ જી.કે.માં અધિકારીઓ, જવાનોની હાજરી દેખાઈ**

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં સંરક્ષણ દળ સાથે જોડાયેલા એક વિદેશી નાગરિકનું મોત થયાની ઘટના સામે આવી છે. આ બાબતે મળતી વિગતો મુજબ હતભાગી ૫૫ વર્ષિય મૂળ વિદેશના નાગરિક છે તેઓ ભુજના એરપોર્ટ રોડની ખાનગી હોટલમાં રોકાયા હતા. તબીયત ખરાબ થતા જી.કેમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે અધિકારીઓ - કર્મચારીઓ દોડી આવ્યા હતા અને પીએમ કરાવાયું હતું. એ-ડિવિઝન પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. હતભાગી એન્જિનીયર હોવાનું જાણવા મળી રહ્યું છે. કયા કારણોસર મોત થયું તે જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ આ બનાવે ચર્ચા જગાવી હતી.

# હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતના જહાજ પર ગોળીબાર : મુંદ્રા પોર્ટ પર આવતું હતુ જહાજ હવે ઈરાન જશે

**હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની સરહદ નજીક બે કોમર્શિયલ જહાજ પર ગોળીબારની ઘટના**

**ભારત સરકાર અને વિદેશ મંત્રાલયે સંભાળ્યો મોરચો**

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની સરહદ નજીક બે કોમર્શિયલ જહાજ પર ગોળીબારની ઘટના સામે આવી છે. રોયટર્સના રિપોર્ટ મુજબ આ હુમલામાં કોઈ પણ ક્રૂ મેમ્બરને ઈજા થયાના સમાચાર નથી. રાહતની વાત એ છે કે જહાજોમાં આગ લાગવાની કે કોઈપણ પ્રકારના પર્યાવરણીય નુકસાનના અહેવાલ મળ્યા નથી. જો કે, આ પૈકી એક જહાજ ભારતનું છે, જે મુંદ્રા પોર્ટ પર આવતું હતું. રોયટર્સના હવાલાથી મળતી માહિતી અનુસાર, હોર્મુઝની ખાડીમાં ઈરાનના આઈઆરજીસી દ્વારા બે જહાજો પર ફાયરિંગ કરાયું હતું. જેમાં ભારતીય ધ્વજ ધરાવતા જહાજ સહિત એક પનામા અને એક લાઈબેરિયાનું જહાજ હતું. ઈરાનના સરકારી ટીવીના અનુસાર, બે જહાજોને કબજે કરીને ઈરાન લઈ જવાઈ રહ્યા છે. ભારતીય જહાજ એપામિનોંડાસ દુબઈથી કચ્છના મુંદ્રા આવી રહ્યું હતું. સૂત્રોના અહેવાલ અનુસાર, ઈરાને કબજે કરેલા જહાજમાં ભારતીય જહાજ પણ સામેલ છે.એક જહાજે રિપોર્ટ આપ્યો છે કે ફાયરિંગ પહેલા એક ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ ગનબોટ તેની ખૂબ નજીક આવી ગઈ હતી. આ ઘટનાઓએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગ પર સુરક્ષા સંબંધી ચિંતાઓને ફરી વધારી દીધી છે, ખાસ કરીને એવા સમયે જ્યારે મધ્ય પૂર્વમાં પહેલેથી જ અસ્થિરતા પ્રવર્તી રહી છે. રોયટર્સના જણાવ્યા અનુસાર, ઓમાનના ઉત્તર-પૂર્વમાં ગોળીબાર અને રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ થી હુમલો થયા બાદ, લાઈબેરિયાના ધ્વજ ધરાવતા એક કન્ટેનર જહાજના બ્રિજને નુકસાન પહોંચ્યું છે.

# ગુજરાત કેડરના IAS અધિકારી શ્રી મોના ખંધારની કેન્દ્ર સરકારમાં એડિશનલ સેક્રેટરી તરીકે નિમણૂક

(એજન્સી દ્વારા)


નવીદિલ્હી :અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી પદેથી દિલ્હી ખાતે બદલી કરવામાં આવી. શ્રી મોના ખંધાર કેન્દ્રમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયમાં સેવાઓ આપશે.ગુજરાત ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી, IAS શ્રી મોહમ્મદ શાહિદ હવે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનો વધારાનો હવાલો સંભાળશે.

# સરહદી જિલ્લાઓમાં ફરી સાયરન વાગશે! રાત્રે બ્લેકઆઉટ કરાશે: ભારતના ૨ રાજ્યોમાં સિવિલ ડિફેન્સ મોકડ્રિલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતની પશ્ચિમી સરહદો પર ફરી એકવાર સૈન્ય અને વહીવટીતંત્ર દ્વારા મોટા પાયે સિવિલ ડિફેન્સ મોકડ્રિલ કરવામાં આવી રહી છે. પંજાબ અને જમ્મુ-કાશ્મીરના સરહદી વિસ્તારોમાં મોટા પાયે ‘બ્લેકઆઉટ’ અને ‘એર રેડ’ જેવી સ્થિતિનો સામનો કરવા માટે મૉક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ પહલગામમાં થયેલા ભીષણ આતંકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. આ પ્રસંગે ભારતીય સેનાએ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે ‘ઓપરેશન સિંદૂર યથાવત છે...’. સેનાએ સ્પષ્ટ કર્યું છે કે ભારત વિરુદ્ધ કરાયેલા કોઈપણ કૃત્યનો હિસાબ ચોક્કસપણે લેવામાં આવશે.૨૪ એપ્રિલે પંજાબના તમામ જિલ્લાઓમાં રાત્રે ૮ વાગ્યે હાઈ-લો પિચ સાયરન વગાડવામાં આવશે અને નિર્ધારિત વિસ્તારોમાં સંપૂર્ણ બ્લેકઆઉટ કરવામાં આવશે. લુધિયાણા અને ફરીદકોટ જેવા શહેરોમાં બચાવ કામગીરીનું રિહર્સલ કરાશે.જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં ૨૩ એપ્રિલે ડેપ્યુટી કમિશનરના નેતૃત્વમાં એર રેડ ડ્રિલ યોજાશે. રામબનમાં નેશનલ હાઈવે પર મુસાફરોની સુરક્ષા માટે ખાસ મોક ડ્રિલ કરવામાં આવી છે.ગયા વર્ષે ૭ મે ૨૦૨૫ના રોજ જ્યારે ભારતે ‘ઓપરેશન સિંદૂર’ લોન્ચ કર્યું હતું, તે પહેલા પણ સરહદી વિસ્તારોમાં આ જ પ્રકારની મૉક ડ્રિલ કરવામાં આવી હતી.

# કચ્છના સુરજબારી ટોલ નાકા પર ઓવરલોડ વાહનોનું ચેકિંગ



**ટ્રાફિક જામ સાથે ભ્રષ્ટાચારના આક્ષેપોથી ખળભળાટ : રેતી અને મીઠાના ઓવરલોડ વાહનો સામેની કાર્યવાહીમાં આરટીઓ અને પોલીસની મિલીભગતથી સરકારને કરોડોનું નુકસાન થતું હોવાની ચર્ચા**

ભચાઉ - કચ્છઉદય : કચ્છના પ્રવેશદ્વાર સમાન સુરજબારી ટોલ નાકા પર છેલ્લા કેટલાક સમયથી ઓવરલોડ વાહનોનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. ટ્રાફિક અને ઓવરલોડ નિયમન અંતર્ગત હાથ ધરવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન રેતી અને મીઠું ભરીને પસાર થતા અનેક ઓવરલોડ વાહનો પકડાતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ કામગીરીને કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાઈ હતી, જેનાથી સામાન્ય વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. જોકે, ટોલ નાકાના અધિકારીઓની કુનેહપૂર્વકની કામગીરીને કારણે ટ્રાફિકના અવરોધને ઓછો કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

બીજી તરફ, આ સમગ્ર મામલે ગંભીર આક્ષેપો પણ સામે આવી રહ્યા છે. ચર્ચા મુજબ આરટીઓ અને પોલીસ વિભાગની કથિત મિલીભગતને કારણે ઓવરલોડ વાહનો બેરોકટોક પસાર થતા હોય છે, જેના પરિણામે સરકારની તિજોરીને લાખો-કરોડો રૂપિયાનો ચૂનો લાગી રહ્યો છે.

ખાસ કરીને રેતી અને મીઠાના પરિવહનમાં થતા ઓવરલોડિંગ સામે તંત્ર દ્વારા કડક હાથે કામ લેવામાં આવતા ભ્રષ્ટાચારી તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સુરજબારી ટોલ પ્લાઝા મેનેજમેન્ટ દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર યાદી મુજબ, ૨૦ એપ્રિલથી સામખિયાળીથી મોરબી તરફના માર્ગ પર ઓવરલોડિંગ સામે કલેક્શનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ટોલ પ્રશાસને જાહેર જનતાને અપીલ કરી છે કે નિર્ધારિત લોડ મુજબ જ વાહનો ચલાવી વહીવટી તંત્રને સહકાર આપે જેથી ટ્રાફિકની સમસ્યાથી બચી શકાય.

# રાપર માલી સમાજ દ્વારા જ્યોતીબેન માલીની બિનહરીફ જીતની ઉજવણી કરાઈ

ગાંધીધામ - કચ્છ ઉદય : ગાંધીધામ મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ માં બિનહરીફ ચૂંટાઈ આવેલ જ્યોતીબેન દિનેશભાઈ માલીની જીતને લઈ રાપર માલી સમાજમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.

આ ગૌરવપૂર્ણ અવસરે રાપર માલી સમાજના ભાઈઓ તથા બહેનો દ્વારા જ્યોતીબેન સાથે આનંદની પળો માણી આત્મિય મુલાકાત કરવામાં આવી હતી. સમાજના આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવી આ જીતને સમાજ માટે ગર્વ અને પ્રેરણાનું પ્રતિક ગણાવવામાં આવી હતી. આ પ્રસંગે દિનેશભાઈ વિશાભાઈ ચૌહાણ (પ્રમુખ), અરવિંદભાઈ જગદીશભાઈ સોલંકી (મંત્રી), વિનોદભાઈ ભચુભાઈ સોલંકી, નવીનભાઈ ધરમસી માનાણી, સુરેશભાઈ માલી, મુકુંદભાઈ માલી, વાલજીભાઈ માલી તથા ભરતભાઈ માલી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.





# પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીધામ - માલદા ટાઉન વચ્ચે સમર સ્પેશ્યલ ટ્રેન દોડાવાશે

ગાંધીધામ - કચ્છઉદય : ઉનાળુ વેકેશન દરમ્યાન મુસાફરોના ધસારા અને વધતી માંગને ધ્યાને રાખી પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીધામ અને માલદા ટાઉન વચ્ચે સ્પેશ્યલ ભાડા પર સમર સ્પેશ્યલ ટ્રેન ચલાવવાનું નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન દોડવાથી ઉત્તર અને પૂર્વ ભારત તરફ જતા મુસાફરોને મોટી રાહત મળશે.

ટ્રેન નંબર ૦૯૪૬૩ ગાંધીધામ - માલદા ટાઉન ૨૫ એપ્રિલે ગાંધીધામથી બપોરે ૧૨.૩૦ કલાકે ઉપડી ત્રીજા દિવસે સોમવારે સવારે ૯.૧૦ કલાકે માલદા ટાઉન પહોંચશે. ટ્રેન નંબર ૦૯૪૬૪ માલદા ટાઉન - ગાંધીધામ સોમવારે ૨૭ એપ્રીલે માલદાથી સાંજે ૧૭.૩૫ કલાકે ઉપડી બુધવારે બપોરે ૧૫.૩૦ કલાકે ગાંધીધામ પહોંચશે.

આ ટ્રેનમાં એસી ટુ ટાયર, થ્રી ટાયર સ્લીપર કલાસ અને જનરલ શ્રેણીના કોચ જોડવામાં આવશે. ટ્રેન માટેનું બુકીંગ શુક્રવારથી શરૂ થશે.

# દેશ વિરોધી કટ્ટરવાદ માટે એક્ટિવ વોટ્સએપ ગ્રૂપમાં ઘણા સભ્યો સક્રિય

અમદાવાદ : ભારતમાં ‘ગઝવા-એ-હિંદ’ની સ્થાપના કરી દેશ સામે યુદ્ધ છેડવાની તૈયારી કરી રહેલા બે યુવાનને ગુજરાત એટીએસની ટીમે ઝડપી લીધા છે. સિદ્ધપુરનો ઈરફાન પઠાણ અને મુંબઈનો મુરશીદ સંખ્યાબંધ વોટ્સએપ એકાઉન્ટમાં સક્રિય હતા. તેઓ ૧૨-૧૩ સભ્યોના વોટ્સએપ ગ્રૂપ બનાવતા હતા. આવા તમામ ગ્રૂપના સભ્યોની વિગતો એકત્રિત કરાઈ છે. જેમાં દેશવિરોધી કટ્ટર માનસિકતા ધરાવતા ઘણા ગુમરાહ લોકોને પૂછપરછ માટે તૈયારી કરવામાં આવી રહી છે, જેમાંથી ઘણી ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે. આ ઉપરાંત ઈરફાન અને મુરશીદે હુમલા માટે કોઈ હથિયાર કે ફંડ મેળવ્યું હતું કે કેમ તેની તપાસ ઉપરાંત કોઈ લોકેશનની તેમના દ્વારા રેકી કરાઈ હતી કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે. જોકે આ કિસ્સાને લાલબત્તી સમાન ગણી માત્ર એટીએસ જ નહીં પરંતુ દેશભરની એજન્સીઓ આ મુદ્દે સક્રિય બની ગઈ છે.

સોશિયલ મીડિયા પર પાકિસ્તાની કટ્ટરપંથી સંગઠનો તથા સિરિયાના જૈંજી અને અન્ય સંગઠનોને ફોલો કરી તેમના વીડિયો તથા મેસેજ જુદા જુદા ગ્રૂપમાં વાયરલ કરવામાં આવી રહ્યા હોવાની વિગતો એટીએસને મળી હતી. જેને પગલે વિરાજિત પરમાર અને હર્ષ ઉપાધ્યાયની ટીમે સિદ્ધપુરથી એમએસસીનો અભ્યાસ કરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા યુવક ઈરફાન પઠાણને ઝડપી લીધો હતો. તેની સાથે સંકળાયેલા મુંબઈના મુરશીદને પણ ઝડપી લેવાયો છે. બન્નેના ફોનમાંથી કટ્ટર વિચારો વાયરલ કરવા માટે બનાવાયેલા ૧૨-૧૩ સભ્યોના સંખ્યાબંધ વોટ્સએપ ગ્રૂપ સક્રિય હોવાની વિગતો મળી હતી. મોબાઈલમાંથી આવા ઘણા ગ્રૂપના સભ્યોની વિગતો પોલીસને મળી છે.

## આયાતી લાકડાની નિરીક્ષણ ફીમાં રાહત આપો : ગાંધીધામ ચેમ્બર

ગાંધીધામ : ભારત સરકાર દ્વારા વિદેશી લાકડાની આયાત માટે ખાસ વિશેષ ઝોન તરીકે જાહેર કરાયેલ કચ્છ વિશ્વનું સૌથી મોટું ટીમ્બર બજાર ગણાય છે. કચ્છના બે મહાબંદરો - કંડલા અને મુન્દ્રા ખાતેથી વર્ષેઅંદાજે રૂપિયા ૧૫ થી ૨૦,૦૦૦ હજાર કરોડનું વિદેશી લાકડું આયાત થઈ રહ્યું છે. હાલમાં ખાડી દેશોમાં ચાલીરહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સમુદ્રી પરિવહનમાં પ્રવર્તમાન અસ્થિરતાના કારણે ટીમ્બર ઉદ્યોગને મોટું આર્થિકનુકસાન થઈ રહ્યું છે, ત્યારે ભારત સરકારના કૃષિ મંત્રાલય હેઠળના ડાઈરેક્ટરેટ ઓફ પ્લાન્ટ ક્વોરુન્ટાઈનવિભાગ દ્વારા તાજેતરમાં ઊસ્જી સ્વિફ્ટ ૨.૦ સિસ્ટમ અમલમાં મુકવામાં આવેલ છે. આ સીસ્ટમમાં પ્લાન્ટ ક્વોરેન્ટાઈન નિરીક્ષણ ફીની ગણતરીમાં ગંભીર વિસંગતતાઓ ઉભી થવાથી ટીમ્બર ઈન્ડસ્ટ્રી માટે પડ્યાપર પાટુ જેવી સ્થિતિ ઉદ્ભવી છે. જે બાબતે ઘટતું કરવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉચ્ચ સ્તરે રજુઆત કરવામાં આવી છે.

# દરિયાઈ સુરક્ષા સંદર્ભે લખપત કિલ્લાની આજુબાજુના વિસ્તારોમાં મરીન કમાન્ડોનું સઘન કોસ્ટલ પેટ્રોલિંગ



ભુજ - કચ્છ ઉદય : ગુજરાત રાજ્યના સંવેદનશીલ દરિયાઈ સીમાડાઓની સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના આશય સાથે પોલીસ વિભાગ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ લખપત કિલ્લાની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં ઓપરેશન હાથ ધરાયું હતું.

અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને નાયબ પોલીસ મહાનિરિક્ષક એ.એમ. મુનિયાની સૂચના મુજબ પોલીસ અધિક્ષક અને મરીન સેકટર કમાન્ડર એસ. જે. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાયબ પોલીસ અધિક્ષક બી.કે. ઝાલા (કોટેશ્વર કચેરી), પી.આઈ. આર.ડી. ઝાલા, પી.એસ.આઈ. તથા મરીન કમાન્ડોની ટીમો સંયુક્ત રીતે જોડાઈ હતી. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય દરિયાઈ માર્ગે થતી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર લગામ લગાવવાનો છે, જેમાં ખાસ કરીને આતંકવાદી પ્રવૃત્તિઓ અટકાવવી, ડ્રગ્સ, કેફી પદાર્થો અને અન્ય ચીજવસ્તુઓની દાણચોરી રોકવી, શંકાસ્પદ ડ્રોન હિલચાલ કે બિનવારસી બેગ/વસ્તુઓ પર નજર રાખવી, કાંઠા વિસ્તારમાં શંકાસ્પદ શખ્સોની અવરજવર પર તકેદારી રાખવા જણાવાયું હતું. આ અભિયાન અંતર્ગત મરીન કમાન્ડો દ્વારા લખપત કિલ્લાની આસપાસના ખાડી અને દરિયાઈ વિસ્તારોમાં ૫ કિલોમીટરથી વધુ અંતરનું ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન અલગ-અલગ ટીમો બનાવીને વિસ્તારમાં આવેલી અવાવરૂ જગ્યાઓનું ઝીણવટભર્યું ચેકિંગ કરાયું, શંકાસ્પદ વાહનો અને શંકાસ્પદ બોટોની તપાસ કરવામાં આવી હતી સ્થાનિક સ્તરે જોવા મળતા શંકાસ્પદ ઈસમોની પૂછપરછ હાથ ધરાઈ. રાજ્યની દરિયાઈ સીમા સુરક્ષિત રહે અને કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા આ પ્રકારનું સઘન ચેકિંગ આગામી સમયમાં પણ જારી રાખવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

# પહેલા પાનાથી...

## પ.બંગાળ-તામિલનાડુમા

**11.00 વાગ્યા સુધીમાં પ.બંગાળમાં 41 ટકા અને તામીલનાડુમાં 37 ટકા મતદાન થયું**

નામ હઠાવી શકાય. જોકે, બીજી તરફ સત્તાધારી ટીએમસીનો આરોપ છે કે આ પ્રક્રિયા થકી મુસ્લિમ મતદારોને નિશાન બનાવાયા, જે મમતા બેનરજીના નેતૃત્વવાળી પાર્ટી મોટો સમર્થન આધાર છે. ભાજપે સત્તાધારી તૃણમૂલ સરકાર પર ભ્રષ્ટાચારના કથિત મામલા ટાંકીને વારંવાર નિશાન સાધ્યાં છે, જેમાં ‘શિક્ષક ભરતી કૌભાંડ’ અને કથિત કોલસા તસ્કરીનો મામલો સામેલ છે. જોકે, ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપ અને એઆઈએડીએમકેએ અલગ અલગ ચૂંટણી લડી હતી. પરંતુ આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ફરી એક વાર આ બંને પાર્ટીઓ સાથે આવી છે.આ ઉપરાંત ઍક્ટર વિજયની નવી બનેલી પાર્ટી, તામિલનાડુ વિકટરી પાર્ટી પણ આ ચૂંટણીમાં ઊતરી છે.

## મતદાનના દિવસે

૨ ડિગ્રી રહ્યા બાદ હવે આવતીકાલ તા.૨૨મીથી ગરમી ૪૨ ડિગ્રી થવાની છે. તેવી હવામાન વિભાગની આગાહી છે. તા.૨૨ જ નહીં પરંતુ તા.૨૩મીએ પણ ૪૨ ડિગ્રી ગરમી વરસશે. જયારે તા. ૨૪ અને તા.૨૫મીએ તો ૪૩ ડિગ્રી ગરમી પડશે તેવી આગાહી કરી છે. જોકે, તા.૨૮ અને તા.૨૭મીએ એક ડિગ્રીનો ઘટાડો થશે. તેમ છતાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી રહેશે. તેવી આગાહી છે, જે ભાજપ માટે ચિંતાનુ કારણ બની છે.

## યુદ્ધનો અંત માત્ર

પ્રેસ બ્રીફિંગ દરમિયાન સ્પષ્ટ કર્યું કે, આ સમયે સંઘર્ષ માટે કોઈ ટિાઈમલાઈન નથી, કારણ કે જમીની સ્તર પર ઘટનાક્રમ સતત બદલાઈ રહ્યા છે.

## દેશવાસીઓ

ફેરફાર થયો નથી. કોટકના મતે, આનાથી રિફાઇનિગ કંપનીઓનું નુકસાન વધી રહ્યું છે. સરકારે એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો, પરંતુ તેનાથી કંપનીઓને થોડી રાહત મળી છે. આ જ કારણ છે કે વિધાનસભા ચૂંટણી પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે.

## ઉમરેઠ વિધાનસભા

**ઉમરેઠ વિધાનસભા પેટાચૂંટણીમાં બપોરે એક વાગ્યા સુધીમાં ૨૫.૬૫ ટકા થયું મતદાન**

વિસ્તારમાં ૨૩૮ મતદાન મથકો મળી કુલ ૩૦૬ મતદાન મથકો સજ્જ કરવામાં આવ્યા છે. જ્યાં થતી તમામ ગતિવિધીઓ પર નજર રાખવા માટે વેબકાસ્ટિંગની સુવિધા ઉભી કરવામાં આવી છે.

# ગાંધીધામ મનપા વોર્ડ નં.૮ની ચૂંટણી ગરમાઈ : બારાતુ સીંગીયા નેતાનો ઉઘડતો ભ્રષ્ટ ચહેરો.!

**જાગો ગાંધીધામવાસીઓ જાગો, જાગો વોર્ડ આઠના મતદારો જાગો, આ બારાતુ સીંગીયા નેતાને પુછો કે, પુનાની કઈ એજન્સી સાથે કારોબારી ચેરમેન પદે હતુ સેટીંગ? ગામ આખાયની બધી જ દુકાનો છોડી અને બારાતુ સીંગીયા નેતાએ પુના વાળાની સાથે કેમ ખરીધા માલ-સામાન? : જો તપાસ થશે, બીલોની ચકાસણીઓ થશે તો પુના વાળી એજન્સી સાથે આ બારાતુ સીંગીયા નેતાની ખુલશે કરોડોની કટકી-કમિશનની લીલાઓ? : તે વખતે આ બારાતુ સીંગીયા નેતાઓ ચોકક્સ દુકાનેથી જ સિમૈન્ટ-સ્ટીલ ખરીદવાનો શા માટે રાખ્યો હતો આગ્રહ? કોની સ્ટીલની દુકાનમાથી કરોડોના બીલો બન્યા?**

**અપને મું મીહુંમીયાં બનવા નીકળી પડેલ બારાતુ સીંગીયા નેતાની ફાંકા ફોજદારી હવે તેની જ રાજકીય કારકીર્દીની ખોદી રહી છે કબર : બારાતુ સીંગીયા નેતા માટે તો હવે બાવાના બેય બગડયાનો થયો છે તાલ : મતદારો તો જાકારો આપી જ રહ્યા છે, વોર્ડવાસીઓ પણ મોટે મેંસ ચોપડીને સ્વાગત કરવા તૈયાર બેઠા છે, પરંતુ રાજકીય રીતે જેમના ખીલ્લે કુદાકુદ કરતો હતો, ત્યાથી પણ આ બારાતુ સીંગીયા નેતાને બહારનો જ રસ્તો દેખાડી દેવાયો**

ગાંધીધામ : સ્થાનિક સ્વરાજયની ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ વીવિધ વિસ્તારોમાં રાજકીય પારો પણ ઉચકાઈ રહ્યો છે. ગાંધીધામ મન્પાની ચૂંટણીમાં પણ વોર્ડ ન. આઠમાં આંતરીક ગરમાવો વ્યાપી જવા પામ્યો છે. અહી બારાતુ સીંગીયા નેતાને મેદાનમાં ઉતારવામા આવતા ભારોભાર જનાક્રોશ ફાટી નીકળ્યો છે અને આ નેતાને રોજબરોજ જાકારો મળી જવા પામે છે. ભ્રષ્ટાચારના લીધે લોકોમાં બહુચર્ચિત બની ચુકેલ આ બારાતું સીંગીયા નેતાનો ચહેરો હવે વધુને વધુ ઉઘડવા પામી રહ્યો છે અને મતદારો પણ તેના કપડા ઉતરતા હોવાથી હવે વધુને વધુ ઓળખવા પણ પામી રહ્યા હોય તેમ વર્તારો જોવાઈ રહ્યો છે. બારાતુ સીંગીયા નેતાના લીધે તેની સાથેના અન્ય ત્રણ સજ્જન-પ્રમાણિક, પક્ષનિષ્ઠ જનનાયકોને પણ વેઠવાનો વારો આવી રહ્યો હોય તેમ દર્શાયા છે. કહેવાય છે કે, આ બારાતુ સીંગીયા નેતાને તો હાર ખમવી હવે પાક્કી જ પરંતુ તેની સાથેના ત્રણ અન્યોનો પણ તે ભોગ લેતો જશે.

આ મામલે જાણકારોમાથી થતી ચર્ચાઓ અનુસાર આ બેલ મુજે મારનો તાલ કરનાર બારાતુ સીંગીયા નેતાએ એવી ફાંકા ફોજદારી કરી છે કે હું ૧૫૦-૨૦૦ એકર જમીનનો આસામી છુ, ખાનદાની વ્યકિત છુ, તો શું ચૂંટણી સોગદનામામા તેણે આ મિલ્કતો દેખાડી છે ખરી? લોકો કહી રહ્યા છે કે, પુછી રહયા છે કે, શું તે કહી રહ્યો છે, ફાંકા મારી રહ્યો છે તે વાત સાચી છે કે પછી તેણે સોગદનામામો દેખાડેલી હકીકત સાચી? મિલકત અને સોગંદનામામાં વિસંગતતાઓ જોવાઈ રહી છે. ચૂંટણી સમયે રજૂ કરેલા સોગંદનામામાં તેમણે પોતાની મિલકતોની વિગતો છુપાવી હોવાનો આક્ષેપ ઉઠી રહ્યો છે. આ ઉપરાંત ગંભીરતા સાથે સવાલો કરી રહ્યા છે કે આવા તત્વોને મત આપવો શું કામ? કોન્ટ્રાક્ટરો સાથે સ્ટીલ-સિમેન્ટનું સેટિંગ કારોબારી ચેરમેન કાળમાં ભરપુર સેટીંગ કરેલુ હોવાનુ કહેવાય છે. જયારે તેઓ કારોબારી ચેરમેન તરીકે કાર્યરત હતો, ત્યારે તેમણે સત્તાનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચાર આચર્યો હોવાના પુરાવાને લઈને પણ ભારે ગરમાવો વ્યાપી રહ્યો છે. કહવાય છે કે કોન્ટ્રાક્ટરોને કામ આપવા માટે એવી શરત રાખવામાં આવતી હતી કે કામમાં વપરાતું લોખંડ અને સિમેન્ટ તેમની પોતાની પેઢી 'જે-તે- સ્ટીલ' માંથી જ ખરીદવું.ગુણવત્તા સામે આંખ આડા કાન કર્યા છે. એક કોન્ટ્રાક્ટરને ૨ કરોડનું લોખંડ પધરાવીને તેના કામો પાસ કરી દેવામાં આવ્યા હતા. આ કામોમાં અત્યંત નબળી ગુણવત્તા હોવા છતાં, ચેરમેન તરીકે તેમણે ક્યારેય સ્થળ પર જઈને તપાસ કરવાની તસ્દી લીધી નહોતી. આ ઉપરાંત કારોબારી ચેરમેન વખતે આ બારાતુ સીંગીયા નેતાએ એકમાત્ર બની બેઠેલા ઠેકેદારને જ વધુ કામો કેમ આપયા? તેની સાથે શું ગોઠવણ હતી? એટલુ જ નહી પણ ગાંધીધામ નગરપાલિકામાં પુણેની એક એજન્સી સાથે અગાઉથી ગોઠવણ (સેટિંગ) કરીને ટેન્ડર ભરાવવામાં આવ્યા હતા. આ એજન્સીએ પણ ચેરમેનની પેઢી 'જે તે સ્ટીલ' માંથી જ ૧.૫ કરોડનું મટીરીયલ ખરીદ્યું હતું.

પ્રશ્ન એ ઊભો થાય છે કે શહેરમાં ૫૦૦થી વધુ અન્ય દુકાનો હોવા છતાં, તમામ કોન્ટ્રાક્ટરોએ માત્ર આ બારાતુ સીંગીયા નેતાની પેઢીમાંથી જ માલ લેવા માટે કેમ મજબૂર થવું પડ્યું? આ કેવી પ્રકારની આર્થિક ગોઠવણ હતી? મતદારો વોર્ડવારાઓ એ પણ પુછી રહ્યા છે કે, લક્ઝરી કારની ખરીદી ચેરમેનના જંગલરાજ વખતે ૪૫ લાખની ગાડી બજાર કિંમત કરતા ૩ લાખ વધુ ચૂકવીને શા માટે ખરીદી? આ વધારાના નાણાં કોના ખિસ્સામાં ગયા? એ ઉપરાંત આ બારાતુ સીગીયા નેતાને માટે રહસ્યમય વહીવટી 'બુચ' કહ્યુ હતુ?એવું કહેવાય છે કે આ સમગ્ર ખેલમાં પુણેની એજન્સી સાથે 'બુચ' નામની બની બેઠેલી વ્યક્તિની મુખ્ય ભૂમિકા હતી. આ 'બુચ' ના ઈશારે જ તમામ વહીવટ થતો હતો અને તેના વગર બારાતુ સીંગીયો નેતા એક સહી પણ કરતા નહોતા. પોતાને ભ્રષ્ટાચાર મુક્ત ગણાવતા આ નેતાના કાર્યકાળ દરમિયાન સત્તાના જોરે પોતાના અંગત વેપારને ફાયદો કરાવવાની આ નીતિની જો ઉચ્ચ સ્તરીય તપાસ થાય, તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે. લોકશાહીમાં જનતાના નાણાંનો આવો દુરુપ યોગ બીજે કયાંય થયો નહી હોય, તેમ વોર્ડ ૮ના જાગૃત મતદારો કરી રહ્યા છે અને બારાતુ સીંગીયા નેતાને ચૂંટણી પહેલા જ જાકારો આપી રહ્યા છે.

## વ્યાર-જાડાયના સીમાડામાં દિપડાનો આતંક : વાછરડાનું મારણ

**વન વિભાગને રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી નહીં : માલધારીઓમાં ભારે નારાજગી ફેલાઈ : ચૂંટણી બહિષ્કારની ચીમકી અપાઈ**



ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના પાન્ધ્રો જીએમડીસી ખાણ વિસ્તારમાં દિપડો દેખાયો હોવાની બાતમીના આધારે વન વિભાગ દ્વારા પાંજરા ગોઠવવામાં આવ્યા છે, જો કે, નખત્રાણા તાલુકાના વ્યાર અને જાડાઈના સીમાડામાં દિપડો ફરતો હોવા બાબતે વારંવારની રજૂઆતો છતાં વન વિભાગ દ્વારા ગંભીરતા લેવાઈ નથી. આ દિપડાએ વાછરડાનું મારણ કરતા માલધારીઓમાં ભય ફેલાયો છે અને ચૂંટણી બહિષ્કારની ચીમકી આપવામાં આવી છે.

સ્થાનિક વંકાભાઇ રબારી તેમજ ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ગઈકાલે માલધારી વાછરડાને બચાવવા જતા દિપડાએ પ્રતિ હુમલો કર્યો હતો. વનતંત્રને સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્રની નિંદર ઉડતી નથી અને રજૂઆત કરવા જાય ત્યારે સંતોષકારક જવાબો મળી રહ્યા નથી. સ્થાનિકોની રજૂઆત કરવા છતાં વનતંત્ર દ્વારા પાંજરા પણ મૂકવામાં આવતા નથી, જેના કારણે સ્થાનિક માલધારીઓમાં ભારે નારાજગી છે. વધુમાં સ્થાનિકોએ કહ્યું હતું કે, એક વર્ષમાં આ દિપડાએ ૫૦થી ૬૦ માલધારીઓના બકરા, ઘેટા, વાછરડાનો શિકાર કર્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. હીરાભાઈ લાખાભાઈ ભીમજીભાઈ સરપંચ સહિતનાઓએ નખત્રાણા વન વિભાગને રજૂઆત કરી હતી પરંતુ વન વિભાગ દ્વારા પગલાં ભરાયા નથી, જેથી અબોલ જીવોને બચાવવા માટે માલધારીઓએ આ વખતે ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ ચિમકી આપી હતી. ધંધાની આજીવિકા છીનવાઈ રહી છે તેમજ ગાયોના શિકાર કરતા વાછરડા ભૂખે તરફડી રહ્યા છે તેવું પણ માલધારીએ જણાવ્યું હતું. છેલ્લા દોઢ વર્ષથી માલધારીઓ વન વિભાગની કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે છતાં જવાબદાર અધિકારીઓ કોઈ જ પગલાં લેવા તૈયાર નથી હવે માલધારીઓ ન છૂટકે ગાંધી ચિંધયા માર્ગે જશે તેવી પણ ચીમકી ઉચ્ચારી હતી.

## સાપેડા પાસે કાર હડફેટે બે યુવાન ઘવાયા

ભુજ - કચ્છ ઉદય : અંજાર - ભુજ હાઈવે રોડ પર સાપેડા ગામમાં જવાના કટ આગળ અકસ્માત થયો હતો. ફરિયાદી નાડાપા ગામમાં રહેતા હિતેશભાઈ સામજીભાઈ માતાના જણાવ્યા પ્રમાણે તે અને મિત્ર પાર્થ બાઈક લઈને જતા હતા ત્યારે બલેનો ગાડી નં.જીજે૧૨ - એફસી - ૩૨૦૭ ના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી બાઈકને ટક્કર મારતા ઈજાઓ થઈ હતી. જેથી ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો માટે તંત્ર સજ્જ : ૧૪ કેન્દ્રો પર થશે મતગણતરી

**તાલુકા અને જિલ્લા પંચાયત માટે આઠ તથા નગરપાલિકાઓ માટે છ સ્થળો નિયત કરાયા : ૨૮મીએ સવારે ૯ વાગ્યાથી ખુલશે ઈવીએમ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીનો જંગ હવે તેના અંતિમ પડાવ તરફ આગળ વધી રહ્યો છે. ૨૬મીએ મતદાન પ્રક્રિયા પૂર્ણ થશે. મત ગણતરી ૨૮મીએ હાથ ધરાશે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ મહત્વપૂર્ણ પ્રક્રિયાને પાર પાડવા માટે સમગ્ર જિલ્લામાં કુલ ૧૪ મતગણતરી કેન્દ્રોની ફાળવણી કરવામાં આવી છે. સત્તાવાર વિગતો મુજબ, આગામી ૨૮મી તારીખે સવારે ૯ કલાકે તમામ નિર્ધારિત સ્થળો પર એકસાથે મતગણતરીની કામગીરી શરૂ કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતગણતરી માટે તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે આઠ કેન્દ્રો તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે છ કેન્દ્રો નક્કી કરી દેવામાં આવ્યા છે. શહેરવાર વ્યવસ્થાની વાત કરીએ તો, ગાંધીધામ મહા નગરપાલિકાની મતગણતરી આદિપુરની મૈત્રી મહાવિદ્યાલય ખાતે યોજાશે, જે રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર તરીકે પણ કાર્યરત રહેશે. ભુજ નગરપાલિકા સહિત તાલુકા અને જિલ્લા પંચાયતની આઠ બેઠકોના પરિણામો ભુજની સરકારી ઈજનેરી કોલેજ ખાતે જાહેર કરવામાં આવશે.

અંજાર શહેરની ચૂંટણી પ્રક્રિયા માટે કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ, નખત્રાણા માટે ટી.ડી. વેલાણી કન્યા હાઈસ્કૂલ, માંડવી માટે સરકારી વિજ્ઞાન કોલેજ અને મુંદરા-બારોઈ નગરપાલિકા માટે મુંદરાની આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે ગણતરી હાથ ધરાશે. ગ્રામીણ બેઠકોના પરિણામો માટે પણ તંત્રએ વિશેષ વ્યવસ્થા કરી છે. ભચાઉની આઈટીઆઈ, રાપરની મોડેલ સ્કૂલ, અંજારની શેઠ ડી.વી હાઈસ્કૂલ અને લખપત તાલુકાની દયાપર ખાતેની મોડેલ સ્કૂલમાં મતગણતરી કેન્દ્રો તૈયાર કરાયા છે. આ ઉપરાંત નખત્રાણા તાલુકા માટે જીએમડીસી કોલેજ, અબડાસા માટે હોથીવાંઢ સ્થિત એસઆરપી ટ્રેનિંગ સેન્ટર, માંડવી માટે મરીન સાયન્સ કોલેજ અને મુંદરા તાલુકા માટે સી.કે.એમ. કન્યા વિદ્યાલય ખાતે ઈવીએમ ખોલવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અંજાર, મુંદરા, માંડવી અને નખત્રાણામાં સ્થાનિક નિકાયો અને પંચાયતો માટે અલગ-અલગ કેન્દ્રોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલમાં તમામ મતદાન યંત્રોને આ કેન્દ્રો પર આવેલા સ્ટ્રોંગરૂમમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સીલબંધ રાખવામાં આવ્યા છે.

**સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી - ૨૦૨૬**

# કચ્છના તમામ બુથો માટે ચૂંટણી સ્ટાફને લાવવા અને મુકવા ૧૮૧ એસટી બસોનો થશે ઉપયોગ

**શનિવાર સવારથી ચૂંટણી તંત્ર આ બસોનો લઈ લેશે કબ્જો : જરૂરીયાત મુજબ ખાનગી વાહનોને પણ તંત્ર લેશે ઉપયોગમાં**

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજયની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ડિસ્પેચિંગ અને રિસિવિંગ સેન્ટર નિયત થયા બાદ મતદાનકર્મીઓને તેમના બૂથ સુધી પહોંચાડવા અને ફરી પાછા લાવવા માટે ૧૮૧ એસટી બસો ઉપરાંત ખાનગી વાહનોનો પણ ઉપયોગ કરવામાં આવનાર છે.

આ અંગેની વિગતો મુજબ કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ૨૬ એપ્રિલના મતદાન યોજાવાનું છે. મતદાન પૂર્વે જ ચૂંટણી ફરજમાં તૈનાત કર્મયોગીઓ પોતાને સોંપાયેલા ફરજના સ્થળ પર મોરચો સંભાળી લેતા હોય છે. આ કર્મચારીઓ પોતાની સાથે ઈવીએમ મશીન ઉપરાંત મતદાનની અન્ય સામગ્રીઓ પણ લઈ જતા હોઈ તમામ કર્મીઓ ડિસ્પેચિંગ સેન્ટર ખાતે મતદાનકર્મીઓ ચૂંટણીને લગતી સામગ્રી મેળવી લે તે બાદ તેમને સોંપાયેલા મતદાન મથક સુધી જવા માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવે છે.

સામાન્ય રીતે એક સ્થળે જ મતદાન મથક પાછલી ઘણી ચૂંટણીઓથી ચાલતું હોય છે. એટલે રૂટમાં ફેરફાર થવાનો અવકાશ હોતો નથી. આ અંગે નિર્ધારીત રૂટની વાત કરીએ કચ્છ જિલ્લામાં ૧૮૯૬ મતદાન મથકો છે. જેમાં ગાંધીધામ મહાનગરપાલિકામાં ૨૩૪, નખત્રાણા નગરપાલિકામાં ૨૨, માંડવીમાં ૪૬, મુંદરા - બારોઈમાં ૨૨, અંજારમાં ૬૬, ભુજ નગરપાલિકામાં ૧૨૮ ભુજ તાલુકા પંચાયતમાં ૨૯૩, ભચાઉમાં ૧૪૯, માંડવીમાં ૧૪૮, અંજારમાં ૧૨૪, મુંદરામાં ૯૨, લખપતમાં ૬૯, અબડાસામાં ૧૫૯, રાપરમાં ૧૯૯ અને નખત્રાણામાં ૧૪૫ મતદાન મથકો છે. આ મતદાન મથકો પર અંદાજે ૮૩૫૫ જેટલો સ્ટાફ મતદાનના દિવસે ફરજ બજાવશે. આ ઉપરાંત ૧૧૭૮ જેટલા પોલીસ સ્ટાફ અને ૧૯૦૦ જેટલા વર્ગ - ૪ ના કર્મચારીઓ સેવા આપશે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક બારહટે કચ્છઉદયને વિગતો આપતા જણાવ્યું કે, ૨૬મીએ રાજયના અન્ય વિસ્તારોની સાથોસાથ કચ્છમાં પણ સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. મતદાન માટે ૧૮૯૬ મતદાન મથકો પર કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે ત્યારે તેઓને લાવવા - લઈ જવા માટે ૧૮૧ એસટી બસ ઉપરાંત જરૂરીયાત મુજબ ખાનગી વાહનોનો પણ ચૂંટણી તંત્ર દ્વારા ઉપયોગ કરવામાં આવશે. શનિવાર સવારથી જ આ વાહનો ચૂંટણી તંત્ર હસ્તક આવી જશે.

## અંજારમાં જુગાર રમતા ખેલીઓ પકડાયા

અંજાર - કચ્છ ઉદય : શહેરમાં ગંગાનાકા પાસે વરલી મટકાનો આંક ફરકનો રૂપિયાની હારજીતનો મોબાઈલની મદદથી જુગાર રમતા આમર બાબુભાઈ મેરને પકડી લેવાયો હતો. જ્યારે શિવુભા બાલુભા જાડેજા હાજર મળી આવ્યો ન હતો. બીજી કાર્યવાહી વાગડિયા ચોક પાસે કરાઈ હતી. જેમાં નોટબુકમાં વરલી મટકાનો આંક લખતો સિકંદર ઉર્ફે કારિયો ઈબ્રાહીમ આરબ અને જુસબ ઉર્ફે બંડી ઈબ્રહીમ થેબા પકડાયો હતો, જ્યારે કેવીન વિજયભાઈ ઠક્કર હાજર મળી આવ્યો નથી. જેથી અંજાર પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

### ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ

ભુજ પાલિકામાં ઉમેદવારોની પસંદગીને લઈ ઠેર-ઠેર લોક વિરોધ અને પક્ષમાં આંતરિક અસંતોષની જ્વાળાઓ ભભૂકી રહી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ખરેખર તો રોડ, રસ્તા અને પાણી જેવા સ્થાનિક પ્રશ્નો પર લડાવી જોઈએ, પરંતુ ભાજપે આ ચૂંટણીમાં પણ દિલ્હી એટલે કે કેન્દ્રના નેતૃત્વને જ પ્રચારના કેન્દ્રમાં રાખ્યું છે. ભાજપના મેનિફેસ્ટોમાં સ્થાનિક મુદ્દાઓ ગાયબ છે અને ડોર-ટુ-ડોર પ્રચારમાં જે પેમ્પ્લેટો અપાઈ રહ્યા છે તેમાં પણ માત્ર નરેન્દ્ર મોદી અને અમિત શાહના નામે મતોની માંગણી કરવામાં આવી રહી છે. ત્રણ દાયકાના શાસન પછી પણ ભાજપ પાસે પ્રજા સમક્ષ રજૂ કરવા જેવી એક પણ સ્થાનિક સિદ્ધિ નથી જે તે ગર્વથી જણાવી શકે, અને એટલે જ પક્ષે કેન્દ્રના નેતાઓના ઓઠા હેઠળ છુપાવાનો પ્રયાસ કર્યો છે. બીજી તરફ, વર્ષોથી સત્તાથી વંચિત રહેલી કોંગ્રેસે આ વખતે ભાજપની આ નબળી કડી પર જ પ્રહાર કર્યો છે. કોંગ્રેસ ભલે સત્તાથી દૂર હોય, પણ પ્રચારમાં તે ભુજના જ્વલંત પ્રશ્નો જેવા કે ગટરની ગંભીર સમસ્યા, અનિયમિત પાણી વિતરણ, સિટી બસ સુવિધાનો અભાવ, સાર્વજનિક પ્લોટોનું ડેવલોપમેન્ટ, રખડતા ઢોરોનો ત્રાસ અને વરસાદી વહેણ પર થયેલા દબાણોને વાચા આપી રહી છે. ભાજપ જ્યારે કેન્દ્રના નેતાઓના જોરે ચૂંટણી જીતવા મથી રહ્યું છે, ત્યારે કોંગ્રેસે સ્થાનિક પ્રશ્નોને જનતાની અદાલતમાં મૂકીને પરિવર્તનનો સૂર છેડ્યો છે. આમ, ભુજની ચૂંટણી હવે માત્ર પક્ષો વચ્ચેની જંગ નથી રહી, પરંતુ તે 'કેન્દ્રનો ચહેરો' વિરુદ્ધ 'સ્થાનિક પીડા' વચ્ચેનો જંગ બની ગઈ છે. પ્રજા હવે વિચારી રહી છે કે ૩૦ વર્ષની વફાદારીના બદલામાં તેમને મળેલી ગંદકી અને અસુવિધાનો અંત ક્યારે આવશે.

**ભુજની કોલેજ બહાર થયેલી હત્યાથી છાત્રો સહિત કચ્છભરમાં પડ્યા હતા ઘેરા પ્રત્યાઘાત**

# સાક્ષી ભાનુશાલીને ૮ મહિને મળ્યો ન્યાયઃ બન્ને આરોપીને આજીવન કેદની સજા



**સરકારી વકીલ એચ. બી. જાડેજાની દલીલોને ગ્રાહ્ય રાખી જિલ્લા અદાલતે ગુનાની ગંભીરતા સ્વીકારી આપ્યો ધાક બેસાડતો ચૂકાદો**

ભુજ - કચ્છ ઉદય : કચ્છ સહિત સમગ્ર રાજયને હચમચાવી નાખનારા સાક્ષી ભાનુશાલી મર્ડર કેસમાં ગુરુવારે ન્યાયતંત્ર દ્વારા મહત્વપૂર્ણ ચૂકાદો આપવામાં આવ્યો છે. ૮ મહિનામાં જ આ કેસમાં બંને આરોપીને દોષિત જાહેર કરવામાં આવ્યા છે. બન્નેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ગત ઓગસ્ટ મહિનામાં ભુજની સંસ્કાર કોલેજમા બીસીએના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ગાંધીધામની સાક્ષી જેઠાલાલ ખાનીયા નામની નિર્દોષ યુવતીની કોલેજ બહાર કરપીણ હત્યા કરવામાં આવી હતી, ઘટના બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. સરકારે આ બાબતની ગંભીર નોંધ લઈ પોલીસને કડક પગલાં લેવા અને સમાજમાં ધાક બેસાડતી કાર્યવાહી માટે સૂચના આપી હતી. પોલીસ તંત્રએ પણ આ મામલે સક્રિયતા દાખવીને ટેકનિકલ અને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે મજબૂત ચાર્જશીટ રજૂ કરી હતી, જેના ભાગરૂપે આજે અદાલતે બંને નરાધમોને દોષિત ઠેરવ્યા છે. આ કેસની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ એચ. બી. જાડેજાએ અત્યંત તર્કબદ્ધ અને ધારદાર દલીલો રજૂ કરી હતી. તેમણે રજૂ કરેલા સાક્ષીઓની જુબાની અને ઘટનાસ્થળના પુરાવાઓએ આરોપીઓ વિરુદ્ધ ગુનાની સાંકળ મજબૂતીથી જોડી આપી હતી. ફરિયાદી પક્ષના વકીલો અને સરકારી વકીલની રજૂઆતોને ધ્યાને રાખીને અદાલતે સ્વીકાર્યું છે કે આ જઘન્ય અપરાધમાં આરોપીઓની સંડોવણી સ્પષ્ટપણે સાબિત થાય છે. અદાલતે બંને આરોપી ગાંધીધામના મોહિત મૂળજીભાઈ સિદ્ધપુરા અને જયેશ ઠાકોરને ગુનેગાર સાબિત કર્યા છે, જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજા સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે, અદાલત દ્વારા બન્ને પક્ષોની દલીલો સાંભળીને આ કેસમાં બન્ને આરોપી દોષીત જાહેર કરી સમાજમાં ધાક બેસાડવા માટે આજીવન કારાવાસ સજા ફટકારી છે. બન્ને આરોપી ૨૫ - ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સજા ભોગવવી પડશે. આ ઉપરાંત સાક્ષીના વાલીઓને પાંચ લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. આ ચૂકાદો સમાજમાં દાખલો બેસાડે છે કે આવી ક્રૂરતા આચરનારા તત્વોને કાયદો ક્યારેય છોડતો નથી.આ કેસમાં ફરિયાદી પક્ષે એડવોકેટ ખેતશી પી. ગઢવી સહિત એડવોકેટ ટીમના સભ્યો સહયોગી રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઘટના પછી ખાસ કરીને વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ ફેલાયો હતો. ભુજમાં રેલી નીકળી હતી. તેમજ યુનિવર્સિટીએ તમામ કોલેજોમાં કેમેરા અને સિક્યુરિટી બાબતે ખાસ ભાર મૂક્યો હતો. આ ગંભીર ઘટનામાં આઠ જ મહિનામાં ઝડપી ચૂકાદો આપવામાં આવ્યો છે.

# કંડલા એરપોર્ટ પરથી વિમાની સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ : ઉદ્યોગજગતમાં ઘેરા પ્રત્યાઘાત

**કંડલા-મુંબઈ ફ્લાઈટ બંધ થતા પૂર્વ કચ્છના વાણિજ્યિક વિકાસને મોટો ફટકો : એરપોર્ટના વિસ્તરણની કામગીરી વિલંબમાં પડતા મુસાફરોની હાલાકી વધી**

ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છના આર્થિક અને ઔદ્યોગિક હૃદય સમાન ગાંધીધામ-કંડલા વિસ્તારને જોડતી એકમાત્ર હવાઈ કડી હવે તૂટી ગઈ છે. લાંબા સમયથી દેશના અન્ય ભાગો સાથે કનેક્ટિવિટી વધારવાની માંગ વચ્ચે વિમાની કંપની દ્વારા કંડલા-મુંબઈ વચ્ચેની હવાઈ સેવા ઓચિંતી બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ કંડલા-દિલ્હી ફ્લાઈટ બંધ થયા બાદ હવે મુંબઈની સેવા પણ છીનવાઈ જતાં આ વિસ્તારના ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને સામાન્ય નાગરિકોમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે.

કંડલા એરપોર્ટના રનવે વિસ્તરણની પ્રક્રિયા લાંબા સમયથી વહીવટી ગૂંચવણોમાં અટવાયેલી હોવાથી અહીં માત્ર નાના વિમાનોનું જ સંચાલન શક્ય હતું. પૂર્વ કચ્છમાં મોટા પાયે રોકાણો અને ઉદ્યોગો કાર્યરત હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરની હવાઈ સેવા અનિવાર્ય છે, પરંતુ વિસ્તરણના અભાવે સેવાઓ વધવાને બદલે જે ચાલુ હતી તે પણ બંધ થઈ ગઈ છે. દિલ્હી બાદ હવે મુંબઈની ફ્લાઈટ બંધ થતાં આજથી કંડલા એરપોર્ટ પર સન્નાટો છવાઈ ગયો છે. આ વિસ્તારના રહેવાસીઓએ હવે મુંબઈ કે અન્ય પ્રાંતમાં જવા માટે કલાકોની મુસાફરી કરી દૂરના એરપોર્ટ સુધી લાંબા થવાની ફરજ પડશે, જેના કારણે સમય અને નાણાં બંનેનો વ્યય થશે. સ્થાનિક સંગઠનો દ્વારા આ બાબતે સરકાર ત્વરિત હસ્તક્ષેપ કરે તેવી માંગ ઉગ્ર બની છે.

# રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટેટ માધ્યમિક પરીક્ષાની તારીખ જાહેર

**આજથી હોલ ટિકિટ કરી શકાશે ડાઉનલોડ**

ભુજ - કચ્છઉદય : રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા શિક્ષક અભિરુચિ કસોટી માધ્યમિક-૨૦૨૬ અંગેની અગત્યની જાહેરાત કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ આ પરીક્ષાનું આયોજન આગામી તારીખ ૩/૫ના રોજ બપોરે ૩ કલાકથી સાંજે ૬ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, રાજકોટ, વડોદરા અને સુરત જેવા મુખ્ય કેન્દ્રો પર લેવામાં આવશે.

પરીક્ષામાં બેસનાર ઉમેદવારો આજે બપોરે ૨ કલાકથી પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની અંતિમ મુદત પરીક્ષાના દિવસે બપોરે ૩ કલાક સુધીની રહેશે. ઉમેદવારો ઓજસની સત્તાવાર વેબસાઇટ અથવા એસઈબી એક્ઝામની વેબસાઇટ પરથી પોતાની હોલ ટિકિટ મેળવી શકશે.

પરીક્ષાને લગતી અન્ય તમામ અદ્યતન માહિતી માટે ઉમેદવારોને બોર્ડની સત્તાવાર વેબસાઈટ જોતા રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

# ગાંધીધામના સેક્ટર-પાંચમાં વિશ્વશાંતિ અર્થે ભવ્ય સુંદરકાંડ પાઠનું આયોજન



## મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લીધો લાભ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ શહેરના સેક્ટર પાંચ વિસ્તારમાં સ્થાનિક વેપારીઓ દ્વારા વિશ્વશાંતિ અને લોકકલ્યાણના હેતુ સાથે ભવ્ય સુંદરકાંડના પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે સુપ્રસિદ્ધ કથાકાર મનુજોશી મહારાજે ઉપસ્થિત રહીને શ્રદ્ધાળુઓને કલયુગમાં ભક્તિનું મહત્વ સમજાવ્યું હતું. અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ સુંદરકાંડના પાઠ સંપન્ન કરાવી ચૂકેલા મનુજોશી મહારાજે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ઈશ્વર પ્રાપ્તિ માટે અને જીવનમાં આવતા તમામ પ્રકારના વિઘ્નો તેમજ કષ્ટોને દૂર કરવા માટે સુંદરકાંડનો પાઠ એ સૌથી સરળ અને ઉત્તમ માર્ગ છે.

સેક્ટર પાંચના દુકાનદારો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સમગ્ર વિસ્તાર ભક્તિમય માહોલમાં રંગાયો હતો. મહારાજશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે સુંદરકાંડ એ માત્ર હનુમાનજીની ભક્તિનો પાઠ નથી, પરંતુ તે આત્મવિશ્વાસ અને મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ આપતું આધ્યાત્મિક સોપાન છે. ભાવિકોએ મહારાજશ્રીના મુખે સુંદરકાંડનું ગાન કરી ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા ઉપસ્થિત તમામ ભક્તોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને વિશ્વમાં શાંતિ જળવાઈ રહે તેવી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરવામાં આવી હતી.

સુદરકાંડને સફળ બનાવવા અશોકભાઇ મિતલ, દેવભાઇ નાઇ, મહેશ જાલોહા, હરીભાઇ સથવારા, કલ્યાણભાઇ પટેલ, સુનીલભાઇ મિતલ, મયુરભાઇ નાઇ, લક્ષ્મણભાઇ જાલોરા વગેરેએ જહેમત ઉપાડી હતી.

# લાડી લોહાણા સિંધી સમાજના રાષ્ટ્રીય હોદ્દેદારોનો આદિપુર ખાતે સામાજીક પ્રવાસ







### લગ્ન સબંધી પ્રશ્નોના વિવાદ માટે સમાધાન પંચ ની અને અન્ય પ્રશ્નો માટે વિશેષ મિટિંગ મળી

ગાંધીધામ - કચ્છઉદય : રાષ્ટ્રીય સ્તરે સંગઠન ધરાવતી જુજ સિંધી પંચાયત માંથી લાડી લોહાણા સિંધી પંચાયત ચોક્કસ નિયમો સાથે ખુબ જ સક્રિય રીતે કામગીરી કરે છે. અખિલ ભારત લાડી લોહાણા સિંધી પંચાયતના કાર્યકારી પ્રમુખ રૂપચંદ સેવકાણી, જનરલ સેક્રેટરી અશોકભાઈ લીલવાણી, ઉપપ્રમુખ કાન્તીભાઈ ઉમલાણી સહીત અન્ય આગેવાનો તા.૧૮/૪/૨૬ ના રોજ આદિપુર ખાતે સામાજીક પ્રવાસે આવેલ. પંચાયત માં લગ્ન સબંધી કોઈ વિવાદ હોઈ તો સમાધાન પાંચની વિશેષ વ્યવસ્થા છે અને નિસમયાંતરે તેના સમાધાન માટે બેઠકો યોજવામાં આવલાડી લોહાણા સિંધી સમાજના રાષ્ટ્રીય હોદ્દેદારો નો આદિપુર ખાતે સામાજીક પ્રવાસ હોય છે. તા.૧૮/૪/૨૬ના પણ લગ્ન સબંધી પ્રશ્નો ના નિરાકરણ માટે આવેલ આગેવાનો દ્વારા વિશેષ પ્રયાશો હાથ ધરવામાં આવેલ. તેમજ આદિપુરમાં આવેલ ધર્મશાળાના સુચારુ સંચાલન તેમજ વિકાસ માટે વિશેષ ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. પદભાર સાંભળ્યા પછી પહેલીવાર આદિપુર પ્રવાસે આવેલ પ્રમુખ રૂપચંદ સેવકાની અને અન્ય આગેવાનોનું વિશેષ સન્માન પણ કરવામાં આવેલ. આ તકે રાષ્ટ્રીય પ્રમુખ શ્રી એ જણાવેલ કે સમાજ ના વિકાસ માટે જ્યાં જરૂર હશે તેઓ અને તેમની ટીમ હાજર રહેશે. આ તકે આદિપુર શહેર પ્રમુખ શ્રી વિનોદભાઈ ખુબચંદાણી એ મહેમાનોનો અભાર માની સમાજ ને એકસૂત્રે બાંધી રાખવા અને એકતા જાળવી રાખવા પૂર્વ આગેવાનોના યોગદાનને પણ વિશેષ રૂપે યાદ કરેલ. આ તકે સ્થાનીક આગેવાનો દયાલભાઈ કલવાણી, મોહનભાઈ ઠક્કર, જયંતીભાઈ ઠક્કર, કુણાલ નાજવાની, લચ્છુભાઈ ચતવાણી, ગોરધનભાઈ કોટક, લચ્છુભાઈ લાલચંદાણી, મહેશભાઈ ચાંદવાણી રવિભાઈ ભંભાણી,કમલેશ ભંભાણી, દર્શન મુલચંદાની તેમજ સમાજના મહિલા મંડળ, યુવા મંડળ, ધર્મશાળા ટ્રસ્ટ વગેરે સૌ પદાધિકારીઓ હાજર રહેલ.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

# અવસાન નોંધ



**અંજાર** : કુંભાર હાજી સાલેમામદ દાઉદ (ખેડોઈવાળા) (ઉ.વ. ૬૯) તે જાફર હાજી, મ. ઈસ્માઈલ, મામદના પિતા, હસણભાઈ (કોટડા), અલીભાઈ (ખેડોઇ), ઈશાકભાઈ (અંજાર), મ. કુંભાર જુમા હુસેન, ભચુ હુસેનના ભાઈ, મામદ ઈબ્રાહિમ (ભારાપર), ઓસમાણ ઈબ્રાહિમના બનેવી, ફકીરમામદ (ગુંદાલા)ના સાઢુભાઈ, અલીમામદ, યાકુબ, યુણસના સસરા, નોમાન ઈસ્માઈલ, રિઝવાન, શાહિદના દાદા તા. ૨૨-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્વારે સવારે ૧૦થી ૧૧ મદીના નગર, અંજાર ખાતે.

**અંજારઃ** ગોસ્વામી ભરતગિરી તે પરસોતમગિરી રામગિરિના પુત્ર, કૈ.વા. કંકુબેન પરસોતમગિરીના પુત્ર, ગં.સ્વ અરૂણાબેન ના પતિ, જાગૃતિ (દુધઈ) યોગેશ્વરી (મોખાણા) નિમેશ (અંજાર) કોમલ (સુરજપર)ના પિતાશ્રી, પ્રિહાન, વૈભવીના દાદા, પ્રવીણગિરિના નાના ભાઈ, કૈ.વા. રમણીકગિરી, સુરેશગિરી, મધુબેન રમેશગિરિ ભુજ, શારદાબેન સુરેશગિરી (અંજાર) ના મોટાભાઈ, કૈ.વા. કેણગિરી રામગિરિ, કૈ.વા. ગંગાગિરિ રામગિરિ, કૈ.વા. કેશવગિરી રામગિરિ ના ભત્રીજા, રાહુલગિરી, કુંદનબેન સંજયગિરી (માનકુવા), ફાલ્ગુની નીલેશગિરી (માંડવી), મારૂતિ જીતેશગિરિ (ભુજ) ના મોટા બાપુ, હિરેનગિરિ, અજેશગિરિ, બ્રિજેશગીરિ, હર્ષિદાબેન ભાવેશગિરી (નાગલપર), નેહાબેન દિપેનપુરી (અંજાર)ના કાકા, કૈ.વા.મુલગિરિ દોલતગિરિ (કિડાણા) ના જમાઈ હંસાબેન, દિલીપગિરી, દિનેશગિરિ, મહેન્દ્રગિરી (કિડાણા) ના બનેવી, શ્રદ્ધાબેન (અંજાર) જીતેશગિરિ (દુધઈ) રાજેશગિરી (મોખાણા) ભાવેશગિરી (સુરજપર)ના સસરા, તા. ૨૨/૦૪/૨૦૨૬ બુધવાર ના રોજ કૈલાસવાસ થયેલ છે તેમની પ્રાર્થનાસભા તા. ૨૪/૦૪/૨૦૨૬ શુક્રવાર ના સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરજી સમાજવાડી ખોડીયાર મંદીરની બાજુમાં અંજાર મધ્યે રાખેલ છે.

**અંજાર** : મૂળ જાટાવાડા (તા. રાપર)ના અનોપસિંહ કનુભા વાઘેલા (ઉ.વ. ૬૯) તે ભીખુભા કાનુભાના મોટા ભાઈ, શક્તિસિંહ, વિજયસિંહના પિતા તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના સાંજે ૫:૩૦થી ૬:૩૦ ચિત્રકૂટ ૩/બી, ગરબી ચોક ભાઈઓ માટે તેમજ બહેનો માટે ચિત્રકૂટ ૩/એ ૯૬ ખાતે.

**માનકૂવા (તા. ભુજ)** : જોગી કરસન જેસા (ઉ.વ. ૩૨) તે જાનબેનના પુત્ર, જયાબેનના પતિ, અશ્વિન, ભાવેશના પિતા, જેઠાલાલ, વાલજીના ભત્રીજા, કાનજી, ભરતના મોટા ભાઈ તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૨૩ અને તા. ૨૪-૪ના નિવાસસ્થાન માનકૂવા ખાતે.

**ભુજ** : હાલે મોરબી વડનગરા નાગર રાજીવ વૈદ્ય (ઉ.વ. ૭૨) તે સ્વ. પ્રાણલાલ હરિપ્રસાદ વૈદ્યના પુત્ર, સ્વ. ચિત્રલેખા, સ્વ. વિનીત, જયશ્રી, ઉદિતા, વ્યોમેશ, અતુલના ભાઈ, અંજનાના પતિ, મૌસમી અને જોલીના પિતા, સ્વ. બિહારીલાલ છગનલાલ અંજારિયાના જમાઈ તા. ૨૨-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે.

**ભુજ** : ગં.સ્વ. જયાબેન જયંતીલાલ અગરચા (મોચી) (ભારત ચંપલ સ્ટોર) (ઉ.વ. ૭૮) તે મહેન્દ્ર, યોગેશ, મીનાના માતા તા. ૧૭-૪ના અવસાન પામ્યા છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. સંપર્ક : મહેન્દ્રભાઇ - ૯૯૭૮૦ ૫૨૬૩૧, યોગેશભાઇ - ૯૬૮૭૭ ૩૪૮૯૩.

**ભુજ** : કંસારા સોની ભાવનાબેન (બબીબેન) (ઉ.વ. ૭૫) તે હર્ષદભાઇ લાલજી મૂલચંદ પરમાર (અમદાવાદ)ના પત્ની, ચન્દ્રાબેન ત્રિભોવનદાસ જેઠાલાલ કંસારા (જામનગર)ના પુત્રી, ટીનુબેન હિંમતભાઇ ભુત (રાજકોટ), પ્રવીણાબેન જેન્તીલાલ બુદ્ધભટ્ટી (ભુજ), સ્વ. હેમંતભાઇ, ભરતભાઇ (જામનગર)ના બહેન, ગીતાબેન બાલકૃષ્ણ બુદ્ધ (વડોદરા), નિતાબેન ઈશ્વરભાઇ બિજલાણી (ભુજ), ભાવનાબેન (બકુ) જીતુકુમાર સોલંકી (સુરત), પ્રીતિબેન (ટીનુ) શૈલેશ બુદ્ધ (જામનગર), સ્વ. પીયૂષ લાલજી પરમારના કાકી, સ્વ. કુસુમબેન વિજયકુમાર બુદ્ધભટ્ટીના ભાભી, જયશ્રીબેન (ધનુ) હરેશ કટ્ટા (ભુજ)ના મામી અવસાન પામ્યા છે. નિવાસસ્થાન : ૧૪૭/ બી, સાગર સિટી, મુંદરા રોડ, સ્પેશિઅસ બિલ્ડિંગવાળી ગલીમાં, ભુજ. ટેલિફોનિક પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૦૨૬ના સાંજે ૫થી ૬ સંપર્ક : જયશ્રીબેન (ધનુ) ૯૯૭૮૩ ૨૨૮૮૨, હરેશ- ૯૪૨૯૮ ૨૨૬૧૨, અનિલભાઇ ભુત-૯૮૨૫૩ ૩૫૬૬૬.

**ભુજ** : મૂળ ગઢશીશાના ગં.સ્વ. પ્રભાબેન મોહનલાલ ગણાત્રા (ઉ.વ. ૭૮) તે સ્વ. ઝવેરબેન હીરજી હરીરામ ગણાત્રાના પુત્રવધુ, સ્વ. મોહનલાલ હીરજી ગણાત્રાના પત્ની, સ્વ. રાધાબેન મોહનભાઈ મજેઠીયા (મુળ ટોડીયા, હાલે નાશિક)ના પુત્રી, સ્વ. શિવજીભાઈ, સ્વ. ટોકરશી, સ્વ. પરસોતમ, સ્વ. લક્ષ્મીદાસ, લતાબેન, શારદાબેનના બહેન, સ્વ. દામોદરભાઈ, સ્વ. પ્રતાપભાઈના નાના ભાઈના પત્ની, સ્વ. સાવિત્રીબેન હીરજી ચંદન, ગં.સ્વ. મંજુલાબેન દ્વારકાદાસ આઈઆ, હેમરાજભાઈના ભાભી, સ્વ. જશોદાબેન દામોદરભાઈ, સ્વ. જશોદાબેન પ્રતાપભાઈના દેરાણી, શાન્તાબેનના જેઠાણી, પ્રિતિબેન (વાયોર), કનૈયાલાલ, દિનેશભાઈના માતા, વિનોદભાઈ, લક્ષાબેન, વિદ્યાબેનના સાસુ, પ્રિત, પ્રયાગના દાદી, બરખા, પાર્થના નાની, ગં.સ્વ. ભારતીબેન, હંસાબેન, મીનાબેન, પુષ્પાબેન, જ્યોતિબેન, કાજલબેન, જલારામ, અતુલ, શૈલેષ, દિપક, જયેશ, સતિષના કાકી, રોશની, શ્રદ્ધા, આનંદ, નિધિ, વેદ, રામ, ભાવિક, ઓમ, શ્રેયા, પ્રીન્સના દાદી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના સાંજે ૫થી ૬ દરમ્યાન નવી લોહાણા મહાજનવાડી રૂખાણાં હોલ (વીડી હાઈસ્કૂલ) ખાતે.

**ભુજ** : કલ્પનાબેન માંકડ (ઉ.વ. ૮૧) તે સ્વ. દિલીપભાઈ જયસુખલાલ માંકડના પત્ની, સ્વ. જયસુખલાલ વેજનાથ માંકડના પુત્રવધૂ, સ્વ. મણિભાઈ હરિલાલ ધોળકિયાના પુત્રી, સ્વ. જ્યોત્સનાબેન શિરીષભાઈ પટ્ટણી, ભરતભાઈ ધોળકિયાના બહેન, મીનાબેન ધોળકિયાના નણંદ, કેતુર, શ્રુતિ પરિતોષભાઈ અંતાણી, ગીરા મનીષભાઈ બૂચના માતા, તેજસ કેતુર માંકડના સાસુ, ટીશા, રીવાના દાદી, ડો. મિશા ચિરંતપ ઓઝા, મુસ્કાનના નાની, સ્વ. ચંદ્રકિશોરભાઈ માંકડ, ગ.સ્વ સરોજબેન ઈશ્વરરાય અંજારિયા, જ્યોતિકાબેન દિવાકરભાઈ વોરાના ભાભી, નિશીથ, મેહુલ માંકડના કાકી, અર્ચના માંકડ, દીપ્તિ માંકડના કાકીજી, વૈશાલી તરલ વૈષ્ણવ, અભિજિત, બિનાલી આશિષ મહેતાના ફઈ, દીપ્તિબેન હેમન્દ્રભાઈ વસાવડા, ગિરીશભાઈ, અશોકભાઈ, દુર્ગેશ અંજારિયા, વિમલ, મોહિત વોરાના મામી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના ગુરૂવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ હાટકેશ કોમ્પલેક્સ, ભુજ ખાતે.

**કુકમા (તા. ભુજ)** : મૂળ બિબ્બરના મહેશ્વરી જુમાભાઇ બુદ્ધાભાઇ સીજુ (ઉ.વ. ૯૦) તે સ્વ. ગંગાબેનના પતિ, સ્વ. લક્ષ્મીબેન ડાયાલાલ કોચરા (પાલનપુર - બાડી), કરસનભાઇ સીજુ (પ્રા. શિક્ષક શિવનગર પ્રા. શાળા નં. ૨૪ ભુજ), સુમલબેન (કિડાણા), રવજીભાઇ, માવજીભાઇ, રાહિતના પિતા, સ્વ. ભચીબાઇ બુદ્ધાભાઇ જખુના પુત્ર, સ્વ. તેજબાઇ ધનાભાઇ વીરાભાઇ ધુવા (ખારડિયા)ના જમાઇ, સ્વ. થાવરભાઇ, સ્વ. મગાભાઇ, સ્વ. આતુભાઇ, સ્વ. ગીગાભાઇ, સ્વ. નારાણભાઇના ભાઇ, ડાયાલાલ વેલજી કોચરા (પાલનપુર - બાડી), સ્વ. ઈન્દુબેન કરસનભાઇ (ભુજ), સ્વ. સામત સુમાર ચંદે (કીડાણા), અજબાઇ રવજીભાઇ (કુકમા)ના સસરા, રાહુલ, સોનલ - રાજન ચૌહાણ, રોનક, ભારતી, હિતેન, સૂર્યા, વર્ષા વિનોદ ફફલ, દેવેન, ડોલીના દાદા, રાજન કિશોરભાઇ ચૌહાણ, મિત્તલબેન, દિવ્યાબેનના દાદા સસરા તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા પૂર્ણ થઇ ગયેલ છે. બેસણું નિવાસસ્થાન દાતાર કોલોની કુકમા ખાતે.

**કલ્યાણપર (તા. ભુજ)** : હિનાબેન રઝાક નોતિયાર (ઉ.વ. ૩૮) તે રઝાક નોતિયારના પત્ની, ખમીશા લધાના પુત્રવધૂ, અબ્દુલના ભાભી, સૈયદ અબ્દુલા વારસી (જમશેદપુર)ના પુત્રી, અમન વારસીના બહેન તા. ૨૧-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્રવારે સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાને કલ્યાણપર ખાતે.ઐ

**માધાપર (તા. ભુજ)** : કચ્છ ગુર્જર ક્ષત્રિય મિસ્ત્રી રજનીકાંત સોલંકી (ઉ.વ. ૭૬) તે સ્વ. પાનીબેન દયારામ કાનજીના પુત્ર, રમેશભાઈ, રણજિતભાઇ, સ્વ. પૂર્ણિમાબેન, નલિનીબેનના ભાઈ, સુરેખાબેનના પતિ, બિનિતાબેનના મામા, સ્મિત તથા સુરભિના મોટાબાપા, હંસાબેન રણજિતભાઇના જેઠ, નિર્મળાબેનના દિયર, રતિલાલ જયરામ ચાવડાના જમાઇ, રાજેશભાઇ રતિલાલ (મુંબઇ)ના બનેવી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના ગુરૂવારે સાંજે ૫થી ૬ ટાંક પરિવારના માતાજીના સંકુલમાં, ઠાકર મંદિર પાસે, જૂનાવાસ, માધાપર ખાતે.

**ઘોડાલખ - ગઢશીશા (તા. માંડવી)** : મહંત લઘુભારથીજી મંગલભારથીજી ગોસ્વામી (કામાક્ષીધામ તથા માનકેશ્વર મહાદેવના પૂજારી) (ઉ.વ. ૮૦) તે જાનબાઈ મંગલભારથી કાળુભારથીના પુત્ર, ગં.સ્વ. પ્રવીણાબેનના પતિ, સ્વ. ચાંપાબેન હીરાગર (ગઢશીશા), સ્વ. દેવાબેન માધવગર (ભુજ), ગં.સ્વ. તુલસાબેન ઉમેદગર (માંડવી), દામભારથી, ચનુભારથી, વલ્લભભારથીના મોટા ભાઈ, તારાબેન પરસોત્તમગિરિ (નારણપર), ગં.સ્વ. હંસાબેન રમેશગર (ગઢશીશા), સ્વ. દિનેશભારથી, રેખાબેન મહેન્દ્રપુરી (ભાડઈ)ના પિતા, ગં.સ્વ ભાવનાબેન દિનેશભારથીના સસરા, ખુશાલીબેન શૈલેષગિરિ (અજાપર - અંજાર), યાજ્ઞિકભારથી, ક્રિન્સભારથીના દાદા, ખુશીબેન યાજ્ઞિકભારથીના દાદા સસરા, સ્વ. શિવભારથી કાળુભારથી (જામથડા)ના ભત્રીજા, સ્વ. મંગલપુરી ભગવાનપુરી (મંગરા, તા. મુંદરા)ના જમાઈ, સ્વ. નટવરપુરી, નંદલાલપુરી, સ્વ. પ્રભાબેન, સ્વ. મોહનપુરીના બનેવી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનસભા તા. ૨૩-૪ના ગુરૂવારે સાંજે ૪થી ૫ નિવાસસ્થાન ઘોડાલખ ખાતે.

**ફરાદી (તા. માંડવી)** : પ્રેમીલાબેન મહેશ્વરી (ગચ્યા) (ઉ.વ.૪૨) તે હિરજીભાઈ મગનભાઇ ગચ્યાના પત્ની, ગં. સ્વ. લક્ષ્મીબેન, સ્વ. મગનભાઈ ગચ્યાના પુત્રવધૂ, કિરણ, ઉર્વશી, મિતાલી, પાયલ, પ્રિયાંશીના માતા, સવિતાબેન પ્રવીણભાઈ આયડી (મોટા કપાયા), ધનબાઈ નારણભાઈ લાંભરખિયા (નાના આંસબિયા), માલતીબેન નીલેશ સિંચણિયા(બિદડા), લાલજીભાઈ મગનભાઈના ભાભી, લતાબેન લાલજીભાઈના જેઠાણી, વિવેક, કાવ્યના મોટા મા, કેશરબેન મમુભાઈ ફુલિયા (દરશડી)ના પુત્રી, કાંતાબેન દિનેશ ચુઈયા (નાના કપાયા), ધારાબેન અરાવિંદ ડગરા (નાના કપાયા), મહેશ, કિશોરના મોટા બહેન, ધનવંતીબેન મહેશ, વર્ષાબેન કિશોરના નણંદ, પ્રિયા, રાજ, નીતાંશના ફઈ તા. ૧૬-૪ના અવસાન પામ્યા છે.

**ત્રગડી (તા. માંડવી)** : હેતલબા અરવિંદસિંહ જાડેજા (ઉ.વ.૩૮) તે અરવિંદસિંહ ભરતસિંહ જાડેજાના પત્ની, ભરતસિંહ દયાળજી જાડેજાના પુત્રવધૂ, પ્રવીણસિંહ, પૃથ્વીરાજસિંહ, વજુભા, સ્વ. અનિરુદ્ધસિંહના ભત્રીજાવહુ, સુરેન્દ્રસિંહના નાના ભાઇના પત્ની, ઈન્દ્રજિતસિંહ, યુવરાજસિંહ, મહિપતસિંહ, ઋષિરાજસિંહના ભાભી, પ્રિન્સરાજસિંહ, સત્યરાજસિંહ, હિરલબાના માતા, દિવ્યરાજસિંહના કાકી, કુલદીપસિંહ, પ્રતિપાલસિંહ, સત્યરાજસિંહ, લક્ષ્યરાજસિંહ, મિતરાજસિંહ, આર્યરાજસિંહના ભાભુ તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. બેસણુ તા. ૨૩-૪ના મોમાઇ માતાજીનાં મંદિર ખાતે.

**ગોધરા (તા. માંડવી)** : હાલે ડોમ્બીવલી (મુંબઇ) ગોસ્વામી પુષ્પાબેન પ્રતાપભારતી (ઉ.વ. ૭૬) તે સ્વ. પ્રતાપભારતી હિરાભારતીના પત્ની, સ્વ. ચંદ્રકાંતભારતી, ભરતભારતી, યશોધનભારતીના માતા, દમયંતીબેન ચંદ્રકાંતભારતી, સ્વ. શીતલબેન ભરતભારતી, સ્વ. નયનાબેન ભરતભારતી, મુક્તાબેન યશોધનભારતીના સાસુ, મયંક, હિત, તનીશા, પ્રાચી, દિવ્ય, પ્રિયલના દાદી, પ્રવીણભારતી, ધીરજભારતી, ત્રિભુવનભારતી, મુકેશભારતી, જયંતભારતી, હસમુખભારતી, મહેન્દ્રભારતી, રમેશભારતી, ખુશાલભારતી, યોગેશભારતી, ભરતભારતીના કાકી, સ્વ. લક્ષ્મીબેન નૃસિંહગિરિ (ગુંદિયાળી)ના પુત્રી, હરીગિરિ, શ્યામગિરિ, કાકુગિરિ, દામગિરિ, કસ્તૂરબેન ઉમેદપુરી (નખત્રાણા)ના બેન, જવેરબેન હરીગિરિ, સાવિત્રીબેન શ્યામગિરિ, કાંતાબેન કાકુગિરિના નણંદ તા. ૧૬-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. (લૌકિક વ્યવહાર બંધ છે.) ભરતભારતી - ૯૩૨૩૨ ૨૨૯૩૮, યશોધનભારતી - ૯૯૬૭૪ ૧૩૨૪૧.

**નરેડી (તા. અબડાસા)** : રૂપાણી દાદુભાઈ રામજીભાઈ તે સ્વ. મેઘબાઈના પતિ, નથુભાઈ, હીરજીભાઈ, સ્વ. ગાવિંદભાઈ, સ્વ. શામાબેનના પિતા, નંદુબેન, ગંગાબેનના સસરા, જગદીશ, કિરણ, પંકજ, હસમુખ, કલ્પનાબેન, વનિતાબેન, ગીતાબેન, વંશ, મિક્ષાના દાદા, બચુભાઈ જખુભાઈ પંડ્યા (ભારાપર)ના બનેવી, શાંતિભાઈ, શરદભાઈ, લક્ષ્મણભાઈના ફુઆ, ભરત, નરેશ, સુરેશના નાના તા. ૧૫-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. તા. ૨૪-૪-૨૦૨૬ના સવારે ૯થી ૧૨ના આગરી અને ઘડાઢોળ.

**ધનાવાડા (તા. અબડાસા)** : હિંગોરા હાજી ઉમર સિધીક (ઉ.વ. ૯૬) તે આદમભાઈ (એસટી ડ્રાઈવર), ગુલમામદ, મ. અબ્દુલગફુર, ઈમરાનના પિતા તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૪-૪ના સવારે ૧૦ વાગ્યે ધનાવાડા મસ્જિદમાં.

## રત્નકણિકા

**અજ્ઞાન એ સર્વ પાપો અને દુઃખોનું મૂળ છે.- સ્વામી રામતીર્થ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૭ શ્રી ગંગા સપ્તમી, ગંગોત્પતી, ગુરૂપુષ્યામૃત યોગ રાત્રે ૮:૫૬ ક.થી તા.૨૩ એપ્રિલ ૨૦૨૬, ગુરૂવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૫, પુનર્વસુ નક્ષત્ર, ધૃતિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૧૩ આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), બપોરે ૩:૧૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** — યશ, કીર્તિ પ્રાપ્ત થાય. પ્રિયજનથી મદદ મળે.

**વૃષભ** — જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.

**મિથુન** — કાર્યબોજમાં વધારો થાય. આર્થિક લાભની તક સાંપડે.

**કર્ક** — મનોકામના પૂર્ણ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.

**સિંહ** — એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય. ગૃહવિવાદ.

**કન્યા** — વિરોધીઓને પીછે હટ કરવી પડે.જૂના મિત્રોની મદદ મળે.

**તુલા** — મિલન-મુલાકાત નિષ્ફળ નિવડે. મન વ્યગ્ર રહે.

**વૃશ્ચિક** — કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.

**ધન** — વાણી સંયમ જાળવવો હિતાવહ. વિલંબ બાદ કાર્યમાં સફળતા મળે.

**મકર** — હિતશત્રુઓથી સાવધ રહેવું. આરોગ્ય બાબતે સંભાળવું.

**કુંભ** — મનમાં બેચેની રહે. લાલચથી દૂર રહેવું હિતાવહ.

**મીન** — આકસ્મીક ધન લાભ થવાની શક્યતા. ધીરજના ફળ મીઠા મળે.

# કંડલા પોર્ટ કર્મચારી સંઘ યુનિયનની રજૂઆતના પગલે સુશીલકુમાર સિંઘ દ્વારા બોલાવેલી બેઠકમાં હકારાત્મક વલણ અપનાવેલ




ગાંધીધામ : કંડલા પોર્ટ કર્મચારી સંઘના પ્રતિનિધિ મંડળ દ્વારા કામદારોને લગતા અને લાંબા સમયથી પડતર વિવિધ પ્રશ્નોના અનુસંધાનમાં ડીપીએ અધ્યક્ષ શ્રી સુશીલકુમાર સિંઘને કરવામાં આવેલી રજૂઆતના સંદર્ભમાં અધ્યક્ષશ્રી દ્વારા યુનિયનના પ્રતિનિધિ સાથે તારીખ ૨૧/૦૪/૨૦૨૬ મંગળવારના રોજ ડીપીએના વિભાગીય વડાઓની હાજરીમાં અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુનિયન દ્વારા અગાઉની રજૂઆતને સકારાત્મક રીતે લઈને કામદારોના પ્રશ્નોનું સુખદ સમાધાન કરવાના પ્રયાસો કરવામાં આવેલ. કંડલા પોર્ટ દ્વારા ૧૬૦ એમ.એમ. ટી.નુ લક્ષ્ય પ્રાપ્ત કરવા બદલ દરેક કર્મચારીને ભેટ આપવા બાબતે પ્રશાસન દ્વારા યોગ્ય પ્રક્રિયા અમલમાં હોવાનું જણાવેલ. દરેક કર્મચારીને પ્લોટ આપવા બાબતે રજૂઆતના સંદર્ભમાં પ્રશાસન દ્વારા યોગ્ય કરવા ખાતરી આપેલ. ચર્ચા દરમિયાન જામનગરના કર્મચારી તથા પેન્સનરને મેડિકલ સુવિધા આપવા બાબતે કરાયેલી રજૂઆતના સંદર્ભે અધ્યક્ષશ્રી દ્વારા સી.એમ.ઓ.ને યોગ્ય પગલા ભરીને જામનગર ખાતે મેડીકલ સુવિધા આપવા સુચના આપેલ. વધુમાં નિવૃત કાચા કામદારોતેમજ તેમના જીવનસાથીને મેડીકલ સુવિધા આપવા માટે અધ્યક્ષશ્રી દ્વારા સુચના આપવામાં આવેલ અને નવી મેડીકલ પોલીસી બનાવી મૃતક કર્મચારીના અપંગ પુત્ર/પુત્રી તેમજ વિધવા, અવિવાહિત અને ડિવોર્સી પુત્રીને સમાવવા જણાવેલ. સાથે-સાથે મેડીકલ ડીપાર્ટમેન્ટમાં જરૂરી સુધાર કરી કામદારોને વિવિધ મેડીકલ સુવિધા વધારવા માટે સુચના આપવામાં આવેલ. ક્રેન ચાલકોને ક્રેનના ઓપરેશન કરવા માટે યુનિયન અને પ્રશાશન વચ્ચે થયેલ કરારનું અમલ કરવા માટે ત્વરિત કાર્યવાહી કરવા CME ને સુચનાઆપવામાં આવી. યુનિયન દ્વારા ૨૦૨૩ પછી કાચા કામદારોને પાકા કરવા માટેની કોઈ પ્રક્રિયા કરવામાં આવેલ નથી, તેના જવાબમાં પ્રશાસન દ્વારા પોલિસી પ્રમાણે નવી ભરતી કરવા માટે ટૂંક સમયમાં પ્રક્રિયા હાથ ધરવાની ખાતરી આપવામાં આવેલ. આ ઉપરાંત અન્ય મુદ્દા જે તારીખ ૨૭/૦૯/૨૦૨૪ ના પગાર સમાધાન વખતે મંજૂર થયેલ છે જેવા કે કમ્પ્યુટર લોન, મૃતક કર્મચારીના અપંગ ભાઈ-બહેનને પેન્સન, બાકી રહી ગયેલ ભથ્થામાં વધારા વગેરેનું અમલ કરવા જણાવેલ, જેના માટે અધ્યક્ષશ્રી દ્વારા તમામ મુદ્દાનું સુખદ સમાધાન કરવા આશ્વાસન આપેલ. મિટિંગમાં અધ્યક્ષશ્રીસુશીલકુમાર સિંઘ, તેમજ વિભાગીય વડાઓ દ્વારા કંડલા પોર્ટના કામદારોના હિતમાં થતાં કોઈ પણ કાર્ય માટે રજૂઆત કરવા અને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે હમેશા ખડેપગે રહેશે તેવું આશ્વાસન આપેલ. બેઠક સફળતાપૂર્વક પૂર્ણ થતાં કંડલા પોર્ટ કર્મચારી સંઘના પ્રમુખ શ્રી રાણા વિસરિયા અને પદાધિકારીયો દ્વારા અધ્યક્ષ શ્રી સુશીલકુમાર સિંઘ, પર્સનલ ઓફીસર શ્રી રવિ મહેશ્વરી તેમજ વિભાગીય વડાઓનું આભાર વ્યક્ત કરવામાં આવેલ. આ મિટિંગમાં યુનિયનના પદાધિકારી કુ. ગુલશન એલવીયા, હનીફા અન્સારી, જયંતી રિવાલ, ભરત કોટિયા, શ્યામ મૂર્તિ, સંદીપ પરમાર, પ્રદીપ કોચત, શ્રી અનવર માંજોઠી વગેરે ઉપસ્થિત રહેલ, તેવું અખબારી યાદીમાં કંડલા પોર્ટ કર્મચારી સંઘના મહામંત્રી નારી રામદાસાની દ્વારા જાણવામાં આવેલ.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન કુંદરોડીના જવેરબેન નાનજી લાપસિયા (ઉ.વ. ૯૧) તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન લધુ કુંવરજીના પુત્રવધૂ, સ્વ. નાનજીના પત્ની, રમીલા, નીતા, દિલીપ, ચેતન, મનીષાના માતા, સાડાઉના ગોમીબેન મુરજી દેઢિયાના પુત્રી, શામજી, લાછબાઈ, કસ્તૂરના બેન પ્રાર્થના રાખેલ નથી. દિલીપ લાપસિયા, ૪૦૧, કાંદબરી, એમ.જી. રોડ, ગોરેગાવ (વે).


# કચ્છ કચ્છનોંધ

**અંધજન મંડળ કેસીઆરસી**

● અંધજન મંડળ કેસીઆરસી ભુજ ખાતેની આંખની હોસ્પિટલમાં મોતિયો અને વેલના ઓપરેશન વિનામૂલ્યે તા.૨૫-૪ને શનિવારના રોજ કરવામાં આવશે. ઓપરેશન લાયક દર્દીઓને તા.૨૪-૪ શુક્રવાના રોજ સંસ્થા ખાતે આધારકાર્ડની ઝેરોક્ષ કોપી સાથે હાજર થવાનું રહેશે. દર્દીઓને રહેવા અને જમવાની સગવડ સંસ્થા દ્વારા ફ્રીમાં કરવામાં આવશે.

# કચ્છના ક્રિકેટ ક્ષેત્રમાં ઉભરતા સિતારા પૂર્વ ભટ્ટને અન્ડર-૧૭ નેશનલ સ્પર્ધા માટે પાઠવાયા આર્શીવાદ..!







સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયાના ઉપક્રમે આગામી ૨૯મી એપ્રીલથી તેલંગાણા મધ્યે યોજનારી અન્ડર-૧૭ની ક્રીકેટની રાષ્ટ્રીય શાળાકીય સ્પર્ધામાં કચ્છમાથી એક માત્ર પસંદગી પામેલ પૂર્વ આનંદકુમાર ભટ્ટને વિવિધ આગેવાનોએ આર્શીવાદ-શુભેચ્છાઓ પાઠવી હતી. **પશ્ચિમ કચ્છ એસપીશ્રી વિકાસ સુંડા કે જેઓની સાથે પૂર્વ ડીએસપી ઈલેવલનમાં ફ્રેન્ડલી મેચો રમ્યો છે, તેઓએ પૂર્વને પશ્ચિમ કચ્છ માટે ગૌરવરૂપ સિદ્ધી ગણાવી અને અભિનંદન પાઠવ્યા છે.** ઉપરાંત કચ્છના જાણીતા આગેવાન સમાજસેવક **શ્રી જોરાવરસિંહ(જોરૂભા) રાઠોડ, શ્રી શંકરભાઈ સચદે** તથા પૂર્વની સ્પીડી ક્રીકેટ એકેડમીના પ્રશિક્ષક અને અચ્છા ક્રીકેટ **મુકેશભાઈ ગોર**, તથા પૂર્વની શાળા પીએમશ્રી **કેન્દ્રીય વિદ્યાલય ન.૧ એરફોર્સ સ્ટેશન ભુજના આચાર્યાશ્રી,સ્પોર્ટસ ટીચર તથા વર્ગશિક્ષકશ્રીએ** પૂર્વને શ્રેષ્ઠ પ્રદર્શન માટેની શુભકામના-આશીષ પાઠવ્યા હતા તે વેળાની તસવીર.

# ભુજના વોર્ડ નંબર ૧માં ભાજપનો ડંકો વાગશે : રાહુલ ગોર





**ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં ભાજપનું ઝંઝાવાતી પ્રચાર અભિયાન : કેસરિયા રંગે રંગાયું ભુજનું ચૂંટણી મેદાનઃ મતદારોના અભૂતપૂર્વ પ્રતિસાદથી ભાજપના ઉમેદવારો નરેન્દ્ર વિશનજીભાઈ ભાટિયા, ઈમ્તિયાઝ ફકીરમામદ સોઢા, સીમાબેન આમદ કુંભાર અને હમીદાબેન નાસીર હુસેન ખત્રીનો પેનલ ટુ પેનલ વિજય નિશ્ચિત**

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર શહેરમાં રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને ભુજ શહેરના વોર્ડ નંબર ૧ માં ભારતીય જનતા પાર્ટીએ આ વખતે અત્યંત સક્ષમ અને મજબૂત ઉમેદવારોની ફોજ મેદાને ઉતારતા ચૂંટણી જંગ રસપ્રદ બન્યો છે. ભારતીય જનતા પાર્ટી તરફથી મેદાને ઉતરેલા નરેન્દ્ર વિશનજીભાઈ ભાટિયા, ઈમ્તિયાઝ ફકીર મહંમદ સોઢા, સીમાબેન આમદ કુંભાર અને હમીદાબેન નાસીર હુસેન ખત્રીની પેનલે મતદારોના દિલ જીતવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે.

ચૂંટણી પ્રચારના આ માહોલ વિશે વાત કરતા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાહુલભાઈ ગોરે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, વોર્ડ નંબર ૧ માં જે રીતે જનતાનો સહયોગ મળી રહ્યો છે તે જોતા આખાય વિસ્તારમાં કેસરિયો માહોલ છવાઈ ગયો છે. આ વખતની ચૂંટણીમાં વોર્ડ ૧માં ભાજપનો ડંકો વાગશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વિકાસના કામો અને સંગઠનની શક્તિના જોરે ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારો પેનલ ટુ પેનલ જંગી બહુમતી સાથે વિજયી બનશે તેમાં કોઈ શંકા નથી. જેમ જેમ મતદાનની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને વોર્ડ નંબર ૧ નું આખું રાજકીય ચિત્ર ભાજપ તરફી સ્પષ્ટ થઈ રહ્યું છે.

વોર્ડ નંબર ૧ના વિવિધ વિસ્તારોમાં અત્યારે લોક સંપર્ક અભિયાન અને ડોર ટુ ડોર પ્રચાર કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. આ પ્રચાર અભિયાનમાં કચ્છી લોકઢબ અને રાજકીય ઉત્સાહના અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા. જિલ્લા ભાજપના ઉપપ્રમુખ રાહુલભાઈ ગોરની આગેવાનીમાં સંગઠનના અગ્રણીઓ અને ઉમેદવારોએ ઘરે-ઘરે જઈને મતદારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. આ લોકસંપર્ક દરમિયાન સ્થાનિક રહેવાસીઓએ પણ ઉમેદવારોનું ભવ્ય અને ઉમળકાભેર સ્વાગત કર્યું હતું, જે ભાજપની મજબૂત સ્થિતિનો નિર્દેશ કરે છે. છેલ્લા વર્ષો દરમિયાન ભુજ શહેરમાં ભારતીય જનતા પાર્ટીના શાસન હેઠળ થયેલા વિકાસલક્ષી કાર્યો હવે આ ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બની રહ્યા છે. પ્રચાર દરમિયાન મતદારોનો ઝોક સ્પષ્ટપણે કેસરિયા પક્ષ તરફ જોવા મળી રહ્યો છે.

પ્રજાના પ્રાણપ્રશ્નોના ઉકેલ અને શહેરના સર્વાંગી વિકાસ માટે ભાજપે કરેલી કામગીરીને ધ્યાને રાખીને વોર્ડ નંબર ૧ ના મતદારોએ આ વખતે પણ ભાજપની તરફેણમાં મતદાન કરવાનું મન બનાવી લીધું હોય તેવું વાતાવરણ સર્જાયું છે.

## દેવપુરનગરે ગોડીજી પાર્શ્વનાથ દાદાના દરબારે
# દેરાસરજીનો ધ્વજારોહણ એવમ્ ત્રિહાન્કિા મહોત્સવ સંપન્ન






**મહોત્સવના લાભાર્થી પરિવારોના હસ્તે શાસન ધ્વજ લહેરાયો : જૈનમ જયંતી શાસનનો ગુંજ્યો નારો : વિધ્વાન વિધિકાર ડો. હર્ષ દેઢિયા દ્વારા વિધિવિધાન તેમજ પૂજનો ભણાવાયા**

ગઢશીશા - કચ્છઉદય : દૈદિપ્યમાન દેવપુરનગરે શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં દેરાસરજીની ૧૪૪મી ધ્વજારોહણ તેમજ ત્રિહાન્કિા મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે લાભાર્થી પરિવારો સહ છસો જેટલા મુંબઈ વસતા દેવપુરવાસીઓની સંઘ સ્વરૂપે દેવપુરનગરે પધરામણી થતાં ગામમાં ઉત્સવ છવાયો હતો. મહોત્સવના પ્રારંભે સંઘસ્વરૂપે પધારેલ ભાવિકોનું જૈન મહાજન દ્વારા ભવ્ય સામૈયું તેમજ પ્રથમ દિવસે અઢાર અભિષેક મહાપૂજન યોજાયું હતું. બીજા દિવસે ગૌતમ સ્વામી લબ્ધિ પૂજન ભણાવાયું હતું. તૃતિય દિવસે લાભાર્થી પરિવારના નિવાસસ્થાને ધ્વજાજીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી.

વિધ્વાન વિધિકાર ડો. હર્ષ દેઢિયા દ્વારા પૂજય સાધ્વી ભગવંત જય પદમગુણાજી મ.સા. આદિ ઠાણા તેમજ મુનિરાજ વિરશેખર સાગરજી મ.સા., પૂજય મુનિરાજ હિતવર્ધનસાગરજી મ.સા. આદિની પાવન નિશ્રામાં ધામધૂમથી મહોત્સવ ઉજવાયો હતો. શ્રી ગોડીજી પાર્શ્વનાથ દાદાના દેરાસરની ૧૪૪મી ધ્વજાના મુખ્ય લાભાર્થી નેણબાઈ શામજી ઉમરશી હરિયા હસ્તે મંજુલાબેન દિપકભાઈ શામજી હરિયા પરિવાર રહ્યો હતો. જયારે રંગ મંડપ અને ચોકીયારાના લાભાર્થી સોનબાઈ કાનજી માણશી મોતા પરિવાર હસ્તે ગુણવંતીબેન ઉંમરશી મોતા રહ્યા હતા. જયારે દેવ - દેવીઓની ધ્વજાના લાભાર્થી રતનબેન ધનજી ટોકરશી ગાલા પરિવાર (રતનધન પરિવાર) રહ્યો હતો.

આવતી સાલની ધ્વજા મહોત્સવના લાભાર્થીઓની જાહેરાત કરાઈ હતી, જેમાં મુખ્ય ધ્વજાના લાભાર્થી પ્રેમાબેન રતનશી દેશુ વિસરિયા પરિવાર હસ્તે હરીશભાઈ વિસરિયા, જયંતિભાઈ વિસરિયા તેમજ રંગમંડપના લાભાર્થી રતનબેન ધનજી ટોકરશી ગાલા (રતનધન પરિવાર) જયારે દેવ- દેવીઓની ધ્વજાના લાભાર્થી ચંચળબેન ગાંગજી મોતા પરિવાર હરેશભાઈ મોતાના નામો જાહેર કરાયા હતા. મહોત્સવને સફળ બનાવવા દેવપુર જૈન મહાજનના પ્રમુખ નવીનભાઈ કુંવરજી વીરા, ઉપપ્રમુખ વસંત ગાંગજી ગાલા, માનદમંત્રી વિશાલ મોતા, સહમંત્રી બિપિનચંદ્ર દેવચંદ્ર ગાલા, ટ્રસ્ટી રામજીભાઈ હીરજી મોતા વિજયભાઈ મારૂ, સંજય લક્ષ્મીચંદ નીસર, દેવચંદ ગાંગજી ગાલા, અશ્વિન વીરા, વર્ધમાન જૈન આયંબીલ ખાતાના પ્રમુખ જયંતીભાઈ વિસરિયા, મુંબઈ મહાજનના પ્રમુખ ભાઈલાલભાઈ છાભૈયા, મંત્રી મયુર વિસરિયા સહિતના ટ્રસ્ટીગણ તેમજ દેવપુર મહાજનના કારોબારી સભ્યો હરખચંદ કુંવરજી ગાલા, મહેન્દ્ર લીલાધર વોરા, કાન્તિલાલ મેઘજી, વિસનજી ખેરાજ, દિનેશ ટોકરશી, મેહુલ શાન્તિલાલ, વિપુલ પ્રવિણ ચંદ્ર ગાલા, લહેરચંદ હેમરાજ, વસંત હિરજી વોરા, ધીરજ મુલચંદ નીસર, કેવલ જગદીશ નીસર સહિતના યુવાનોએ જહેમત ઉઠાવી હતી. ભાઈલાલ વોરા, જયંતીલાલ વિસરિયા, મણિલાલ ગાલા અને સુંદરજી ગાંગજી હરિયા સહિતના સલાહકારોએ



માર્ગદર્શન કર્યું હતું. મહાજનના સૌ સહયોગીઓનો આભાર પ્રમુખ નવીનભાઈ ગાલાએ માન્યો હતો.


## જન્નતનશીન



**મર્હૂમ કુંભાર હાજી સાલેમામદ દાઉદ**

(ઉંમર વર્ષ ૬૯)-વફાત તા. ૨૨/૪/૨૦૨૬, બુધવાર ખેડોઈ, તા. અંજાર

અલ્લાહ પાક મર્હૂમને જન્નતુલ ફિરદોશમાં આલા મકામ અતા ફરમાવે આમીન...

મર્હૂમની તાજીયત તા. ૨૪/૦૪/૨૦૨૬, શુક્રવાર સવારે ૧૦થી ૧૧, તેમના નિવાસસ્થાન મદીના નગર, અંજાર મધ્યે રાખેલ છે. મર્હૂની વાયજ જીયારતની તકરીર ખાસ ખુશીથી સૈયદ મૌલાના સલીમ બાપુ જહાંગીરશા (વિઝાણવાળા) ફરમાવશે.

- જાફર હાજી-પુત્ર • મર્હૂમ ઈસ્માઈલ-પુત્ર
- મામદભાઇ-પુત્ર
- હસણભાઇ (કોટડાવાળા)-નાનાભાઈ
- અલીભાઇ (ખેડોઈવાળા)-નાનાભાઈ
- ઈશાકભાઇ અંજારવાળાના મોટાભાઈ
- મર્હૂમ કુંભાર જુમા હુસેન-મોટાભાઈ
- ભચુ હુસેન-મોટાભાઈ
- મામદ ઈબ્રાહીમ (ભારાપરવાળા)-સાળા
- ઓસમાણ ઈબ્રાહીમ-સાળા
- ફકીર મામદ (ગુંદારાવાળા)-સાઢુભાઈ
- અલીમામદભાઈ, યાકુબભાઈ, યુનસભાઈ-જમાઈ
- નોમાન, ઈસ્માઈલ, રીઝવાન, શાહિદ-પૌત્ર


## ભુજમાં કાર હડફેટે બાળકને ગંભીર ઈજા

ભુજ - કચ્છ ઉદય : શહેરના કેમ્પ એરિયામાં આવેલા રાજા કુંભાર ચોકમાં હ્યુન્ડાઈ નિયોસ કાર નં.જીજે૧૨ - એફડી - ૯૪૦૦ ના ચાલકે પોતાની ગાડી બેદરકારીથી ચલાવતા ફરિયાદી દાઉદ આદમ લોટા (કુંભાર) ના પૌત્ર મહમદ હશનને માથા, આંતરડા, ડાબા પગમાં ફ્રેક્ચર સહિતની અને ફેફસામાં આંતરિક રક્ત સ્ત્રાવ થાય તેવી ઈજાઓ થઈ હતી. જેને સારવાર માટે પ્રથમ ભુજ અને બાદમાં અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. હાલ તે સારવાર તળે દાખલ છે. બી-ડિવિઝન પોલીસે આ બાબતે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# ભુજમાં સેન્ટ્રીંગનો સામાન પરત ન આપી ૩.૮૫ લાખની ઠગાઈ

ભુજ - કચ્છ ઉદય : મકાન બાંધકામ માટે વપરાતા સેન્ટ્રીંગનો ૩.૫૦ લાખનો સામાન ભાડેથી લઈ પરત ન આપી બારોબાર વેચી સામાન અને ૩૫ હજાર ભાડુ મળી કુલ ૩.૮૫ લાખની ઠગાઈ કરવામાં આવતા ભુજ એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદી મૂળજીભાઈ વેકરિયાએ જણાવ્યું કે, તેઓ કાંતાબેન હરજીભાઈ ગોરસિયાના પાવરદાર છે અને સેન્ટ્રીંગનો માલસામાન ભાડે આપે છે. ઓગસ્ટ ૨૦૨૫ મા ભુજના કોટડા (ચકાર) ગામના કાનજીભાઈ ખીમજીભાઈ મહેશ્વરીએ બે મહિના માટે સેન્ટ્રીંગનો સામાન ભાડે લીધો હતો. જોકે બાદ સામાન પરત ન આપ્યો, ફોન કરવા છતા ઉપાડ્યા નહીં, તપાસ કરતા બારોબાર માલ વેચી દેવાયો હતો અને અમુક માલ શિણાયમાંથી મળ્યો હતો. જેથી ઠગાઈ કરવામાં આવતા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 03 વર્ષ 2025-26 તારીખ: 22.04.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-40-2026-27 | અમદાવાદ મંડળ – ટ્રેક મશીન સાઈડિંગ ખાતે સહાયક સુવિધાઓનું પુનર્વસન, એપ્રોચ રોડનું સુધારણ, દિવાલો તથા ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો RUB ખાતે પાણી ભરાવ અટકાવવા માટે સમ્પ અને ડ્રેનની વ્યવસ્થા સહિત, તેમજ ADEN–ગાંધીધામના અધિકાર ક્ષેત્ર હેઠળ વિવિધ સ્ટેશનો પર દિવ્યાંગજન સુવિધાઓમાં રહેલી ખામીઓ દૂર કરવાની કામગીરી. | 7,87,79,701.75 | 15,75,600.00 |
| 2 | DRM-ADI-41-2026-27 | સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (વેસ્ટ) અમદાવાદના અધિકાર ક્ષેત્ર હેઠળ વિવિધ LHS ખાતે પાણી ભરાવ અટકાવવા માટે ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો. | 8,43,01,093.19 | 16,86,000.00 |
| 3 | DRM-ADI-42-2026-27 | અસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર – ધ્રાંગધ્રાના અધિકાર ક્ષેત્ર હેઠળ મોન્સૂન દરમિયાન પંપિંગ વ્યવસ્થા સુલભ બનાવવા માટે વિવિધ રોડ અન્ડર બ્રિજ પર સ્માર્ટ લીડાર વોટર લેવલ સેન્સર દ્વારા પાણીના સ્તરની મોનિટરિંગ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવી. | 47,16,160.00 | 94,300.00 |
| 4 | DRM-ADI-44-2026-27 | અસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર – વિરમગામના અધિકાર ક્ષેત્ર હેઠળ મોન્સૂન દરમિયાન પંપિંગ વ્યવસ્થા સુલભ બનાવવા માટે વિવિધ રોડ અન્ડર બ્રિજ પર સ્માર્ટ લીડાર વોટર લેવલ સેન્સર દ્વારા પાણીના સ્તરની મોનિટરિંગ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવી. | 38.31.880.00 | 76,600.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 15/05/2026, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)- અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in**

ADI 010

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly





## અબડાસા વિધાનસભા વિસ્તારની જનતાને જાહેર અપીલ

નમસ્કાર,

જય ભારત સહ અબડાસા વિધાનસભા વિસ્તારની જાહેર જનતાને જણાવવાનું કે વર્તમાન સમયમાં સમગ્ર કચ્છ અને આપણા અબડાસા વિધાનસભા વિસ્તારમાં પણ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નખત્રાણા નગરપાલિકાની સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે. ત્યારે મારા અબડાસા મત વિસ્તારનાં સૌ સમજદાર મતદારોને વિદિત થાય કે આપશ્રી જાણો જ છો તેમ હું પણ કોંગ્રેસમાંથી ચૂંટાયેલ ધારાસભ્ય હતો. પણ જેટલાં વિકાસનાં કામો આપણે સતાપક્ષમાં રહીને આપણે કરી શકીએ એટલાં કામો વિપક્ષમાં રહીને ન કરી શકીએ. એટલા માટે મેં પણ વિચાર્યું અને જે તે વખતે હું પણ આપણા વિસ્તારનાં ખૂબ જ અગત્યનાં વિકાસનાં કામો કરવાની શરતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયો અને જે વખતે હું જોડાયો ત્યારે અમુક લોકોએ ન કહેવાની વાતો કરી, પણ મેં ફકત આપણા વિસ્તારના વિકાસને લક્ષ્યમાં રાખીને ઘણું જતું કર્યુ અને સહન કર્યું. તેમજ હજુ પણ આપણા વિસ્તારના વિકાસ માટે પ્રયત્નશીલ રહીશ. ત્યારે હું આપ સૌને પણ કહેવા માંગું છું કે કેન્દ્રમાં આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને રાજયમાં આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનાં નેતૃત્વ હેઠળની ભાજપા સરકારમાં આપણા અબડાસા વિધાનસભા વિસ્તારના ત્રણેય તાલુકાઓમાં કોલેજો, કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયો, મોડર્ન સ્કૂલો, કોઠારા ITI, ત્રણેય તાલુકામાં TLIR કચેરીઓ, ખેડૂતો માટે નર્મદાનું પાણી, હાઈસ્કૂલો, પ્રાથમિક શાળાઓ, ગામેગામ રોડ-રસ્તા/નાળા-પુલિયા-પાપડીઓ-મોટા બ્રિજનાં કામો, ધાર્મિક અને પ્રવાસન સ્થળોનાં કામો, સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સિંચાઈ માટે ડેમ/તળાવો, કેનાલોનાં કામો, પશુઓ માટે પશુ દવાખાનાઓ અને 1962 એમ્બ્યુલન્સો, ગરીબ લોકોને વિજ જોડાણો, ગરીબોને મફત રેશનિંગ, બક્ષીપંચ છાત્રાલયમાં સંખ્યા વધારો, કોરોનાકાળમાં વિશિષ્ટ કામગીરી, બિપોરજોય વાવાઝોડા વખતે શ્રેષ્ઠ કામગીરી, સમયાંતરે ખેડૂતો માટે ઘઉં, રાયડો, બાજરી, મગફળી વગેરે પાકોની ખરીદી માટે ખરીદ સેન્ટરો શરૂ કરાવ્યાં, ગાંડા બાવળમાંથી કોલસા બનાવાની છૂટથી લોકોને રોજગારી, ઉદ્યોગોમાં સ્થાનિકોને રોજગારી માટે સખત પ્રયત્નો, પશુપાલકો માટે દૂધ ડેરીઓ શરૂ કરવા પ્રયત્નો, મુખ્યમંત્રી રાહતફંડમાંથી મેડિકલ ખર્ચમાં સહાય તેમજ અકસ્માતે મૃત્યુ વખતે સહાય અપાવેલ, જૂના ગામડાંઓને મહેસૂલી દરજજો આપવો (રેવન્યુમાં ચડાવવા) તેમજ ફોરેસ્ટ, ગામતળ, સીમતળ, ગૌચર તેમજ ખેડૂતોની ખેતીની જમીનોનો સર્વે કરીને માપણી કરીને હદ નિશાન કરવા માન. સરકારશ્રીમાં સબળ રજૂઆતો કરેલ. તદુપરાંત માન. સરકારશ્રીની વિવિધ ગ્રાન્ટોમાંથી કોમ્યુનિટી હોલ, શેડ, ઈન્ટરલોક, સી.સી.રોડ, કમ્પાઉન્ડ વોલ, હાઈમાસ્ટ લાઈટો વગેરે જેવા વિકાસનાં કામો દરેક તાલુકે તાલુકે, ગામેગામ અને દરેક સમાજોના કોઈને કોઈ કામો હાલમાં ચાલુ જ છે. તેમજ અત્યારે જે કામો મંજૂર થયેલાં છે તે પૈકી ઘણાં બધાં કામો અત્યારે પ્રગતિ હેઠળ છે જે તમામ કામો બે વર્ષમાં પૂર્ણ થશે ત્યારે આ કામો દેખાશે. બીજું કે આપણા કચ્છ બહાર વસતા લોહાણા, વાણીયા, પાટીદારો, ભાનુશાલીઓ વગેરે મહાજનો અને સખીદાતાઓ આપણા વિસ્તારની ખૂબ જ ચિંતા કરતાં હોય છે અને દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાવાઝોડા, મહામારી વગેરે જેવી કુદરતી આફતોમાં આપણને મદદરૂપ થતાં હોય છે પણ એમનીએ મર્યાદા હોય છે, ત્યારે હજુ મારા ધારાસભ્ય તરીકેની ટર્મનાં બે વર્ષ બાકી છે તો મહેરબાની કરીને આ બે વર્ષમાં કેન્દ્ર અને રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારનો લાભ લઈએ અને આપણા વિસ્તારનાં એક-એક ગામોનાં ખૂટતા કામો પૂરા કરીએ અને આપણો અબડાસા વિસ્તાર પછાત ન રહે તેનાં માટે પ્રયત્ન કરીએ. તેમજ આપ સૌ મતદાતાઓને ખાસ જણાવવાનું કે જો કોઈ અન્ય પાર્ટીનો ઉમેદવાર જીતશે તો તે શું કરશે અને અગાઉ પણ શું કર્યું છે એ આપ સૌ સારી રીતે જાણો જ છો.! તેમજ અત્યાર સુધી જે કામો નથી થયાં તે માત્ર વાદવિવાદના લીધે જ નથી થયાં. તેમજ રાત-દિવસ મહેનત કરીને આટલાં વિકાસનાં કામો કરવાં છતાં જો તમે અમારી વાત ન રાખો અને ચૂંટણીમાં મત ન આપો તો તમને વિકાસમાં રસ નથી એવું અમને લાગે છે. ! માટે આજે જયારે આ લોકશાહીનું પર્વ એટલે ચૂંટણીઓ યોજાઈ રહી છે. ત્યારે લોકશાહી ઢબે તમામ ગામોના તમામ ધર્મ અને જ્ઞાતિઓને ન્યાય મળે અને પાયાનો વિકાસ થાય તેના માટે ચૂંટણીઓ થતી હોય છે, કોઈ ધર્મ કે જ્ઞાતિ વચ્ચે વિવાદ કરવા માટે નહીં, માટે કોને મત આપવો તે અંગે મંથન કરીને કોઈ પણ વાદવિવાદ વગર સૌ સાથે મળીને કમળ જ જોઈને મતદાન કરવા મારી વિનંતી છે. તેમજ હાલમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભ્ય, સાંસદ સભ્ય, રાજય સરકાર અને કેન્દ્ર સરકાર એમ તમામ મોરચે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને સ્થાનિકે આપણા વિસ્તારનું સારૂં ઈચ્છતા હોઈએ અને વિકાસ કરવો હોય તો આપણે ઉમેદવાર કોઈ પણ હોય એ જોયા વગર કે નાતી જ્ઞાતિ જોયા વિના અને લોભ-લાલચમાં આવ્યા વિના ફકત અને ફકત ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને અને કમળને જંગી મતદાન કરીને વિજય બનાવવો જોઈએ.

વિશેષમાં આપ સૌને ખાસ જણાવવાનું કે તમે લોકોએ જયારે પણ મને ફોન કર્યો હશે ત્યારે સંતોષકારક જવાબ આપેલ છે અને હજુ પણ આપ સૌને ખાતરી આપું છું કે આપણા અબડાસા વિધાનસભા વિસ્તારમાં એનાંથી પણ વિશેષ સારાં વિકાસનાં કામો થતાં રહે તેવા મારા સતત પ્રયત્નો રહેશે. અંતે આપ સૌને ખાસ જણાવવાનું કે હાલમાં આ ચૂંટણીઓ નાની છે, આપણો વિધાનસભા વિસ્તાર રાજયનો સૌથી મોટો વિસ્તાર છે અને સમય ખૂબ ઓછો હોતાં હું આપના ગામ કે વિસ્તારમાં કયાંક રૂબરૂ ન પહોંચી શકયો હોઉં તો તે બદલ ક્ષમા-યાચના માંગું છું અને મારી આ અપીલ રૂબરૂ તુલ્ય સમજીને માત્ર ને માત્ર કમળના નિશાન ઉપર જંગી મતદાન કરીને ભારતીય જનતા પાર્ટીના આપણા ઉમેદવારોને વિજય બનાવવા અબડાસા વિધાનસભા વિસ્તારના આપ સૌ મતદારોને હું વિનમ્ર અપીલ કરૂં છું.

"ના કોઈ વાદ, ના કોઈ વિવાદ, મત તો ભાજપને જ"
"થોડામાં ઝાઝું સમજજો"
"વંદે માતરમ, ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત"

લિ. આપનો
**પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા**
(ધારાસભ્ય, ૦૧-અબડાસા-કચ્છ)
મો. નં. ૯૪૨૭૭૬૭૦૦૭, ૭૫૬૭૬૭૭૨૭૭



કાર્યાલયઃ- ધારાસભ્યશ્રીનું લોકસંપર્ક કાર્યાલય, શ્યામ પ્લાઝા, ઓફિસ નંબર-૨, પશુ દવાખાના સામે, નખત્રાણા (કચ્છ)-૩૭૦૬૧૫, મો. નં. ૭૦૧૦૦૭૭૦૦૭



પ.પૂ. શુકદેવજી સ્વરુપ શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ પ્રેરીત

## શ્રી રામ કૃષ્ણ સેવા ટ્રસ્ટ

દ્વારા આયોજીત

## નિઃશુલ્ક સર્વરોગ મેગા મેડીકલ કેમ્પ

**સ્ટર્લિંગનાં નિષ્ણાંત ડોકટર્સ પોતાની સેવા આ કેમ્પમાં આપશે.**

**કેમ્પની તારીખ : ૦૩-૦૫-૨૦૨૬ રવિવાર સમય : સવારે ૯:૦૦ થી ૨:૦૦**

**સ્થળ : સ્ટર્લિંગ રામ કૃષ્ણ સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

પ્લોટ હેલ્થ સેન્ટર, વોર્ડ ૧૦-બી'સી', વાયએમસીએ પાસે, ઇફકો કોલોની સામે, ગાંધીધામ (કચ્છ) ૩૭૦ ૨૦૧.
ફોન : ૦૨૮૩૬-૬૧૯૬૨૦

**આ કેમ્પમાં સેવા આપનાર નામાંકિત ડોકટરો....**

- ડૉ. રવિ રાજાણી – ફીજીશીયન
- ડૉ. આકાશ પટેલ – ફીજીશીયન
- ડૉ. કુણાલ નાથ – ન્યુરો ફીજીશીયન
- ડૉ. હર્ષ તિલવાણી – કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી ના નિષ્ણાંત
- ડૉ. જયમીન સોમાણી – (નેફ્રોલોજીસ્ટ) કિડની તથા ડાયાલીસીસ નાં રોગોનાં નિષ્ણાંત
- ડૉ. જયા તિલવાણી – (નેફ્રોલોજીસ્ટ) કિડની તથા ડાયાલીસીસ નાં રોગોનાં નિષ્ણાંત
- ડૉ. મોહિત મોદી – મેડીકલ ઓન્કોલોજીસ્ટ, કેન્સર રોગના નિષ્ણાંત
- ડૉ. અંકુર ગુપ્તા – મગજ તથા કરોડરજ્જુની ગાંઠ, પિટ્યુટરી ગ્રંથિની ગાંઠ, મણકાની ટીબી કે ફ્રેકચર
- ડૉ. હાર્દિક શુકલા – મગજ તથા કરોડરજ્જુની ગાંઠ, પિટ્યુટરી ગ્રંથિની ગાંઠ, મણકાની ટીબી કે ફ્રેકચર
- ડૉ. હાર્દિક સોલંકી – સી.વી.ટી.એસ બાયપાસ સર્જન
- ડૉ. નિકુંજ ચૌહાણ – સર્જીકલ ઓન્કોલોજીસ્ટ, કેન્સર રોગના નિષ્ણાંત
- ડૉ. અમીત પોલારા – યુરોલોજીસ્ટ, પથરી રોગના નિષ્ણાંત
- ડૉ. બિકેશ મહેતા – ઓર્થોપેડીકસ, હાડકાના રોગના નિષ્ણાંત
- ડૉ. કૃણાલ ઠકરાલ – ઓર્થોપેડીકસ, હાડકાના રોગના નિષ્ણાંત
- ડૉ. અવિનાશ ચૌધરી – ઓર્થોપેડીકસ, હાડકાના રોગના નિષ્ણાંત
- ડૉ. મિતેશ મોદી – જનરલ સર્જન
- ડૉ. કિશન કટુઆ – જનરલ સર્જન
- ડૉ. મોહનીશ ખત્રી – કાન-નાક-ગળાના રોગોના નિષ્ણાંત ડૉકટર
- ડૉ. ઉદીત રાવલ – રેડીયોલોજીસ્ટ
- ડૉ. અરવિંદ ભુડીયા – પેથોલોજીસ્ટ
- ડૉ. રિદ્ધી યાદવ – પેથોલોજીસ્ટ

**જરૂરત પ્રમાણે દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવશે.**

નોંધ : જરૂરતમંદ દર્દીને લેબોરેટરી તપાસ, સોનોગ્રાફી, એકસ-રે નિઃશુલ્ક માં કરી આપવામાં આવશે. દરેક દર્દીએ પોતાના જુના રીપોર્ટ અને દવા જે લેતા હોય તે સાથે લાવવી જરૂરી છે.

**કેમ્પ માટે અગાઉથી નામ નોંધાવી લેવા.**

Phone : 02836-619620 Mo. : 6359001516, 9909536591

**આમ.આર.આઈ અને સી.ટી. સ્કેનની સેવાઓ ૨૪ કલાક હોસ્પીટલમાં ઉપલબ્ધ છે. ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક ચાલુ છે.**

# ખેડૂતોને પડતા પર પાટું: યુદ્ધની અસર ગુજરાતના ખેતરો સુધી પહોંચી, ડીએપી ખાતરની ભારે અછત

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે ખાતરના ઉત્પાદન પર અસર પહોંચી છે. એટલું જ નહીં, મીડિલ ઈસ્ટના દેશોમાંથી આવતા ખાતરના જથ્થામાં ઘટાડો થયો છે પરિણામે ગુજરાતમાં ડીએપી ખાતરની અછતની સ્થિતિ સર્જાઈ છે. વર્ષ ૨૦૨૬માં ખરીફ સિઝન માટે ૩૯ મિલિયન ટન ખાતરની જરૂરિયાત સામે માત્ર ૧૮ મિલિયન ટન જ સ્ટોક છે તે જોતાં આગામી દિવસોમાં ખાતરને લઈને ખેડૂતોની સમસ્યા વધુ વિકટ બને તેમ લાગી રહ્યું છે.

ડાય એમોનિયમ ફોસ્ફેટ અને નાઈટ્રોજન ફોસ્ફરસ, પોટેશિયમ પાયાનું ખાતર છે, જ્યારે યુરિયા પૂરક ખાતર છે. એક તરફ ખાતરના ઉત્પાદનમાં ઘટાડો થયો છે, સરકારે સબસિડીમાં ઘટાડો કર્યો છે તો બીજી તરફ ખેડૂતો માટે સિઝન સમયે ખાતર મેળવવા કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવા મજબૂર થવું પડ્યું છે. આત્મનિર્ભર ભારતના નારા ગુંજી રહ્યા છે. ત્યારે હજુ પણ ભારતે ખાતર માટે આયાત પર આધાર રાખવો પડી રહ્યો છે. કુલ એનપીકે ખાતરની માંગના માત્ર ૬૫-૭૦ ટકા જ ઘરેલુ ઉત્પાદન દ્વારા પૂર્ણ થાય છે, જ્યારે બાકીના ૩૦-૩૫ ટકા વૈશ્વિક બજારો પર આધાર રાખવો પડે છે. કુલ ખાતરનો વપરાશ ૩૨.૬ મિલિયન ટન થયો છે. નાઈટ્રોજનસ ખાતર પણ હજુ પણ આયાત પર આધારિત છે. ફોસ્ફેટિક ખાતરમાં ૩૦-૪૦ ટકા જ્યારે પોટાશમાં ૧૦૦ ટકા આયાત પર આધાર રાખવો પડે તેમ છે. ૨૦૨૬ની ખરીફ સીઝન માટે ૩૯ મિલિયન ટન માંગ છે, જ્યારે વર્તમાન સ્ટોક માત્ર ૧૮ મિલિયન ટન જ છે. આ જોતાં હજુ ખાતર માટે ખેડૂતોને મુશ્કેલી વેઠવી પડશે. મહત્ત્વની વાત એ છે કે, છેલ્લા દસેક મહિનામાં ડી.એ.પી.માં ૧૫૦ રૂપિયા, એન.પી.કે.માં ૮૫૦ રૂપિયા, એમોનિયમ સલ્ફેટ ૩૦૦ રૂપિયા અને પોટાશમાં ૫૫૦ રૂપિયાનો ભાવ વધારો થયો છે. કેન્દ્ર સરકારે ખાતરની સબસિડી મેટ્રિક ટન દીઠ ફિક્સ કરી દેતા ખેડૂતોને આર્થિક માર ભોગવવો પડે છે. છેલ્લા બે વર્ષમાં ખરીફ અને રવિ એમ બંને સિઝનમાં ડીએપી અને યુરિયા ખેડૂતોને મળતું નથી પરિણામે ખેતીને નુકસાન થઈ રહ્યું છે.

# ગુજરાત બિહાર તરફ જઈ રહ્યું છે... શેરી-મહોલ્લા બાદ હવે સોશિયલ મીડિયા પર જનતાએ લીધા નેતાઓના ક્લાસ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : એક સમય હતો જ્યારે નેતાઓ મંચ પરથી ભાષણ આપતાં અને લોકો તાળી પાડી દેતાં પણ હવે સમય એવો આવ્યો છે કે નેતાઓ પોસ્ટ કરે અને લોકો કોમેન્ટમાં કટાક્ષના મેસેજનો ધોધ વરસાવી રહ્યા છે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણી વચ્ચે સોશિયલ મીડિયામાં જનતા એવી રીતે સક્રિય બની છે કે દરેક પોસ્ટ નીચે વ્યંગ, મજાક અને તીખી ટિપ્પણીઓનો વરસાદ વરસી રહ્યો છે. એક ડૉક્ટર રાજકારણીએ રાજીનામું આપ્યું તો નીચે કટાક્ષ થઈ કે, ચામડીના ડૉક્ટર હશે લોકોની જાડી ચામડી ઓળખી ગયા ઉપરાંત બકરી આદુ ખાઈ ગઈ, ધોરણ ૧૦માં ૭માંથી છ વિષયમાં નાપાસ ખાલી પીટીમાં જ પાસ તે પણ આચાર્ય ગુણ સાથે. આવા કટાક્ષ સાથેના સોશિયલ મીડિયા આ નવા ટ્રેન્ડને કારણે નેતાઓ માટે પરિસ્થિતિ વધુ પડકારજનક બની રહી છે.

સુરત પાલિકાની ચૂંટણી માટેનો માહોલ માંડ જામ્યો છે પરંતુ દરેક રાજકીય પક્ષોને શેરી-મહોલ્લા સોસાયટીમાં લોકોના રોષનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે હવે રાજકીય પક્ષો સોશિયલ મીડિયાનો સહારો લઈ પ્રચાર પ્રચાર કરી રહ્યા છે. જો કે શેરી મહોલ્લાની જેમ રાજકારણીઓને સોશિયલ મીડિયા પર પણ લોકો પરસેવો પડાવી રહ્યા છે. રાજકીય પક્ષના નેતાઓ કે સમર્થકો સોશિયલ મીડિયા પર પોતાનો પ્રચાર કે સામેના પક્ષનો વિરોધ કરતી પોસ્ટ મૂકે છે તેની સામે લોકો આક્રમક વલણ અપનાવી પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. કેટલાક લોકો તો સીધી ગાળો લખી રહ્યા છે પરંતુ કેટલાક લોકો તીખા કટાક્ષ સાથે રાજકીય પક્ષોનો ઉઘડો લઈ રહ્યા છે. રાજકીય પક્ષના સમર્થકો-વિરોધીઓને બાદ કરતા સામાન્ય લોકો રાજકારણીઓની પોસ્ટ પર તીખા કટાક્ષ સાથે મજા લઈ નેતાઓની ખિલ્લી ઉડાવી રહ્યાં છે. સુરતમાં એક રાજકીય પક્ષ સાથે સંકળાયેલા ડૉક્ટર નેતાએ પક્ષમાંથી રાજીનામું આપ્યું તે પોસ્ટ નીચે અનેક કોમેન્ટ છે પરંતુ એક કોમેન્ટ એવી છે કે, એ ચામડીના ડૉક્ટર હશે લોકોની જાડી ચામડી ઓળખી ગયા. આ ઉપરાંત એક ઉમેદવારની શૈક્ષણિક લાયકાત વિશેની પોસ્ટ હતી તો તેની નીચે પણ સંખ્યાબંધ કોમેન્ટ હતી જેમાં એક એવી હતી કે ધોરણમાં ૧૦ ધોરણમાં ૭માંથી ૬ વિષયમાં નાપાસ એક માત્ર પીટીમાં પાસ એ પણ આચાર્ય ગુણથી ઉપર ચડાવ્યો છે.

આ ઉપરાંત ઉમેદવારના ફોર્મ ખેંચવાની પોસ્ટ સામે પણ સંખ્યાબંધ કોમેન્ટ થઈ રહી છે તેમાં લોકો આક્રોશ અને કટાક્ષ કરી ડૉક્ટર નેતાજીની ખેંચી રહ્યા છે. લોકો કોમેન્ટ કરે છે, સ્થાનિક સ્વરાજની ચૂંટણી જોતાં એવું લાગે છે ગુજરાત બિહાર તરફ જઈ રહ્યું છે આવા લોકો દેશ માટે નહીં પણ પેટ માટે જ રાજકારણમાં આવે છે, આ લોકોને દેશથી કાંઈ લેવા દેવા નથી. માત્ર રૂપિયા પાછળ દોડે છે આ ઉપરાંત અનેક કટાક્ષ કરવામાં આવ્યા છે.

સુરતના એક ઉમેદવારે સોશિયલ મીડિયા પર દાન માંગવાની પોસ્ટ મૂકી તેની સામે અનેક કટાક્ષ થઈ રહ્યા છે. કોઈ સવા રુપિયો આપી કટાક્ષ કરવા સાથે ઉમેદવારની મજા લઈ રહ્યા છે. તો કોઈ કહે છે, જીતી ગયા પછી અમને કેટલા આપશો, તો અન્ય એક કોમેન્ટ એવી છે કે જે પાર્ટી તેમના ઉમેદવારને લડવા માટેનો ફંડ નથી આપી શકતી તે પાર્ટી લોકોના દેવા માફ કરવાની વાત કરે છે, લોકોને ફ્રીમાં વીજળી આપવાની વાત કરે છે અને લોકોને તમામ સુવિધા આપવાની વાત કરે છે ક્યાંથી પણ? તો કોઈએ કોમેન્ટ કરી ગળાની ચેન વેચો ભાવ ૧,૫૩,૦૦૦ છે. ચેન જોતાં તો લાગે છે ૩ તોલાની હોય તો ૪,૫૦,૦૦૦ તો આવશે.

રાજકીય પક્ષોના સમર્થનમાં કરવામાં આવતી પોસ્ટ્સ નીચે આવી કટાક્ષ ભરી કોમેન્ટનો ધોધ વહી રહ્યો છે, જે દર્શાવે છે કે જનતા હવે માત્ર વચનોમાં નહીં પરંતુ કામગીરીમાં વિશ્વાસ કરે છે. સોશિયલ મીડિયાના આ નવા ટ્રેન્ડને કારણે નેતાઓ માટે પરિસ્થિતિ વધુ પડકારજનક બની છે. કારણ કે અહીં કોઈ મંચ કે માઈકની મર્યાદા નથી, લોકો ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા છે.

# દવા કંપનીઓ હવે ડોકટરોને મોંઘી ગિફ્ટ નહીં આપી શકે, આવી રહ્યો છે સખ્ત કાયદો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દવા કંપનીઓ તરફથી ડોકટરોને મોંઘી ગિફ્ટ, વિદેશ યાત્રાઓ અને અન્ય પ્રલોભન આપી દવાઓનું વેચાણ વધારવાની પ્રવૃતિ પર રોક લગાવવા માટે સખ્ત નિયમ બનાવવા જઈ રહી છે. આ પ્રક્રિયાને અંતિમ રૂપ આપવામાં બે મહિનાનો સમય લાગી શકે છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન આ જાણકારી આપી હતી.

ફેડરેશન ઓફ મેડીકલ એન્ડ સેલ્સ રિપ્રેઝન્ટેટીવ્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા (એફએમઆરએઆઈ)એ વર્ષ ૨૦૦૧માં અદાલત સમક્ષ અરજી દાખલ કરીને દવાઓના માર્કેટીંગ સાથે સંકળાયેલા દિશા-નિર્દેશોને કાનૂની રૂપે બંધનકર્તા બનાવવાની માંગ કરી હતી. જેથી કોઈ પણ પ્રકારના પ્રલોભનની અસર દર્દીઓના ઈલાજ પર ન પડે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સરકારે યુનિફોર્મ કોડ ઓફ ફાર્માસ્યુટીકલ માર્કેટીંગ પ્રેકટીસીઝ બનાવી રાખ્યો છે, પણ તેને કાનૂની રૂપે બંધનકર્તા નથી બનાવ્યો. આ મામલે કેન્દ્ર સરકારનું કહેવું હતું કે ઈન્ડિયન મેડીકલ કાઉન્સીલ (આઈએમસી)એ ડોકટરોને જેનેરિક દવા લખવાના નિર્દેશ આપ્યા છે.

આ મુદ્દે સ્વાસ્થ્ય મામલાની સંસદીય કમીટીએ પણ એક રિપોર્ટ આપ્યો છે. કેન્દ્ર સરકાર તરફથી સોલિસીટર જનરલ તુષાર મહેતાએ સુનાવણીમાં કોર્ટ પાસેથી બે મહિનાનો સમય માંગવા અનુરોધ કર્યો છે. કોર્ટે અરજદારને કહ્યું છે કે તે પોતાના સૂચનો સરકારને દે.

# પૈસાની લેવડ - દેવડવાળી ઓનલાઇન ગેમ્સ પર પ્રતિબંધ યથાવત : નવા નિયમો ૧ મેથી લાગુ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સરકારે સંસદમાં પસાર કરવામાં આવેલ ઓનલાઈન ગેમીંગ કાનૂનના નિયમો સૂચિત કરી દીધા છે. નવા નિયમો ૧ મેથી લાગુ થશે. નિયમોનો ઉદેશ ઓનલાઈન મની ગેમીંગની વધતી સમસ્યા પર અંકુશ લગાવવાનો છે. તેની સાથે જ ઈ-સ્પોર્ટસ ને સોશ્યલ ગેમીંગને પ્રોત્સાહન આપવાનો પણ ઉદેશ છે.

સરકારનું માનવું છે કે, આ માળખાથી દેશને ગ્લોબલ ગેમીંગ હબ બનાવવામાં મદદ મળશે. નિયમો અંતર્ગત ઓનલાઈન ગેમીંગ ઓથોરીટી ઓફ ઈન્ડિયા બનાવવામાં આવશે. ઓથોરીટીને આ સેક્ટરના રેગ્યુલેટર બનાવાયા છે, જે કોઈપણ ગેમની સંજ્ઞાન ઓટોમેટિક જાણકારી મેળવી લે છે, જતેના અધ્યક્ષ આઈટી મંત્રાલયના વિશેષ સચિવ રહેશે.

આ ઓથોરિટી ઓનલાઈન ગેમ્સના રજિસ્ટ્રેશનની સાથે સાથે તેમના નિર્ધારણ માટે પણ જવાબદાર રહેશે. ૧ મેથી જ કામ કરવા લાગશે. નિયમો મુજબ એક પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન એક પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન મની ગેમ કે સોશિયલ/ ઈ સ્પોર્ટસ ગેમ તરીકે ઓળખ કરવામાં આવશે.

જો કોઈ ગેમના બારામાં નિર્ણય માટે આવેદન આપે છે તો ૯૦ દિવસમાં તેના પર નિર્ણય લેવામાં આવશે. સૂત્રો અનુસાર સરકારે નિયમોમાં સખ્તાઈ નથી રાખી અને તેને હળવા જ રાખ્યા છે. જે ગેમ્સમાં પૈસાની લેવડ-દેવડ નથી તેના માટે કાનૂની રજિસ્ટ્રેશનની કોઈ મજબૂરી નહીં રહે. રિયલ મની (અસલ પૈસા) વળી ગેમ્સને બાન કરી દેવાઈ છે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે તે દરેક ગેમમાં વધુ દખલ દેવા નથી માગતી, એટલે મોટા ભાગની ગેમ્સને પરેશાની વિના ચાલવા દેવામાં આવશે.

હવે કોઈ ગેમની સર્ટીફિકેટ માન્યતા ૫ વર્ષથી વધારીને ૧૦ વર્ષ સુધીની કરી દેવામાં આવી છે. ફરીયાદોના નિવારણ માટે પણ બે સ્તરીય વ્યવસ્થા છે. પહેલા સ્તરમાં ગેમ સર્વીસ પ્રોવાઈડરે ફરિયાદ હલ કરવી પડશે. અને જો ગ્રાહક સંતુષ્ટ નથી થતો તો તે ઓનલાઈન ગેમીંગ ઓથોરિટીમાં પણ અપીલ કરી શકે છે. નિયમોના ભંગ બદલ દંડની પણ જોગવાઈ છે.

# અમેરિકાએ રાસાયણિક હથિયારો બનાવી લીધા છે : ટોચના વૈજ્ઞાનિકનો વીડિયો વાયરલ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકી સેનાએ તેના એક ટોચના પરમાણુ અને રાસાયણિક સુરક્ષા વિભાગના વરિષ્ઠ અધિકારી એન્ડ્રયુ હગને ફરજિયાત રજા પર ઉતારી દીધા છે. તેમનો એક વીડિયો વાયરલ થયા બાદ આ પગલું લેવામાં આવ્યું હતું.

આ વીડિયો એક સાર્વજનિક રેસ્ટોરામાં રેકોર્ડ કરવામાં આવ્યું હતું અને તેમાં અમેરિકી સેન્યમાં અભિયાન અને પરમાણુ નીતિ સાથે જોડાયેલી અનેક મહત્વની માહિતીઓ લીક કરવામાં આવી હતી. જેમાં અમેરિકી સેના દ્વારા ખાસ કરીને નર્વ એજન્ટ જેવા ખતરનાક રસાયણિક હથિયાર તૈયાર કરાયા હોવાનું અને તે મેરીલેન્ડમાં સાચવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે અને કહેવામાં આવ્યું છે કે આ હથિયારની લેબમાં એક કેમીસ્ટ સુરક્ષાના ઉપકરણો પહેર્યા વગર ગયો હતો. જ્યાં તેને રાસાયણના સંપર્કમાં આવતા જ ગંભીર બીમારી લાગુ પડી છે.

એટલું જ નહીં અમેરિકા રસાયણિક હથિયાર બનાવી રહ્યું હોવાનું પણ તેને ખુલ્લું કર્યું છે તથા અમેરિકાની મીશાઈલ સિસ્ટમમાં અંગે પણ અનેક ચોંકાવનારી માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે આ તમામ ખતરનાક હથિયારો અમેરિકા યુધ્ધમાં ઉપયોગ કરી શકે છે.

# ભુજમાં ૭૦ દર્દીઓને મળ્યો નિઃશુલ્ક ફિઝિયોથેરાપી લાભ

**તેરાપંથ મહિલા મંડળ અને અણુવ્રત સમિતિના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય જાગૃતિ સાથે સેવા ભાવનાનો સંદેશ**

ભુજ-કચ્છ ઉદય : સમાજમાં આરોગ્ય જાગૃતિ વધે અને જરૂરિયાતમંદ દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે હેતુથી ચાણક્ય ફિઝિયોથેરાપી સેન્ટરના સહયોગથી તેરાપંથ મહિલા મંડળ ભુજ તથા અણુવ્રત સમિતિ ભુજના માર્ગદર્શન હેઠળ નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્યલક્ષી સેવાયજ્ઞ ભુજના તેરાપંથ સભાભવન ખાતે યોજાયો હતો, જેમાં સમાજના અનેક લોકો જોડાયા હતા.

આ કેમ્પમાં સાંધાના દુઃખાવા, કમરના દુઃખાવા, ગળાની તકલીફો તેમજ માંસપેશીઓ સંબંધિત વિવિધ સમસ્યાઓથી પીડિત દર્દીઓની નિષ્ણાત ફિઝિયોથેરાપિસ્ટ ટીમ દ્વારા વિસ્તૃત તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ જરૂરી સારવાર આપવામાં આવી હતી તેમજ દર્દીઓને દૈનિક જીવનશૈલીમાં સુધારા, યોગ્ય કસરત અને શરીર સંભાળ અંગે વિસ્તૃત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પમાં કુલ ૭૦ જેટલા દર્દીઓએ નિઃશુલ્ક સારવાર અને સલાહનો લાભ લીધો હતો. દર્દીઓમાં લાંબા સમયથી ચાલતી પીડામાં રાહત મળતાં સંતોષની લાગણી જોવા મળી હતી અને આવા સેવાયજ્ઞોને સતત ચાલુ રાખવા અંગે ઉપસ્થિત લોકોએ પ્રશંસા વ્યક્ત કરી હતી.

કેમ્પ દરમિયાન મહાસભાના પ્રતિનિધિ નરેન્દ્રભાઈ મહેતાએ ઉપસ્થિત રહી આરોગ્ય જાગૃતિ અને નિયમિત ચેકઅપના મહત્વ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ વાડીલાલભાઈ મહેતાએ સૌને આવકાર આપ્યો હતો અને આવા સેવાભાવી આયોજન માટે સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જિજ્ઞેશભાઈ દોશી, આદર્શ ધનસુખભાઈ કુબડિયા, ભરતભાઈ બાબરિયા, સંઘવી, જાગૃતિબેન બાબરિયા, અદિતિ મહેતા સહિત અનેક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે દર્દીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડી. અણુવ્રત સમિતિના ઉપપ્રમુખ ભારતીબેન શાહ તથા આશિષભાઈ બાબરિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કેમ્પનું આયોજન સુચારૂ રીતે સંપન્ન થયું હતું. દર્દીઓને આગળની સારવાર માટે ચાણક્ય કોલેજ (ઓપીડી – લોટસ કોલોની) ખાતે પણ સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. અંતે અણુવ્રત સમિતિ ભુજના અધ્યક્ષ મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું કે સમાજના આરોગ્ય સુધાર માટે આવી સેવાભાવી પ્રવૃત્તિઓ નિયમિત રીતે ચાલુ રાખવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. તેરાપંથ મહિલા મંડળ અને અણુવ્રત સમિતિના સંયુક્ત પ્રયાસોથી આ આરોગ્ય સેવાયજ્ઞ એક સફળ અને પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યો હતો.

# ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

ભુજ : ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૧૬,૨૬,૩૦૦ વળતર પેટે ચૂકવવા ભુજની કોર્ટે હુકમ કર્યો હતો.આ કેસની વધુ વિગતો મુજબ ભુજના રહેવાસી વિનોદ હરિરામ ડાભીએ આરોપીએ નિલેશ ઉમેશચંદ્ર વૈદ્ય સામે ભુજની ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટની કોર્ટમાં તા.૧૦-૫-૨૦૨૨ના એવી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી તથા આરોપી મિત્ર હોઈ આરોપીને ફરિયાદીએ રૂા.૧૨,૫૧,૦૦૦ રોકડા આપ્યા હતા, જે રકમ પરત આપવા આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો હતો, જે ચેક બેંકમાંથી અપુરતા ભંડોળના કારણે પરત ફર્યો હતો, જેથી ફરિયાદીએ આરોપી સામે કેસ કરતા તે ભુજના ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચલી જતા આઠ જેટલા દસ્તાવેજી આધારો તથા ફરિયાદીનો મૌખિક પુરાવો જેવા તત્ત્વોને કેન્દ્રમાં રાખી આરોપી નિલેશને તક્સીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૧૬,૨૬,૩૦૦ વળતર પેટે ફરિયાદીને ચૂકવવા હુકમ કર્યો હતો. આ વળતર પેટેની રકમ છ માસમાં ચૂકવવામાં આરોપી નિષ્ફળ જાય તો વધુ બે માસની સાદી કેદની સજા કરવાનો હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં ફરિયાદીના એડવોકેટ તરીકે ભુજના ધારાશાસ્ત્રી મયુર એ. પુરોહિત તથા પાર્થ એમ. પુરોહિતે હાજર રહી દલીલો કરી હતી.

# ગાંધીધામ મનપામાં ટેક્સ રેકર્ડ સમસ્યાથી કરદાતાઓને મુશ્કેલી

**નવી એપ અને વેબસાઈટમાં જૂના વેરા રેકર્ડ ઉપલબ્ધ ન હોવાથી કરદાતાઓને મુશ્કેલી : ઇ-નગર સેવા તાત્કાલિક પુનઃ શરૂ કરવાની રજૂઆત**

ગાંધીધામ - કચ્છ ઉદય : મહાનગરપાલિકા દ્વારા ઈ-નગર વેબસાઈટ બંધ કરી તેની જગ્યાએ જીપીઆઈએલ હેઠળ નવી વેબસાઈટ તેમજ “માય ગાંધીધામ” એપ શરૂ કરવામાં આવી છે. જોકે નવી ડિજિટલ સિસ્ટમમાં ટેક્સ અને વેરા સંબંધિત જૂના રેકર્ડ ઉપલબ્ધ ન હોવાથી કરદાતાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જૂની ટેક્સ રસીદો મેળવવા માટે લોકો મહાનગરપાલિકા કચેરીના ધક્કા ખાવા મજબૂર બન્યા છે, છતાં ઘણી વખત જરૂરી માહિતી મળતી નથી. ખાસ કરીને ત્રણ વર્ષ જૂના રેકર્ડ મેળવવામાં વધુ મુશ્કેલી ઊભી થઈ રહી છે. આ મુદ્દે ધારાશાસ્ત્રી એન. જે. તોલાણીએ રાજ્યના શહેરી વિકાસ મંત્રાલયને પત્ર લખી રજૂઆત કરી છે. તેમાં જણાવાયું છે કે અગાઉની ઈ-નગર સિસ્ટમમાં તમામ જૂના રેકર્ડ ઉપલબ્ધ હતા, પરંતુ નવી એપ અને વેબસાઈટમાં ટેક્સ બિલ, નામ અને અન્ય વિગતોમાં વિસંગતતાઓ જોવા મળી રહી છે. કરદાતાઓને પોતાની જૂની રસીદોની ખરાઈ કરાવવામાં પણ મુશ્કેલી પડી રહી છે, જેના કારણે જનતામાં અસંતોષનો માહોલ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જૂના રેકર્ડની સરળ ઉપલબ્ધતા માટે ઈ-નગર સેવા ફરીથી થોડા સમય માટે કાર્યરત કરવાની માંગ કરવામાં આવી છે, જેથી કરદાતાઓને તાત્કાલિક રાહત મળી શકે.

# મઠ જાગીરના ગાદીપતિ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના ૩૭મા વર્ષમાં મંગલ પ્રવેશની ભવ્ય ઉજવણી

**માતાનામઢ ખાતે ગુરૂગાદી પૂજન સાથે ધાર્મિક અનુષ્ઠાન યોજાયા : મઢ જાગીરમાં સેવા, પરંપરા અને આધ્યાત્મિક કાર્યને મળ્યો નવો ઉત્સાહ**

માતાનામઢ - કચ્છઉદય : અખાત્રીજના પાવન દિવસે મઢ જાગીરના ગાદીપતિ રાજાબાવા યોગેન્દ્રસિંહજીએ ગાદીપતિ પદે સફળતાપૂર્વક ૩૬ વર્ષ પૂર્ણ કરીને ૩૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો હતો. આ અવસરે માતાના મઢ ખાતે ગુરુગાદીની વિશેષ પૂજા - અર્ચના સાથે ધાર્મિક કાર્યક્રમો પરંપરાગત વિધિ અનુસાર યોજાયા હતા.

ગાદીપતિના નેતૃત્વ હેઠળ મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા વર્ષોથી મા આશાપુરા મંદિરે ખડગધારી તપ, નવરાત્રિ દરમિયાન હોમ-હવન, વિવિધ અનુષ્ઠાન તેમજ મેરૈયા પૂજા જેવા ધાર્મિક કાર્યો નિયમિત રીતે કરવામાં આવે છે. ભૂકંપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ અને કોરોના મહામારી જેવા વિકટ સમયગાળામાં પણ ગાદીપતિના માર્ગદર્શન હેઠળ જાગીર ટ્રસ્ટ દ્વારા સતત સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

૩૭મા વર્ષમાં પ્રવેશના આ પ્રસંગે માતાના મઢ ગામના ગ્રામજનો, વેપારી વર્ગ તથા વિવિધ સંસ્થાના અગ્રણીઓએ ગાદીપતિ રાજાબાવા યોગેન્દ્રસિંહજીને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર ગામમાં ધાર્મિક માહોલ સાથે આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે ગુરુગાદી પૂજન કાર્યક્રમમાં મઢના વેપારી અગ્રણી અરવિંદભાઈ શાહ, પૂર્વ સરપંચ સુરેશસિંહ જાડેજા, પ્રહલાદસિંહ ચૌહાન, જગદીશભાઈ શાહ, ભગીરથસિંહ સોઢા, મહેન્દ્રભાઈ જોશી સહિત મોટી સંખ્યામાં વેપારીઓ અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની વ્યવસ્થાની જવાબદારી મયૂરસિંહ જાડેજા, પંકજ કાપડી અને પ્રકાશ જાડેજાએ સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને પરંપરાગત શિસ્ત સાથે સંપન્ન થયો હતો?

# મોટાભાડીયા ખાતે ચારણ સમાજના સમૂહલગ્નમાં સંસ્કાર અને સમરસતાનો સંદેશ ગુંજ્યો

**સોનલધામ સમાજવાડીમાં યોજાયેલા ૧૩મા સમૂહલગ્ને ગૃહસ્થ જીવનના મૂલ્યોને આપ્યો મજબૂત આધાર**

મોટાભાડીયા (તા. માંડવી) - કચ્છઉદય : મોટા ભાડીયા ગામે ચારણ સમાજ અને સમૂહલગ્ન સમિતિના સંયુક્ત ઉપક્રમે સોનલધામ ચારણ સમાજવાડી ખાતે યોજાયેલા ૧૩મા સમૂહલગ્નોત્સવે સામાજિક એકતા, સંસ્કાર અને સહકારની ઉજવણી કરી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો અને સંતોએ સમૂહલગ્નના મહત્વને ઉજાગર કરતાં વધુમાં વધુ લોકો આ પરંપરામાં જોડાય તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે દેવલમા (ભાડા) અને કમળામાએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે સમૂહલગ્ન દ્વારા સમાજમાં એકતાનું ભાવવરણ મજબૂત બને છે અને આર્થિક રીતે પણ સમાજને મોટો લાભ થાય છે. સમાજની શક્તિ અને સંપત્તિનો સદુપયોગ થાય તે માટે આવા આયોજનો ખૂબ જ જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. કથાકાર કશ્યપ શાસ્ત્રીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે સમૂહલગ્ન માત્ર લગ્ન વિધિ નથી પરંતુ સમાજ વચ્ચે થતું એક પવિત્ર બંધન છે, જે ગૃહસ્થાશ્રમને સુખમય અને સુવ્યવસ્થિત બનાવે છે. સમાજની વચ્ચે થતું આ બંધન પવિત્રતાની નિશાની છે અને આવનારી પેઢી માટે એક આદર્શરૂપ પરંપરા છે.

સમૂહલગ્ન પ્રસંગે પ્રથમ દિવસે ગણેશ આહવાન સાથે મંડપારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હસ્તમેળાપ, મહાપ્રસાદ તેમજ સાંજે રંગીન રાસ-ગરબા કાર્યક્રમો યોજાયા હતા. બપોર બાદ લોકપ્રિય કલાકાર નાથાભાઈ ગઢવી અને અનિતાબેન ગઢવીના કંઠે યોજાયેલા રાસ-ગરબાએ હાજર જનમેદનીને મંત્રમુગ્ધ બનાવી દીધી હતી અને ઉત્સાહભેર લોકો જોડાયા હતા. રાસ-ગરબા દરમિયાન એકત્ર થયેલી ગોરની રકમ રૂપિયા ૬,૪૦,૦૦૦ સમિતિ દ્વારા ગામમાં કાર્યરત ગૌશાળા વિકાસ ટ્રસ્ટને અર્પણ કરવામાં આવી હતી, જે સમાજના સેવાકીય ભાવને દર્શાવે છે. આ ઉપરાંત દિલીપભાઈ પટેલના કંઠે ગવાયેલા લગ્ન ગીતોએ કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ ઊભું કર્યું હતું.

સમૂહલગ્નના આચાર્ય તરીકે શ્યામ શાસ્ત્રીજીએ વિધિ-વિધાનો પાર પાડ્યા હતા, જ્યારે પ્રમુખ રતનભાઈ ગઢવીએ અધ્યક્ષ સ્થાનેથી સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ સમિતિ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે દાતાશ્રીઓએ પણ ઉદાર હાથે સહયોગ આપ્યો હતો. મુંબઈ ચારણ સમાજના માજી અધ્યક્ષ વાલજી કેશવભાઈ સેડાએ રૂપિયા ૨૧,૦૦૦, પાલુભાઈ વિરમભાઈ ગેલવાએ રૂપિયા ૧૧,૦૦૦, કરમણભાઈ જખુભાઈ બાનાયતે રૂપિયા ૧૧,૦૦૦ સહિત અન્ય દાતાઓએ આર્થિક યોગદાન આપ્યું હતું.

સમિતિ દ્વારા નવદંપતીઓને દેવલમા (ભાડા), કમળામા, વિશ્રામભાઈ અરજણભાઈ મુધુડા તથા પ્રમુખ રતનભાઈ ગઢવી તરફથી પ્રતીક ભેટો અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના માજી ઉપાધ્યક્ષ છાયાબેન ગઢવી સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્યામ મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભારવિધિ રાણસી રણમલભાઈ ગઢવીએ કરી હતી. ગામના ચારણ સમાજના વડીલો, યુવાનો અને મહિલાઓએ આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સમાજમાં સંસ્કાર, સહકાર અને સમરસતાનો સંદેશ પ્રસરાવતો આ સમૂહલગ્નોત્સવ એક યાદગાર અને પ્રેરણાદાયી પ્રસંગ બની રહ્યો હતો.

# નેત્રાના શીતલા માતાજી મંદિરે યોજાયેલા મેળો યોજાયો

**પરંપરાગત પહેરવેશમાં લોકોની મોટી હાજરી : ધાર્મિક આસ્થા સાથે મેળામાં લોકજીવનની ઝલક : આકરા તાપ છતાં બપોર બાદ મેળો ફરી જીવંત બન્યો**

નેત્રા - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના નેત્રા ગામે સ્થિત શીતલા માતાજીના મંદિરે યોજાયેલા પરંપરાગત મેળામાં ભક્તિભાવ અને લોકસાંસ્કૃતિક રંગોનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ગામ તથા આસપાસના અનેક ગામોમાંથી હજારો શ્રદ્ધાળુઓએ માતાજીના ચરણોમાં નમન કરી આશીર્વાદ લીધા હતા.

સવારે મહિલાઓ દ્વારા માતાજીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સવારથી જ મેળામાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ભક્તિ સાથે સાથે મેળામાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયું હતું.

બપોરના સમયે આકરા તાપના કારણે મેળામાં થોડો સમય વિરામ જોવા મળ્યો હતો, પરંતુ સાંજ બાદ વાતાવરણ અનુકૂળ બનતાં ફરીથી મોટી સંખ્યામાં લોકો મેળામાં ઉમટી પડ્યા હતા.

મેળામાં ચકડોળ, જમ્પિંગ સહિતના મનોરંજન સાધનો બાળકો અને યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાથે જ ખાણી-પીણીના સ્ટોલ, ફળફળાદિ, રમકડાં, ઠંડાપીણાં અને કટલેરીના સ્ટોલ પર સતત ભીડ જોવા મળી હતી.

નેત્રા સહિત આસપાસના રસલિયા, ખોંભડી, ટોડિયા, કાદિયા, બાંડિયા, ઉસ્તિયા, નરાનગર, ખાનાય, લક્ષ્મીપર (નેત્રા), ભાડરા, બાંડિયારા, રામપર (સરવા), ખીરસરા (નેત્રા), નાગવીરી તથા રવાપર સહિત અનેક ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં મેળામાં આવ્યા હતા. ખાસ કરીને પરંપરાગત પહેરવેશમાં આવેલા લોકોના કારણે મેળામાં ભાતીગળ અને લોકસાંસ્કૃતિક દૃશ્યો સર્જાયા હતા, જે ગ્રામ્ય સંસ્કૃતિની જીવંત ઝલક રજૂ કરતા હતા. પોલીસ અને જી.આર.ડી. દ્વારા મેળામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર આયોજન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. જોકે ગ્રામ પંચાયત દ્વારા હંગામી લાઈટ અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓ પૂરતી ઉપલબ્ધ ન કરાતા ધંધાર્થીઓ અને શ્રદ્ધાળુઓમાં નારાજગી પણ જોવા મળી હતી.

# કચ્છના જાહેર જીવનના અગ્રણીનો જન્મદિવસ વિવિધ સેવા કાર્યો સાથે ઉજવાયો

ભુજ-કચ્છઉદય : કચ્છના જાહેર જીવનના અગ્રણી અને યુવા નેતા સામાજિક અગ્રણી મોહમ્મદ સિદીક જુણેજાના જન્મદિવસે ભુજ ખાતે વિવિધ સેવા કાર્યો સાથે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા ઉજવાયો હતો. જાહેર જીવનના અગ્રણી મોહમ્મદ સિદીક જુણેજા છેલ્લા ઘણા વર્ષોથી કચ્છની અંદર અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં કડીરૂપ બની રહ્યા છે. તેઓ હંમેશા સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે હિંદુ-મુસ્લિમના તહેવારોમાં તેઓ હંમેશા તેઓ સદાય પડખે રહે છે તેમના જન્મદિવસે અભિનંદનની વર્ષા વરસી રહી છે. તેઓ હંમેશા ૧૦૮ની જેમ દોડતા મોહમ્મદ સીધી જુણેજાના જન્મદિવસે આખો દિવસ શહેરના સામાજિક અગ્રણીઓ, રાજકીય નેતાઓ, પત્રકારો, ડોક્ટરો અને આમ જનતા તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે અને સતત મોબાઈલથી એમને અભિનંદનની વર્ષા વરસી રહી છે. તેમના જન્મદિવસે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ વિસ્તારોમાં રાશનકીટોનું વિતરણ તેમજ અલગ અલગ વિસ્તારોમાં ઠંડી છાશનું વિતરણ અને બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત જીવદયા પ્રવૃત્તિ પણ કરવામાં આવી હતી અને ઉનાળાને ધ્યાને લઈને ચકલીઘર અને પાણીના કુંડાનું વિતરણ ઠેર-ઠેર કરવામાં આવ્યું હતું.

# અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફરી ત્રણ જાહેરનામા અમલી

ભુજ : કચ્છમાં કાયદો - વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જિલ્લાની સરકારી કચેરીઓમાં કામસર આવતા લોકોને કોઈ અગવડ ન પડે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણ દ્વારા ફરી ત્રણ જાહેરનામા અમલી બનાવાયા છે, જે અંતર્ગત જિલ્લા - મધ્યસ્થ તાલુકા સેવા સદનના પરિસરની ૧૦૦ મિટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ પર બેસવા મનાઈ ફરમાવાઈ છે. આ ઉપરાંત ભુજની સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ અને જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતા વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદન પત્ર આપવા પર રોક લગાવાઈ છે. આ ત્રણેય જાહેરનામા તા.૫-૫ સુધી અમલી રહેશે.

## ૫૬ ભોગ અન્નકૂટ ઉત્સવ સાથે પાંચ દિવસીય શ્રીહરિસ્મૃતિ કથા પારાયણને વિરામ અપાયો

# ભુજ સ્વામિનારાયણ મંદિરમાં મહાઅભિષેક સાથે નરનારાયણ દેવનો ૨૦૩મો પાટોત્સવ ઉજવાયો

**ઠાકોરજીની શોભાયાત્રા, મહારાસ, સત્સંગ ડાયરો સહિતનાં કાર્યક્રમોમાં હરિભક્તો ઉમટયાં**

ભુજ - કચ્છઉદય : ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે બિરાજમાન નરનારાયણદેવનાં ૨૦૩મા પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમ્યાન શ્રીહરિસ્મૃતિ પંચાહ્નપારાયણ જ્ઞાન યજ્ઞ અંતર્ગત પોથી યાત્રા, કથા દરમ્યાન આવતાં વિવિધ પ્રસંગોની સંતો, સાંખ્યયોગી બહેનો, યજમાનોની ઉપસ્થિતિ શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવતી હતી. કથાના સમાપને નરનારાયણ દેવનાં ૨૦૩માં પાટોત્સવને લઈને મહા અભિષેક, અન્નકુટ ઉત્સવ, ઠાકોરજીની શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ પ્રસંગે ધર્મકુળ આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ મહા અભિષેક, અન્નકુટ ઉત્સવ, ઠાકોરજીની શોભાયાત્રા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભુજ, અંજાર, ગાંધીધામ, અબડાસા, રાપર, મુન્દ્રા તેમજ ચોવીસીના અનેક ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો પગપાળા અભિષેક અને અન્નકુટ દર્શનનો લાભ લેવા ઉમટ્યા હતા.

આ પ્રસંગે વિશેષ માહિતી આપતાં મંદિરનાં મુખ્ય કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ મંદિર ખાતે મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવજીવનદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગતની આજ્ઞાથી નરનારાયણ દેવનાં ૨૦૩માં પાટોત્સવના મુખ્ય યજમાન તરીકે મૂળ માધાપર હાલે બોલ્ટન લંડનના અ.નિ. વિશ્રામભાઈ કાનજી વરસાણી તથા અ.નિ. ખીમજીભાઈ હીરા વાગડીયા પરીવારના અક્ષરનિવાસી થયેલ પરમ ભક્તોની પુણ્ય સ્મૃતિમાં નાનદાસભાઈ સામજી વરસાણી સહ પરીવારે મુખ્ય યજમાન પદ સ્વીકાર્યું હતુ. આ પાટોત્સવ અંતર્ગત શ્રીહરિસ્મૃતિ પંચાહ્ન પારાયણ જ્ઞાન યજ્ઞ યોજવામાં આવ્યો હતો, જેનાં પ્રારંભ પૂર્વે શહેરનાં સ્મૃતિ મંદિર ખાતેથી વાજતે-ગાજતે પોથીયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં સંતો, સાંખ્યયોગી બહેનો જોડાયા હતાં. પટેલ ચોવીસીની કીર્તન મંડળીએ રૂટ ઉપર કીર્તનની રમઝટ બોલાવી હતી જ્યારે મહિલા બેન્ડ અને પાઈપ બેન્ડે પણ આકર્ષણ જમાવ્યું હતુ

પાંચ દિવસીય શ્રીહરિસ્મૃતિ કથાનાં વક્તા તરીકે શા. સ્વામી આનંદવલ્લભદાસજી, શા.સ્વામી પ્રેમવલ્લભદાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કથાનું રસપાન કરાવ્યુ હતું. જ્યારે સ્વામી વાસુદેવપ્રિયદાસજી અને સ્વામી નીલકંઠમુનિદાસજીએ સંગીતમાં સાથ આપ્યો હતો. સભાનું સંચાલન શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને કૃષ્ણવિહારીદાસજીએ કર્યુ હતું. કથા દરમ્યાન સંતો, સાંખ્યયોગી બહેનો, કથાનાં યજમાનોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિ ભુજ આગમન, ફૂલદોત્સવ, ઠાકોરજીની શોભાયાત્રા સહિત પ્રસંગોની ઉજવણી કરવામાં આવી તેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. સ્વામી જગતપાવનદાસજી, સ્વામી સનાતનદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી વિગેરે વડીલ સંતો એ આશિર્વચનો પાઠવ્યા હતાં.

આ સિવાય પાંચ દિવસ દરમ્યાન રાત્રીનાં સમયે વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતાં. જેમાં મહારાસોત્સવમાં નિશાદભાઈ સોની એન્ડ ગ્રૂપ રમઝટ બોલાવી હતી. સત્સંગ ડાયરો સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.





પાટોત્સવની ઉજવણીનાં સમાપને વહેલી સવારે વિધિવિધાન સાથે પંચામૃતથી ઠાકોરજીનો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. બાદમાં અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરાઈ જેનો પણ બહોળી સંખ્યામાં સ્થાનિક તેમજ આજુબાજુનાં ગામોનાં રહેવાસીઓએ લાભ લીધો હતો.

મહોત્સવને સફળ બનાવવા માટે કોઠારી સ્વામી ગોલોકવિહારી દાસજી, મુખ્ય કોઠારી રામજીભાઈ વેકરીયા, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરાસીયા, ટ્રસ્ટીઓ ખીમજી ભગત, દિનેશ ભગત, ઘનશ્યામવલ્લભ દાસજી, પુરૂષોત્તમપ્રિય દાસજી, શ્રીહરિપ્રસાદ દાસજી, વિજ્ઞાનદાસજી, ભક્તિપ્રકાશ દાસજી, પુરૂષોત્તમસ્વરૂપ દાસજી, કૃષ્ણવિહારી દાસજી, શાન્તિસ્વરૂપ દાસજી, નંદકિશોરદાસજી, ઘનશ્યામચરણ દાસજી, ગોવલ્લભદાસજી, દિવ્યપ્રસાદ દાસજી, વિવેકસાગર દાસજી, જગજીવનદાસજી, ઘનશ્યામપ્રકાશ દાસજી, બ્રહ્મવિહારી દાસજી, જ્ઞાનસ્વરૂપદાસજી, જ્ઞાનપ્રિયદાસજી, નિલકંઠસ્વરૂપ દાસજી, ઘનશ્યામચરણ દાસજી, ઘનશ્યામસેવક દાસજી, પ્રેમવલ્લભ દાસજી આદિ સંતો, કચ્છ નરનારાયણ દેવ યુવક, યુવતી અને મહિલા મંડળે જહેમત ઉઠાવી આ પાટોત્સવને સફળ બનાવ્યો હતો.

# માધાપરમાં જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠક કબ્જે કરવા કોંગ્રેસે કમર કસી



અરજણ ભુડિયા



પ્રિયંકા ભુડિયા

## પ્રિયંકા ભુડિયા શિક્ષિત ઉમેદવાર, લોકો સાથે સંપર્કમાં મળતો આવકાર

ભુજ તાલુકા પંચાયતની દહીંસરા બેઠક પરથી પ્રિયંકાબેન અરજણભાઈ ભૂડીયા કોંગ્રેસના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા છે. દહીંસરા બેઠક હસ્તક દહીંસરા, સરલી, ગોડપર અને મેઘપર ગામનો સમાવેશ થાય છે. પ્રિયંકાબેન અરજણ ભુડિયા એમબીએનો અભ્યાસ કરેલો છે. નવદુર્ગા નવરાત્રી મહિલા મંડળના પ્રમુખ છે. સાંસ્કૃતિક, શિક્ષણ, ધાર્મિક, વૃક્ષારોપણ, મહિલા સશક્તિકરણમાં તેઓ સક્રિય છે. લોકસંપર્કમાં તેમણે શિક્ષણના સ્તરમાં સુધારો કરવો, ગ્રામીણ મહિલાઓને સ્વરોજગારી આપવા સહિતના મુદા રજૂ કર્યા છે. દહીંસરા સીટ નારાણપર પસાયતી જિલ્લા પંચાયત બેઠક હસ્તક આવે છે. જિલ્લા પંચાયતની આ સીટ પર કોંગ્રેસે ફોટડી જુથ ગ્રામ પંચાયતના સરપંચ એવા નાનબાઈ રવજી હિરાણીને ટીકીટ આપી છે. જન સંપર્ક દરમિયાન કોંગ્રેસના ઉમેદવારોને આવકાર મળી રહ્યો છે.

**પેનલના પ્રણેતા અરજણભાઈ ભુડિયાના માર્ગદર્શનમાં શેરીએ શેરીએ થતો પ્રચાર: અરજણભાઈ ભુડિયાએ સુખપર જિલ્લા પંચાયત અને તેમની દિકરીએ દહીંસરા તાલુકા પંચાયતની બેઠક પરથી નોંધાવેલી ઉમેદવારીમાં મળતું જનસમર્થન : રવિવારે કોંગ્રેસ તરફી મતદાન માટે લોકોને કરાઈ અપીલ**

માધાપર - કચ્છ ઉદય : પટેલ ચોવીસીમાં આવતા માધાપર અને સુખપર બેઠક હાલમાં ચર્ચામાં છે અને કોંગ્રેસના ઉમેદવારોને અહીં ભારે સમર્થન મળી રહ્યું છે. ભુજ તાલુકાની માધાપર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠક પર અરજણભાઈ ભુડિયાના માર્ગદર્શનમાં પેનલ ઉતરી છે. અરજણભાઈએ સુખપર બેઠક પરથી દાવેદારી નોંધાવી છે. ગામોમાંથી તેમને સમર્થન મળી રહ્યું છે. તેમના પુત્રી નારણપર પસાયતી જિલ્લા પંચાયત બેઠક હસ્તક આવતા દહીંસરા તાલુકા પંચાયતના ઉમેદવાર છે.

માધાપર વિસ્તારમાં લાંબા સમયથી જનસંપર્ક અને લોકસેવાના કાર્યોથી ઓળખ ધરાવતા અરજણભાઈ ભૂડીયાના માર્ગદર્શન હેઠળ કોંગ્રેસે દરેક બેઠક માટે વિચાર પૂર્વક ઉમેદવારો પસંદ કર્યા છે. સ્થાનિક સમસ્યાઓને સમજનાર, શિક્ષિત, યુવા અને લોકપ્રિય ચહેરાઓને પ્રાથમિકતા આપતા પક્ષે મજબૂત ટીમ ઉભી કરી છે. માધાપર જિલ્લા પંચાયત બેઠક પર મિતેશભાઈ મનસુખભાઈ ભાડકા (રબારી) ઉમેદવાર તરીકે મેદાનમાં છે, જ્યારે તાલુકા પંચાયતની માધાપર જૂનાવાસ-૧ બેઠક પરથી મુરૂભા પ્રાગજી જાડેજા, જૂનાવાસ-૨ પરથી નરેન્દ્રસિંહ રઘુવીરસિંહ જાડેજા, નવાવાસ-૧ પરથી પરેશ કરશન ગામી અને નવાવાસ-૨ પરથી ધીરજલાલ ગાભા ગરવાએ ઉમેદવારી નોંધાવી છે.

કચ્છ જિલ્લા પંચાયતની સુખપર બેઠક પર કોંગ્રેસે પોતાનો સૌથી મજબૂત દાવ રમતા અરજણભાઈ દેવજી ભૂડીયાને ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. જનસેવા તેમની ઓળખ બની ગઈ છે અને લોકો સાથે સીધો સંપર્ક તેમનો સૌથી મોટો બળ રહ્યો છે. 'પરિવર્તનનો સંકલ્પ, કોંગ્રેસનો સાથ'ના નારા સાથે અરજણભાઈએ પ્રચારને વેગ આપ્યો છે. તેઓ દરેક વિસ્તારોમાં જઈને મતદારોને વિશ્વાસ અપાવી રહ્યા છે કે તેમની જીત માત્ર રાજકીય જીત નહીં, પરંતુ વિકાસના નવા યુગની શરૂઆત સાબિત થશે. કોંગ્રેસના પ્રચાર દરમિયાન માધાપરના પાયાના પ્રશ્નોને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે.

પીવાનું શુદ્ધ પાણી, સુવ્યવસ્થિત ગટર વ્યવસ્થા, મજબૂત અને પાકા રસ્તાઓ, તથા સ્વચ્છતા જેવી મૂળભૂત જરૂરિયાતોને લઈને જનતામાં લાંબા સમયથી અસંતોષ જોવા મળે છે. અરજણભાઈ ભૂડીયા અને તેમના સાથી ઉમેદવારો દ્વારા ડોર-ટુ-ડોર કેમ્પેઈન ચલાવીને લોકો સાથે સીધી વાતચીત કરવામાં આવી રહી છે. પ્રચાર દરમિયાન તેઓ લોકોની સમસ્યાઓ સાંભળી તેની નોંધ લઈ રહ્યા છે અને સ્પષ્ટ રીતે ખાતરી આપી રહ્યા છે કે કોંગ્રેસને સત્તા મળશે તો પારદર્શક, જવાબદાર અને વિકાસમુખી શાસન આપવામાં આવશે.

માધાપરમાં હાલ રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમાઈ રહ્યો છે. કોંગ્રેસના આ સજ્જ અને સંકલ્પબદ્ધ અભિયાન સામે અન્ય પક્ષો પણ સક્રિય બન્યા છે, જેના કારણે ચૂંટણીમાં કડક સ્પર્ધા જોવા મળવાની સંભાવના છે. તેમ છતાં અરજણભાઈ ભૂડીયાના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ જે રીતે સુવ્યવસ્થિત અને મુદ્દાવાર પ્રચાર કરી રહી છે, તે મતદારો પર કેટલો પ્રભાવ પેદા કરે છે તે હવે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે.

# ભુજમાં કોંગ્રેસે ભ્રષ્ટાચાર મુક્ત શાસનના વાયદા સાથે સંકલ્પ પત્ર જાહેર કર્યું



**નગરપાલિકામાં ૪૦ વર્ષના ભાજપના શાસનમાં વિકાસ રૂંધાયાનો આક્ષેપ : ગટર, પાણી, રસ્તા અને ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે ૧૯ મુદ્દાનું આયોજન રજૂ કરાયું**

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે આજે કચ્છ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ દ્વારા શહેરના વિકાસ માટેનું સંકલ્પ પત્ર વિધિવત રીતે જાહેર કરવામાં આવ્યું હતું. જિલ્લા અને શહેર કોંગ્રેસના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભુજની જનતાને ભ્રષ્ટાચાર મુક્ત અને સુવિધા સભર વહીવટ આપવાની ખાતરી આપવામાં આવી હતી.

આ સંકલ્પ પત્રમાં ગત ૪૦ વર્ષથી ભુજમાં રહેલા ભાજપના શાસન સામે આકરા પ્રહારો કરતા જણાવવામાં આવ્યું હતું કે, લાંબા સમયના એકહથ્થુ શાસનને કારણે નગરપાલિકાનું તંત્ર બેદરકાર બન્યું છે અને સામાન્ય જનતા પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહી છે. કોંગ્રેસે તેના સંકલ્પ પત્રમાં ખાસ કરીને શહેરની જટિલ ગટર સમસ્યાના વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉકેલ, પીવાના પાણીની ચોરી અટકાવી નિયમિત વિતરણ અને શહેરના બાકી રહેલા તમામ રસ્તાઓના નિર્માણને પ્રાથમિકતા આપી છે. શહેરના મધ્યમ અને શ્રમિક વર્ગને ધ્યાને રાખીને કોંગ્રેસે સીટી બસ સેવાની પુનઃ શરૂઆત કરવાની સાથે મહિલાઓ અને સિનિયર સિટીઝન માટે રાહત દરે મુસાફરીનો વાયદો કર્યો છે. આ ઉપરાંત વેરાના ભારણ હેઠળ દબાયેલી જનતા માટે એડવાન્સ ટેક્સમાં ૨૫ ટકા સુધીની રાહત અને ચડત વેરા પર વ્યાજ માફી જેવી મહત્વની જાહેરાતો પણ કરવામાં આવી છે. નગરપાલિકાના વહીવટમાં પારદર્શકતા લાવવા માટે એક વિશેષ મોબાઈલ એપ્લિકેશન બનાવવાનું આયોજન છે, જેના દ્વારા નાગરિકો ઘરે બેઠા પોતાની ફરિયાદોનું નિરાકરણ લાવી શકશે. શહેરમાં રખડતા ઢોરની સમસ્યાના કાયમી નિકાલ માટે શહેરની ભાગોળે કેટલ હોસ્ટેલ બનાવવાની તેમજ રખડતા કૂતરાઓના ત્રાસમાંથી મુક્તિ અપાવવાની ખાતરી આ પત્રમાં આપવામાં આવી છે.ભુજની ઐતિહાસિક વિરાસત સમાન હમીરસર તળાવમાં ભળતા ગટરના પાણીને અટકાવી તેને શુદ્ધ રાખવાનો સંકલ્પ વ્યક્ત કરતા કોંગ્રેસે જણાવ્યું હતું કે, વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ દબાણો દૂર કરી વોટર લોગીંગની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવશે. શહેરના યુવાનો માટે જીમ અને સ્પોર્ટ્સ સંકુલની સુવિધા, હૉકર્સ ઝોનનું નિર્માણ અને ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે નવા શાક માર્કેટનું આયોજન પણ આ સંકલ્પ પત્રનો મુખ્ય હિસ્સો છે. અંતમાં કોંગ્રેસના આગેવાનોએ ભુજવાસીઓને અપીલ કરી હતી કે શહેરના હિતમાં અને તંત્રમાં વ્યાપેલી અનિષ્ટોને દૂર કરવા માટે આ વખતે કોંગ્રેસને વિજયી બનાવી ભુજને આધુનિક અને સુવિધાયુક્ત શહેર બનાવવામાં સહયોગ આપે. આ વેળાએ પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી આદમભાઈ ચાકી, વરિષ્ઠ આગેવાન અમીર અલીભાઈ લોઢિયા, ભુજ શહેર કોંગ્રેસ પ્રમુખ કિશોરદાન ગઢવી, કચ્છ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી ગનીભાઈ કુંભાર, કચ્છ જિલ્લા કોંગ્રેસના મંત્રી પ્રજ્ઞેશભાઈ ચોથાણી, ઉપપ્રમુખ ઈલિયાસભાઈ ઘાચી, ભુજ શહેર કોંગ્રેસના મહામંત્રી કપીલભાઈ મહેતા, નીરજભાઈ સુંદરા વગેરે હાજર રહ્યા હતા.

## કોંગ્રેસને સતાની સુંગધ આવે છે

# પાવરપટ્ટીમાં કોંગ્રેસ પાવરફુલ દેખાવ કરશે : રાજેશ આહિર





**નિરોણા ખાતે જિ.પં. ચૂંટણી કાર્યાલયનું ધમાકેદાર ઓપનીંગ : તા.પં. બિબ્બર શારદાબેન રમેશભાઈ આહિર, દેશલપર સલીમ મુસાભાઈ, નિરોણા અબાસ સુમરા, તલ ભસરીબાઈ જત, વંગ ગીતાબેન આચર સહિત કોંગ્રેસના નેતા સભા સંબોધી : લોક પ્રવાસમાં ઠેર ઠેરથી કોંગ્રેસના ઉમેદવારને મળતું પ્રચંડ જન સમર્થન**

નખત્રાણા - કચ્છ ઉદય : જિ.પં. નિરોણા બેઠક પ્રચંડ બહુમતી સાથે જીતશે. પાવરપટ્ટીમાં પંજો પુરુષાર્થ કરી રહ્યો છે. તેના ફળ મતગણતરીએ મળશે તેમ નિરોણા જિ.પં. કાર્યાલય ઉદ્ઘાટન પ્રસંગે બોલતા જિ.પં. ઉમેદવાર રાજેશભાઈ મમુભાઈ આહિરે જણાવ્યું હતું.

આ વખતે કોંગ્રેસ લોકપ્રિય અને મજબૂત દાવેદારીને મેદાનમાં ઉતાર્યા છે. જેને જનતાનો ટેકો છે. તેમણે કહ્યું કે, ૩૦ વર્ષથી વધુ શાસનમાં રહેલી ભાજપ સ્થાનિક સ્તરના શિક્ષણ, આરોગ્ય અને લોકોના સામાન્ય પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ ગઈ છે. હવે કોંગ્રેસ સતામાં આવે છે ત્યારે ગ્રામ્ય સ્તરે તમામ પ્રશ્નો ઉકેલાશે. કોંગ્રેસના પ્રમુખ પ્રેમસિંહ વી. સોઢા, ડો. શાંતિલાલ સેંઘાણી, અશ્વિન રૂપારેલ, મમુભાઈ આહિર, હિતેશ મહેશ્વરી, અમીરઅલી લોઢિયા, માવજીભાઈ મહેશ્વરી, લવજીભાઈ શાહ વગેરે અગ્રણીઓએ કહ્યું કે, કોંગ્રેસ તાલુકામાં જિ.પં. ૪ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૮ બેઠકો પર ઝળહળતો વિજય મેળવશે અને તાલુકા પંચાયત પર કોંગ્રેસ રાજ કરશે. તા.પં.ના સીટના તમામ ઉમેદવારો સાથે જિ.પં. ઉમેદવારે ગામડે - ગામડે પ્રચાર - પ્રસાર કર્યો હતો અને પ્રચંડ જન સમર્થન મેળવ્યું હતું. કાનજી આહિર, હનીફ સુમરા, સુનીલ માતંગ, કિશોર ભાનુશાલી, સાઉબેગ મોગલ, ગુમાનસિંહ જાડેજા, દલપત સોઢા, રણજીતસિંહ જાડેજા, રણછોડ આહિર, અયુબ થેબા, નરેશ મહેશ્વરી ઉપરાંત તમામ સમાજોના અગ્રણીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન ખેતશી ગજરાએ કર્યું હતું. આભારવિધિ એન.ટી. આહિરે કરી હતી.

# ઉત્તમ પુસ્તકો, એ સહુથી વધુ નિકટના સગા-સ્નેહી છે : રમેશ વોરા

**જે ઘરમાં સારાં પુસ્તકોનો સંગ્રહ નથી-તે ઘર સ્મશાન સમાન છે**

માધાપર-કચ્છઉદય : વર્તમાન સમયકાળે સોશ્યલ મીડિયાના અજગરી ભરડા વચ્ચે જનમાનસમાં પુસ્તકો પ્રત્યેનો લગાવ કે પછી સાહિત્ય વાંચન પ્રત્યેની રુચિનો લોકોમાં ખૂબ અભાવ જોવા મળે છે ત્યારે કયાંક કોઈક જિજ્ઞાસુ સાહિત્ય પ્રત્યે અપાર લગાવ ધરાવતા પણ જોવા મળે છે.

આવો જ સાહિત્ય પ્રત્યેનો અનેરો લગાવ ધરાવતા માધાપર સ્થિત રમેશભાઈ વોરા એક અનોખા "પુસ્તક પ્રેમી" રહ્યા છે. દાયકાઓથી વાંચનરૂચી અને સાહિત્ય પ્રત્યેના એક અનોખા આકર્ષણના કારણે જ આજે તેમની ઘર લાયબ્રેરીમાં સંગ્રહિત વિવિધ વિષયક પુસ્તકોની શૃંખલામાં એક-એક પુસ્તકોનો ઉમેરો કરતાં કરતાં આજે ૮૦૦ જેટલાં ઉત્તમ અને ત્રકચિકર પુસ્તકોનો રસથાળ એ



તેમની ઉત્તમ અને કિંમતી મૂડી હોવાનું તેઓ માને છે.

તેઓ કહે છે અગાઉ સમયાવકાશે વર્ષો લગી સારાં-સારાં પુસ્તકોનું વાંચન અને એ થકી તેના જ આધારિત આજ લગી જિંદગીના વહેતા પ્રવાહમાં જીવાતું જતું એક આદર્શમય અને સૈધાંતિક જીવન એ મારી આ સાહિત્યરુચીનો જીવનમાં ઉત્તમોત્તમ એક અણમોલ પદાર્થપાઠ અને એની સર્વોત્તિમ ફળશ્રુતિ છે. વધુમાં તેઓ કહે છે સમગ્રતયાઃ આજ લગીના જીવનમાં પુસ્તકો જ જે મારા મિત્રો' જ નહિં પણ મારા સૌથી વધુ નિકટના "સગા-સ્નેહી"રહ્યા છે. હા, મારા એ "સગા-સ્નેહી" ઓ જ છે, કે જે મારી જીવનસફરની સૌથી સારી અને સાચી કેડો મને કંડારો આપે છે. જીવનના ડગલે ને પગલે મને મારા એ સાચા સગા એવા પુસ્તકોએ જ મને બક્ષેલ એ સિધ્ધાંત એટલે સિધ્ધાંત, બસ પછી ગમે તેટલું નુકસાન થતું હોય, નિયમ વિચારધારા અને સિદ્ધાંતોમાં મહદ્અંશે કોઈ જ ફેરફાર નહીં.

રમેશભાઈની લાયબ્રેરીમાં સંગ્રહિત એક-એક પુસ્તક જીવનદિશાને એક અનોખી આંખ બક્ષે છે. તેમાંય ૫-૧૫ પુસ્તકો તો હૃદયના તાર સાથે એવાં જડાઈ ચૂક્યાં છે કે પાંચ-પચીસ પૈસા કે પછી રૂપિયાની(દાયકાઓ જૂની કિંમત મુજબ) કિંમતનું એવું કોઈ પુસ્તક તેના કોઈ હજાર રૂપિયા આપે તો પણ એ દેતાં જીવ ન ચાલે. હા (વાંચન હેતુ અન્યને પ્રોત્સાહિત કરવા જરૂર એ સામે ચાલી ને આપે) તેઓ એવાં કોઈ-કોઈ પુસ્તક ને પોતાની પ્રિય અને એક કિંમતી મૂડી સમજી તેઓ એવાં કોઈ-કોઈ પુસ્તકો કોઈ અન્યના હાથે આડાં-અવળાં ન થઈ જાય એટલે ઘરમાં પણ એને અલાયદાં જ રાખે છે. રમેશભાઈએ લેખન ક્ષેત્રે પણ પોતાનું સ્વમતિપૂર્વકનું જ અનેક સ્પર્ધાત્મક લેખનકાર્ય કરી તેમાં ઉત્તમ ક્રમાંકો, સન્માનપત્રો-ઈનામો સાથેની સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. જે તમામ સ્વલિખિત સ્પર્ધાત્મક લેખનકાર્યની સામગ્રી પણ પોતાની ફાઈલોમાં સંગ્રહિત છે. વધુમાં તેમના પુસ્તકસંગ્રહમાંથી અનેક સાધુ-સાધ્વીજીઓને જોઈતાં પુસ્તકો ઉપલબ્ધ થઈ જતાં હોવાથી એ નિમિતે પણ જ્ઞાનની અનુમોદનાનો અવારનવાર લાભ પણ તેમને અનાયાસે જ પ્રાપ્ત થઈ જતો હોય છે. વધુમાં પ્રતિ છ મહિને તેઓ એક-એક પુસ્તકોને હાથમાં લઈ તેની સફાઈ-જાળવણીનું કાર્ય પણ તેઓ જતનાપુર્વક જાતે કરોને ઉત્તમ એવા જ્ઞાનધર્મનું જતન કરે છે.

# સંઘર્ષ કરી રહેલી બે ભૂતપૂર્વ ચેમ્પિયન ટીમ વચ્ચે આજે મુકાબલો

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની ટીર૦ ક્રિકેટ ટુર્નામિન્ટમાં અત્યાર સુધી લગભગ સંઘર્ષ કરી રહેલી બે ભૂતપૂર્વ ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ ગુરુવારે અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાનારી લીગની મેચમાં સામસામે ટકરાશે. બંને ટીમો સાતત્યપૂર્ણ પ્રદર્શનના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે જ્યાં ક્રિકેટપ્રેમીઓ તેમના બે ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને મહેન્દ્રસિંહ ધોનીના પુનરાગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.




વાનખેડે ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ ટકરાશે, સાંજે ૭.૩૦થી પ્રારંભ

રોહિત શર્મા તેની હેમસ્ટ્રિંગની ઈજાને કારણે રિકવરીના માર્ગ પર છે. જોકે મંગળવારના વૈકલ્પિક પ્રેક્ટિસ સત્રમાં તે ગેરહાજર રહ્યો હતો. બીજી તરફ મહેનદ્રસિંહ ધોની સ્નાયુઓના ખેંચાણ સામે ઝઝૂમી રહ્યો છે. જોકે, તેણે નેટ્સમાં પ્રેક્ટિસ કરી હતી, જે સંકેત આપે છે કે તે કદાચ આ મેચમાં કમસે કમ 'ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમી શકે છે.

આ બંને ટીમની મેચ હંમેશા પ્રતિષ્ઠાનો વિષય રહી છે પરંતુ આ વખતે બંને ટીમ પોઈન્ટ ટેબલમાં નીચલા સ્થાને હોવાથી દબાણ વધારે છે. ખાસ કરીને ચેન્નાઈની ટીમ વધુ સમસ્યા હેઠળ છે અને તે બેટિંગ લાઈન-અપમાં પણ ખેલાડીઓના સંયોજન માટે મથામણ કરી રહી છે. આ સિઝનમાં ૨૦૧ રન ફટકારનારો સ્થાનિક ખેલાડી આયુષ મ્હાત્રે ચેન્નાઈ માટે રમી રહ્યો છે પરંતુ તેની હેમસ્ટ્રિંગ ઈજા ચેન્નાઈ માટે મોટો ફટકો છે. હવે ટીમ બેટિંગમાં ખાલીપો પૂરવા માટે ગુજરાતના વિકેટકીપર-બેટ્સમેન ઉર્વિલ પટેલના નામ પર વિચારણા થઈ શકે છે.

છેલ્લે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની હાર બાદ ચેન્નાઈનો મધ્યમ ક્રમ ટીકા હેઠળ છે. ૯૦ બોલમાં ૧૩૦ રનનો પીછો કરતી વખતે આઠ વિકેટ હાથમાં હોવા છતાં ઋતુરાજ ગાયકવાડની ટીમ મેચ જીતવામાં નિષ્ફળ રહી હતી. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ માત્ર ૮૨ રન કરી શક્યો છે, જે ટીમ માટે ચિંતાનો વિષય છે. જોકે, સંજુ સેમસન (૧૯૨ રન) આ મેદાન પર પોતાની જૂની લય દોહરાવવા તૈયાર છે.

# દડો વાગતા ખેલાડી મેદાનમાં ઢળી પડ્યો, પછી એવું થયું કે તાત્કાલિક મેચ રદ કરાઈ

(એજન્સી દ્વારા)

ત્રિનિદાદ : વેસ્ટઈન્ડીઝમાં ઘરેલુ ફર્સ્ટ-ક્લાસ મેચને રમત માટે 'ખતરનાક' ગણાવ્યા બાદ રદ કરવામાં આવી હતી. સર વિવ રિચાર્ડ્સ સ્ટેડિયમ ખાતે લીવર્ડ આઈલેન્ડ્સ અને ત્રિનિદાદ અને ટોબેગો વચ્ચે મેચ રમાઈ રહી હતી. રમતનું વર્તન અણધારી અને અસમાન બની જતાં મેચના ત્રીજા દિવસે રમત અટકાવવી પડી હતી. ખેલાડીઓની સલામતી અંગે ગંભીર ચિંતાઓ ઉભી થઈ હતી. જેમાં દડો વાગતા ખેલાડી મેદાનમાં ઢળી પડ્યો હતો. આ પછી તાત્કાલિક મેચ રદ કરાઈ હતી.



જ્યારે લીવર્ડ આઈલેન્ડ્સના બેટર જેરેમિયા લુઈસ ક્રીઝ પર હતા, ત્યારે ત્રિનિદાદના ફાસ્ટ બોલર જેડેન સીલ્સનો એક બોલ અચાનક જોરથી ઉછળીને લુઈસના હેલ્મેટ પર વાગ્યો હતો. ફટકો લાગતા જ લુઈસ જમીન પર પડી ગયો અને તેનું હેલ્મેટ પણ ઉતરી ગયું હતું. ગુસ્સા અને હતાશાના માહોલમાં લુઈસે તેના હેલ્મેટને લાત મારી અને મેદાન છોડી દીધું. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેની હાલત હવે સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

વેસ્ટઈન્ડીઝના અનુભવી બોલર જેડેન જબરદસ્ત ફોર્મમાં હતો, તેણે લીવર્ડ આઈલેન્ડ્સની બીજી ઈનિંગમાં બધી સાત વિકેટ લીધી હતી. જેડેને માત્ર ૩૪ રનમાં ૭ વિકેટ લીધી હતી. જો કે, પિચ ખતરનાક જાહેર થતાં તે એક ઈનિંગમાં બધી ૧૦ વિકેટ લેવાનો દુર્લભ રેકોર્ડ બનાવી શક્યો ન હતો. મેચ રોકાઈ ત્યારે લીવર્ડ આઈલેન્ડ્સનો સ્કોર ૧૪૦/૭ હતો.

ક્રિકેટ વેસ્ટઈન્ડીઝે એક સત્તાવાર નિવેદન જારી કરીને પુષ્ટિ કરી છે કે, મેચ 'ડ્રો' જાહેર કરવામાં આવી છે. ક્યુરેટર સાથે પરામર્શ કર્યા પછી અમ્પાયરોએ તારણ કાઢ્યું કે, નિષ્પક્ષ રમતની સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે પિચને સુરક્ષિત રીતે રિપેર કરી શકાતી નથી. નિયમો અનુસાર, બંને ટીમોને નિશ્ચિત સમય સુધી મેળવેલા પોઈન્ટ આપવામાં આવશે.

# પંજાબ કિંગ્સને મોટો ઝટકો, સૌથી વધુ રન બનાવનાર ખેલાડી અચાનક ભારત છોડી ગયો

*(એજન્સી દ્વારા) ચંડીગઢ : આઈપીએલ ૨૦૨૬ માં પંજાબ કિંગ્સનું પ્રદર્શન જોરદાર રહ્યું છે, અને ડાબોડી બેટ્સમેન કૂપર કોનેલીએ આમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આ યુવા ઓસ્ટ્રેલિયન ખેલાડીએ પંજાબ માટે સૌથી વધુ ૨૨૩ રન બનાવ્યા છે અને તેની બેટિંગ એવરેજ ૫૫ થી વધુ છે. જોકે, હવે આ ખેલાડી અચાનક ભારત છોડી ગયો છે. કૂપર કોનેલીએ ઓસ્ટ્રેલિયાની તસવીર સાથે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરી. પ્રશ્ન એ છે કે કોનેલી અચાનક ઓસ્ટ્રેલિયા કેમ ગયો? તેણે આઈપીએલની વચ્ચે ભારત કેમ છોડી દીધું?*

*અહેવાલો અનુસાર કોનેલી ઓસ્ટ્રેલિયા ફિટનેસ ટેસ્ટ માટે ગયો છે. આઈપીએલ પહેલા કોનેલીને પીઠની ઈજા થઈ હતી, જોકે તેને બેટિંગ માટે ફિટ જાહેર કરવામાં આવ્યો હતો, પણ તેને બોલિંગ કરવાની મંજૂરી નહીં મળી. હવે જો ક્રિકેટ ઓસ્ટ્રેલિયા કોનેલીને બોલિંગ માટે ફિટ જાહેર કરશે તો પંજાબને ફાયદો થશે. કૂપર કોનેલીએ આઈપીએલ ૨૦૨૬*




*માં પાંચ ઈનિંગ્સમાં ૫૫.૭૫ ની સરેરાશથી ૨૨૩ રન બનાવ્યા છે. તેનો સ્ટ્રાઈક રેટ પણ ૧૬૩.૯ છે. તેણે ૧૪ છગ્ગા અને ૨૧ ચોગ્ગા ફટકાર્યા છે.*

# ઈજાના કારણે આઈપીએલ ૨૦૨૬થી ૭ ખેલાડીઓ થયા બહાર

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ પર અત્યારે ઈજાનું ગ્રહણ લાગેલું હોય તેમ જણાય છે. અનેક ટીમો પોતાના સ્ટાર ખેલાડીઓની ઈજાને કારણે મુશ્કેલીમાં મુકાઈ છે. તાજેતરમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સને મોટો ફટકો પડ્યો છે. સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મેચ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાનો શિકાર બનેલા સ્ટાર બેટર આયુષ મ્હાત્રે હવે સત્તાવાર રીતે સમગ્ર ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. માત્ર ચેન્નાઈ જ નહીં, પણ અન્ય ટીમો પણ આ સમસ્યાથી ઝઝૂમી રહી છે. અત્યાર સુધીમાં કુલ ૭ મહત્ત્વના ખેલાડીઓ ઈજાના કારણે બહાર થઈ ચૂક્યા છે. જેમાં સીએસકેના જ નાથન એલિસ અને ખલીલ અહમદનો સમાવેશ થાય છે. કોલકાતા નાઈટ રાઈડર્સને પણ તેના બે મુખ્ય બોલરો હર્ષિત રાણા અને આકાશ દીપની ખોટ વર્તાશે. બીજી તરફ, રાજસ્થાન રોયલ્સે ટ્રેડ દ્વારા જેને ટીમમાં સામેલ કર્યો હતો તેવો સેમ કરન ગ્રોઈન ઈન્જરીને કારણે મેદાનની બહાર છે. લખનઉ સુપર જાયન્ટ્સ માટે પણ શ્રીલંકન સ્પિનર વનિન્દુ હસરંગાની હેમસ્ટ્રિંગ ઈજા એક મોટો પડકાર બની રહી છે. આમ, ટૂર્નામેન્ટની શરૂઆતમાં જ મુખ્ય ખેલાડીઓની ગેરહાજરીએ આઈપીએલના સમીકરણો બદલી નાખ્યા છે.

# આઈપીએલ ૨૦૨૬માં ત્રીજીવાર રિષભ પંત થયો ઈજાગ્રસ્ત

(એજન્સી દ્વારા) લખનૌ : લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંતનો સમય કદાચ સારો નથી ચાલી રહ્યો. એક તરફ તેની ટીમ લખનૌ આઈપીએલમાં નિરાશાજનક પ્રદર્શન કરી રહી છે અને બીજી તરફ તે સતત ઈજાગ્રસ્ત થઈ રહ્યો છે. આરસીબી સામે ઈજાગ્રસ્ત થયા બાદ રિટાયર્ડ હર્ટ થયેલા પંતને રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં પણ ઈજા થઈ હતી. પંતને વિકેટકીપિંગ કરતી વખતે આ ઈજા થઈ હતી. રાજસ્થાનની ઈનિંગ્સની ૧૧મી ઓવરમાં, એક ફિલ્ડરે ચોથા બોલ પર બોલ ફેંક્યો અને તે સીધો પંતના નાકમાં વાગ્યો. વાસ્તવમાં, થ્રો અચાનક પીચ પરથી ઉછળીને પંતના નાકમાં વાગ્યો. જેનાથી પંતને સ્વસ્થ બચવાની તક પણ મળી નહીં. પંતને બોલ વાગતાની સાથે જ મેચ તાત્કાલિક રોકવી પડી. લખનૌ સુપર જાયન્ટ્સના ફિઝિયોએ આવીને પંતની તપાસ કરી. બોલ પંતના નાક પર વાગ્યો, પરંતુ સદનસીબે, તેને ગંભીર



ઈજા થઈ ન હતી. જોકે, જો બોલ સહેજ પણ વિરુદ્ધ દિશામાં વાગ્યો હોત, તો તેની આંખમાં ઈજા થઈ શકી હોત. એકંદરે, પંત ખૂબ નસીબદાર હતો. આઈપીએલ ૨૦૨૬ માં રિષભ પંતની આ ત્રીજી ઈજા છે. અગાઉ આરસીબી સામે ડાબા હાથમાં કોણીમાં ઈજા થઈ હતી.

# વૈભવ સૂર્યવંશીએ બેવડી સિદ્ધિ હાંસલ કરી

*(એજન્સી દ્વારા) જયપુર : આઈપીએલ ૨૦૨૬ની ૩૨મી મેચ બુધવારે રાજસ્થાન રોયલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાઈ, આ મેચમાં સૌની નજર વૈભવ સૂર્યવંશી પર હતી. પરંતુ વૈભવ આ મેચમાં મોટી ઈનિંગ રમી શક્યો નહીં અને માત્ર ૮ રન બનાવી શક્યો હતો. પરંતુ આ ૮ રનની નાની ઈનિંગ હોવા છતાં વૈભવે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. હવે સૂર્યવંશી આઈપીએલના ઈતિહાસમાં (બોલના હિસાબે) સૌથી ઝડપી ૫૦૦ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. આ સિદ્ધિ મેળવનાર તે સૌથી યુવા ખેલાડી પણ બની ગયો છે. એટલે કે વૈભવે બેવડી સિદ્ધિ હાંસલ કરી છે. વૈભવે મેચ દરમિયાન બીજી ઓવરના બીજા*



*બોલ પર ચોગ્ગો ફટકારીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. માત્ર ૨૨૨ બોલમાં ૫૦૦ રન પૂરા કરીને તેણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ગ્લેન મેક્સવેલને પાછળ છોડી દીધો છે, જેને આઈપીએલમાં ૫૦૦ રન બનાવવા માટે ૨૬૦ બોલનો સામનો કર્યો હતો. બીજી તરફ, પ્રિયાંશ આર્યાએ આ રેકોર્ડ કરવા માટે ૨૭૮ અને વીરેન્દ્ર સેહવાગે ૨૮૦ બોલ રમવા પડ્યા હતા.*

# ઓછા સ્કોરની બનેલી મેચમાં રાજસ્થાન રોયલ્સનો ભવ્ય વિજય

(એજન્સી દ્વારા)

લખનૌ : યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશી જેવા બેટર નિષ્ફળ રહ્યા અને ટીમ સામાન્ય સ્કોર કરી શકી હોવા છતાં રાજસ્થાન રોયલ્સે બુધવારે અહીં રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૪૦ રનથી શાનદાર વિજય હાંસલ કર્યો હતો. બોલર્સની બની રહેલી મેચમાં રોયલ્સ માટે રવીન્દ્ર જાડેજાએ ૪૩ અને લખનૌ માટે ઓપનર મિચેલ માર્શે ૫૫ રન ફટકાર્યા હતા પરંતુ મેચમાં બોલર્સનું વર્ચસ્વ રહ્યું હતું. લખનૌ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ આપ્યા બાદ રાજસ્થાન રોયલ્સે તેની ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૫૯ રનનો સ્કોર રજૂ કર્યો હતો જે પણ લખનૌને ભારે પડી ગયો હતો કેમ કે તેઓ ૧૮ ઓવરમાં ૧૧૯



રન કરી શક્યા હતા. રાજસ્થાન રોયલ્સની માફક લખનૌનો પ્રારંભ પણ અત્યંત કંગાળ રહ્યો હતો. ટીમે ત્રીજી ઓવર સુધીમાં ૧૧ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. મિચેલ માર્શે સારો એવો પ્રતિકાર કર્યો હતો અને ૪૧ બોલમાં ૫૫ રન ફટકાર્યા હતા. આ સિવાય નિકોલસ પૂરણે ૨૨ રનનું યોગદાન આપ્યું હતું. રોયલ્સ માટે જોફરા આર્ચરે ત્રણ તથા નાન્દ્રે બર્ગર અને બ્રિજેશ શર્માએ બે બે વિકેટ લીધી હતી. તેના તમામ બોલરે કમસે કમ એક વિકેટ ખેરવી હતી. ગાઉ રાજસ્થાન રોયલ્સનો પ્રારંભ પણ નબળો રહ્યો હતો. ટીમના બે સ્ટાર ઓપનર સસ્તામાં આઉટ થઈ ગયા હતા. આમ છતાં ટીમે અંતે ૧૫૯ રન સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. લખનૌ સુપર જાયન્ટ્સના સંપૂર્ણ ભારતીય બોલિંગ આક્રમણે અને ખાસ કરીને અનુભવી મોહમ્મદ શમી અને શિસ્તબદ્ધ મોહસીન ખાને રાજસ્થાન રોયલ્સનો બેટિંગ ક્રમ વેરવિખેર કરી નાખ્યો હતો. ઝડપી બોલર મોહમ્મદ શમીએ પ્રારંભમાં જ બે વિકેટ ખેરવીને ફરી એક વાર સાબિત કરી દીધું હતું કે તે શા માટે શ્રેષ્ઠ બોલર છે. તેણે યશસ્વી જયસ્વાલ (૨૨) અને ધ્રુવ જુરેલને (૦૦) સતત બે બોલમાં આઉટ કરીને રાજસ્થાનની કમર તોડી નાખી હતી. બીજી તરફ મોહસીન ખાને અત્યંત શિસ્તબદ્ધ બોલિંગ કરી હતી. તેણે વૈભવ સૂર્યવંશીની મહત્વની વિકેટ ખેરવવાની સાથે મેડન ઓવર પણ ફેંકી હતી. વૈભવ સૂર્યવંશી માત્ર આઠ રન કરીને મોહસીનની જાળમાં ફસાઈ ગયો હતો. મોહસીને તેને સતત પાંચ ડોટ બોલ ફેંક્યા બાદ છઠ્ઠા બોલે ૧૪૨ કિમીની ઝડપે લેગ-કટર ફેંકી આઉટ કર્યો હતો.

# રાજસ્થાન રોયલ્સમાં જતાં જ રવીન્દ્ર જાડેજાનો નવો રેકોર્ડ

*(એજન્સી દ્વારા) જયપુર : આઈપીએલ ૨૦૨૬ની ૧૯મી સીઝનમાં રવીન્દ્ર જાડેજાનો જાદુ માથે ચડીને બોલી રહ્યો છે. આ સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સનો સાથ છોડીને રાજસ્થાન રોયલ્સ તરફથી રમી રહેલા જાડેજાએ લખનૌ સુપર જાયન્ટ્સ*



*સામે રમાયેલા મુકાબલામાં તરખાટ મચાવ્યો છે. જાડેજાના ઓલરાઉન્ડ પ્રદર્શનના જોરે રાજસ્થાન રોયલ્સે લખનૌને તેના જ ઘર ઈકાના સ્ટેડિયમમાં ૪૦ રને પરાજય આપ્યો હતો. રાજસ્થાન રોયલ્સે પ્રથમ બેટિંગ કરતા ૧૫૯ રન બનાવ્યા હતા. જ્યારે ટીમ મુશ્કેલીમાં હતી ત્યારે રવીન્દ્ર જાડેજાએ ૨૯ બોલમાં ૪૩ રનની જવાબદારીપૂર્વકની ઈનિંગ રમી હતી. ત્યારબાદ બોલિંગમાં પણ કમાલ કરતા ૪ ઓવરમાં માત્ર ૨૯ રન આપી ૧ મહત્વની વિકેટ ઝડપી હતી. આ શાનદાર પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. જાડેજા માટે આ એવોર્ડ ખૂબ જ ખાસ છે. તેના આઈપીએલ કરિયરનો આ ૧૭મો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ છે. નવાઈની વાત એ છે કે ૭૫ મેચો બાદ પ્રથમ વખત એવું બન્યું છે કે જાડેજાએ ચેન્નાઈ સુપર કિંગ્સ સિવાયની કોઈ ટીમ માટે આ એવોર્ડ જીત્યો હોય. અગાઉના તમામ ૧૬ એવોર્ડ તેણે સીએસકે માટે રમતા જીત્યા હતા.*

# અગાઉ નક્સલવાદીઓથી છવાયેલા દંતેવાડામાં સચિને બાળકો સાથે ખેલકૂદની મોજ માણી!



(એજન્સી દ્વારા) દંતેવાડા (છત્તીસગઢ) : એક સમયે માઓવાદી નક્સલવાદીઓથી છવાઈ ગયેલા છત્તીસગઢ રાજ્યના દંતેવાડા વિસ્તારમાં ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકર બુધવારે એક ખાસ ઈવેન્ટમાં બાળકો સાથે ખૂબ રમ્યો હતો અને તેમને ખેલકૂદમાં આગળ વધવા પ્રેરણા આપી હતી. આ વિસ્તારમાં રમતગમતમાં પાયાના સ્તરેથી પરિવર્તન લાવવાની નેમ સાથે સરકારી વિભાગો દ્વારા ખાસ ઈવેન્ટ યોજવામાં આવી હતી જેમાં સચિને ભાગ લીધો હતો. તે જગદાલપુર ઍરપોર્ટ પર પહોંચ્યા બાદ દંતેવાડાના છિંદનાર ગામમાં આયોજિત કાર્યક્રમમાં આવ્યો હતો. મૈદાન કપ સ્પર્ધા મન દેશી તથા સચિન તેન્ડુલકર ફાઉન્ડેશનના સપોર્ટથી યોજવામાં આવી રહી છે.

# 'ગુરુ' યુવરાજ સિંહે 'શિષ્ય' અભિષેક શર્માને 'સર' કહ્યો, ધમાકેદાર સદી બાદ કરી સ્પેશિયલ પોસ્ટ

*(એજન્સી દ્વારા) નવીદિલ્હી : મંગળવારે રમાયેલી આઈપીએલ મેચમાં અભિષેક શર્માએ ૧૩૫ રનની ધમાકેદાર ઈનિંગ રમીને ટીમને જીત અપાવી. તેની આ*




*શાનદાર ઈનિંગ બાદ તેના મેન્ટર યુવરાજ સિંહે સોશિયલ મીડિયા પર તેને "સર" કહીને અભિનંદન પાઠવ્યા. બે વર્ષ જૂની મજાક હવે ગર્વમાં ફેરવાઈ ગઈ છે. મેચ બાદ યુવરાજ સિંહે સોશિયલ મીડિયા પર અભિષેકની પ્રશંસા કરતાં લખ્યું કે "બેટને તેનું કામ કરવા દો, તમે દરરોજ વધુ સારા બની રહ્યા છો. સર અભિષેક શર્મા, શાનદાર રમત." યુવરાજની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. હકીકતમાં, આ જ અભિષેક માટે યુવરાજે બે વર્ષ પહેલાં મજાકમાં કહ્યું હતું કે ખોટો શોટ રમે તો તેને ચંપલથી મારશે. ૨૦૨૪માં મુંબઈ સામે ૬૩ રન પર આઉટ થતાં યુવરાજે તેની ટીકા કરી હતી. હવે તે જ ખેલાડી માટે ગર્વભરી પ્રશંસા જોવા મળી રહી છે. અભિષેક શર્મા પોતાની સફળતાનું શ્રેય યુવરાજ સિંહને આપે છે. તે યુવરાજને પોતાનો માર્ગદર્શક (આઈડલ) માને છે. યુવરાજે માત્ર અભિષેક જ નહીં, પણ શુભમન ગિલ જેવા યુવા ખેલાડીઓને પણ માર્ગદર્શન આપ્યું છે.*

# મેચ ફિક્સિંગમાં બિશ્નોઈ ગેંગના કનેક્શનનો ખુલાસો

(એજન્સી દ્વારા)

નવી દિલ્લી : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ૨૦૨૬ ના ટીર૦ વર્લ્ડ કપ ફિક્સિંગ કૌભાંડમાં કેનેડિયન ટીમને સંડોવતા તપાસ શરૂ



કરી દીધી છે, પરંતુ હવે ઘણા ચોંકાવનારા ખુલાસા બહાર આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેનેડા અને ન્યુઝીલેન્ડ વચ્ચેના ગ્રુપ સ્ટેજ મેચ દરમિયાન કથિત ફિક્સિંગમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ સીધી રીતે સંડોવાયેલી છે. આઈસીસી ની ભ્રષ્ટાચાર વિરોધી એકમ આ મામલે કેનેડિયન કેપ્ટન દિલપ્રીત બાજવાની ભૂમિકાની તપાસ કરી રહી છે. તાજેતરમાં પ્રસારિત "ભ્રષ્ટાચાર, ગુના અને ક્રિકેટ" નામની ૪૩ મિનિટની ડોક્યુમેન્ટરીમાં કરવામાં આવેલા દાવાઓ બાદ આઈસીસીના એસીયુએ ક્રિકેટ કેનેડા સામે તપાસ શરૂ કરી. આ ડોક્યુમેન્ટરી કેનેડિયન ઈન્વેસ્ટિગેટિવ પ્રોગ્રામ "ધ ફિફ્થ એસ્ટેટ" દ્વારા બનાવવામાં આવી હતી અને કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન પર પ્રસારિત કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ફિલ્મમાં કેનેડિયન ક્રિકેટમાં ભ્રષ્ટાચાર, નબળા સંચાલન અને અન્ય અનિયમિતતાઓના દાવાઓનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું હતું.

# નાના ભાઈ હાર્દિક પંડ્યાનું નામ સાંભળી મોટા ભાઈ કૃણાલે આપી અજીબ પ્રતિક્રિયા

*(એજન્સી દ્વારા) મુંબઈ : આઈપીએલ ૨૦૨૬ દરમિયાન કૃણાલ પંડ્યા અને હાર્દિક પંડ્યા સતત સમાચારમાં છે. એવું માનવામાં આવી રહ્યું છે કે બંને ભાઈઓ વચ્ચે બધુ બરાબર નથી.*



*આ બધા વચ્ચે કૃણાલ પંડ્યાનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે હાર્દિકનું નામ સાંભળીને જે પ્રતિક્રિયા આપે છે, તેની ખૂબ ચર્ચા થઈ રહી છે. વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ અને આરસીબી વચ્ચેની મેચ પછી ફની ઈન્ટરવ્યૂમાં, આરસીબીના ઈન્સાઈડર મિસ્ટર નેગ્સે કૃણાલને મજાકમાં પૂછ્યું કે તે અન્ય કોઈ "પરિવારના સભ્યો" ને મળવા નથી આવ્યો. જેનો જવાબ આપતા કૃણાલે કહ્યું કે, "મોટા પરિવારમાં ક્યારેક કેટલાક સભ્યોને ન મળવું સામાન્ય છે." મિસ્ટર નેગ્સે પછી કહ્યું, "બરાબર તારા ભાઈની જેમ." જ્યારે હાર્દિકનો સીધો ઉલ્લેખ કરવામાં આવ્યો, ત્યારે કૃણાલે માથું નમાવ્યું અને વધુ કંઈ કહ્યું નહીં. આ ક્ષણને સોશિયલ મીડિયા યુઝર્સે દ્વારા તરત જ કેચ કરી અને તેને બે ભાઈઓ વચ્ચેના અણબનાવ સાથે જોડી દીધી. જોકે, કૃણાલે ઈન્ટરવ્યૂમાં હાર્દિકની પ્રશંસા પણ કરી, તેને ક્રિકેટના શ્રેષ્ઠ ફિનિશરોમાંનો એક ગણાવ્યો.*

# વિજય વર્માની 'મટકા કિંગ' ભારત અને યુએઈમાં નંબર ૧, ગ્લોબલ ટોપ ૧૦માં એન્ટ્રી

(એજન્સી દ્વારા)

મુંબઈ : રોય કપૂર ફિલ્મ્સની સિરીઝ 'મટકા કિંગ'માં વિજય વર્મા મુખ્ય ભૂમિકામાં છે, તે ઓટીટી પ્લેટફોર્મ પર સફળ રહી છે. આ સિરીઝ ૧૭ એપ્રિલે પ્રાઈમ વીડિયો પર રિલીઝ થયા પછી માત્ર ચાર દિવસમાં જ ભારત અને યુએઈમાં નંબર ૧ સ્થાન મેળવી લીધું છે. આઠ એપિસોડની આ ક્રાઈમ ડ્રામાએ પ્રાઈમ વીડિયોમાં ગ્લોબલ ટોપ ૧૦માં ૮મું સ્થાન પણ મેળવ્યું છે અને હાલમાં વિશ્વભરમાં ટ્રેન્ડ થતી એકમાત્ર ભારતીય સિરીઝ બની છે.



નાગરાજ પોપટરાવ મંજુલે દ્વારા લખાયેલી અને ડિરેક્ટ થયેલી આ સિરીઝનું પ્રોડક્શન સિદ્ધાર્થ રોય કપૂરે કર્યું છે. સિરીઝે માત્ર ભારત અને યુએઈ જ નહીં, પરંતુ ઓસ્ટ્રેલિયા, કેનેડા, મલેશિયા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર અને યુકે જેવા દેશોમાં પણ ટોપ ૧૦માં સ્થાન મેળવીને તેની વૈશ્વિક લોકપ્રિયતા સાબિત કરી છે. સિરીઝના કેન્દ્રમાં વિજય વર્મા દ્વારા ભજવાયેલું બ્રિજ ભટ્ટીનું પાત્ર છે, જે ૧૯૬૦ અને ૭૦ના દાયકાનાં મુંબઈમાં ચાલતા મટકા જુગારની જોખમી દુનિયામાં સંઘર્ષ કરે છે. શોની મજબૂત કહાની અને વાસ્તવિક રજૂઆત તેની લોકપ્રિયતા પાછળનું મુખ્ય કારણ છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ આ સિરીઝને સારો પ્રતિસાદ મળ્યો છે. વિજય વર્મા સિવાય આ સિરીઝમાં સાઈ તામ્હણકર, કૃતિકા કામરા, સિદ્ધાર્થ જાધવ અને ગુલશન ગ્રોવર મહત્વપૂર્ણ ભૂમિકામાં છે. મજબૂત કહાની, શાનદાર અભિનય અને વૈશ્વિક સ્તરે મળતા પ્રતિસાદને કારણે 'મટકા કિંગ' ટૂંક સમયમાં જ સૌથી ચર્ચિત ભારતીય ઓટીટી સિરીઝમાં સ્થાન બનાવી ચૂકી છે.

# પ્રિયંકા ચોપરા અને રિચર્ડ મેડન સિટેડેલ ૨થી ફરી એક્શન સાથે વાપસી કરશે

*(એજન્સી દ્વારા) મુંબઈ : પ્રિયંકા ચોપરાની સિટાડેલ સીઝન ૨નું નવું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જે આ લોકપ્રિય સ્પાય થ્રિલર સિરીઝ ફરી આવી રહી છે, તે નક્કી થઈ ગયું છે. આ સિરીઝમાં પ્રિયંકા ચોપરા (નાદિયા સિંહ) અને રિચર્ડ મેડન (મેસન કેન) ફરી સ્પાય તરીકે જોવા મળશે, સાથે આ સીઝનમાં સ્ટેનલી ટૂશી*




*પણ બર્નાર્ડ ઓર્લિક તરીકે પરત ફરશે. સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પ્રાઈમ વીડિયો દ્વારા કન્ફર્મ કરવામાં આવ્યું છે કે નવી સીઝનમાં કુલ ૭ એપિસોડ હશે અને તે ૬ મે ૨૦૨૬થી વિશ્વના ૨૪૦ દેશોમાં રિલીઝ થશે. ટ્રેલરમાં નાદિયા, મેસન અને બર્નાર્ડ ફરી એકસાથે આવીને એક નવી ખતરનાક શક્તિ સામે લડતા જોવા મળે છે, જે સમગ્ર સિસ્ટમને જોખમમાં મુકે છે. માનવજાતને બચાવવા માટે તેમને નવી ટીમ બનાવવી પડશે અને નવા સભ્યોને જોડવા પડશે. આ વખતે વિશ્વનાં શક્તિશાળી પરિવારો પાછળથી ષડયંત્ર કરતા દેખાય છે, જેના કારણે મિશન વધુ મુશ્કેલ બને છે.*

# 'માતૃભુમિ' રિલીઝની અનિશ્ચતતાઓ તેના બોક્સ ઓફિસના ગણિતને કેટલી અસર કરશે?

(એજન્સી દ્વારા)

મુંબઈ : ફિલ્મની કમાણી અને વેપારના દૃષ્ટિકોણથી આ ફિલ્મ રસપ્રદ છે—વિષય નબળો છે એટલા માટે નહીં, સ્ટાર મોટો નથી એટલા માટે નહીં, કે દેશભક્તિ કામ કરતી નથી એટલા માટે નહીં. પરંતુ કારણ એ છે કે જે ફિલ્મ એક સમયે સંપૂર્ણ સ્પષ્ટતા સાથે ઉભી હતી, તે હવે અનિશ્ચિતતાઓમાં ફસાઈ ગઈ છે. જ્યારે ફિલ્મ 'બૅટલ ઓફ ગલવાન'તરીકે લોંચ કરવામાં આવી હતી, ત્યારે તે વધુ અસરકારક લાગતી હતી. તેમાં તાજગી હતી, યાદગાર સંદર્ભ હતો અને ૨૦૨૦ના સંઘર્ષ સાથે જોડાયેલી ભાવનાત્મક બાબતો



હતી. એ એવો વિષય હતો જેને સમજાવવા માટે વધારે મહેનત કરવાની જરૂર નહોતી. એ વખતે ઓડિયન્સ, ટ્રેડ એક્સપર્ટ્સ અને એક્ઝિબિટર્સ બધા જ ફિલ્મ અંગે ઉત્સુક હતાં. ટાઈટલ જ અડધું માર્કેટિંગ થઈ જતું હતું. પરંતુ ફિલ્મો વિચારના સ્ટેજ પર નહીં, રિલીઝ સમયે કમાણી કરે છે અને રિલીઝ વખતે 'સ્પષ્ટતા' સૌથી મહત્વની હોય છે. અહીંથી માતૃભુમિ માટે સમસ્યા શરૂ થાય છે. ફિલ્મમાં થયેલા ફેરફાર અને ટોનમાં ફેરફાર, ફક્ત ક્રિએટિવ નિર્ણય નથી, પરંતુ આ બાબતો સીધી બોક્સ ઓફિસ પર અસર કરે છે. લગભગ ૪૦% રીશૂટ, રોમાન્સ અને બેકસ્ટોરી ઉમેરવી, અને ચીનનો ઉલ્લેખ દૂર કરવો આ બધું ફિલ્મની ઓળખ બદલી નાખે છે. શરૂઆતમાં આ વિચાર એક માસ્ટરસ્ટ્રોક હતો. ગલવાન ઘર્ષણ પરથી પ્રેરિત ફિલ્મમાં દેશભક્તિ, ત્યાગ, ગુસ્સો અને સ્પષ્ટ વિલન જેવા તત્વો હતાં. પરંતુ હવે ફિલ્મે પોતાની જૂની સ્પષ્ટતા ગુમાવી છે અને તેને નવી ઓળખ બનાવવી પડશે અને એ કામ સહેલું નથી.

# મોથાળામાં શ્રદ્ધા અને ઉમંગથી ઉજવાયેલો સેતરબાવા ધામનો ગોલ્ડન જયુબિલી પાટોત્સવ





**આશાપુરા માતાજીના પ્રાંગણમાં બિરાજતા સેતરબાવા તીર્થધામનો પચાસમો પાટોત્સવ મંગે પરિવાર તથા મોથાળા ભાનુશાલી મિત્ર મંડળ મહાજન દ્વારા ભારે ઉમંગ અને શ્રદ્ધાભેર ઉજવાયો: દીકરીઓના શિક્ષણ ઉપર આ પ્રસંગે ખાસ ભાર મુકાયો : ભાનુશાલી રત્નો પ્રસંગમાં હાજર રહી પાવન થવા માટે મોથાળા ગામે ઉમટી પડ્યા**






મોથાળા - કચ્છઉદય : અહીં આવેલા આશાપુરા મંદિરમાં બિરાજતા અત્યંત પ્રતાપી અને આસ્થાના કેન્દ્ર સમાન પૂજ્ય સેતરબાવાનો ૫૦મો ગોલ્ડન જયુબિલી પાટોત્સવ ભારે ધામધૂમ અને શ્રદ્ધા પૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે સેતરબાવાના ભક્તો દૂર દૂરથી ઉપસ્થિત રહ્યા હતા. મંગે પરિવાર તથા મોથાળા ભાનુશાલી મિત્ર મંડળ મહાજન દ્વારા પાટોત્સવનું આયોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂજ્ય શ્રી સેતરબાવા, શ્રી હિંગલાજ માતાજી, શ્રી આશાપુરા માતાજી, પૂજ્ય ઓધવરામ ભગવાન અને પૂજ્ય વાલરામ ભગવાનના ભાવનાદથી જય જયકાર સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ પછી બધાએ ભેગા થઈને "જય જય સેતરબાવા જય જય" સુંદર પ્રાર્થના ગીત સાથે મળી અને ગાયું હતું. માતૃ સંસ્થા કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી નરેડી ગામ વાળા શંભુભાઈ ધનજીભાઈ માવ તથા વલ્લભભાઈ ભાનુશાલીનું તથા રમણીકભાઈ ખીચડા, સંજયભાઈ ગજરા, વિરેન્દ્રભાઈ સમીરભાઈ વગેરે સેવા સમાજની ટીમનું તથા કચ્છી ભાનુશાલી દેશ મહાજનના રામજીભાઈ, ગોવિંદભાઈ નિલેશભાઈ વગેરેનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મંગે પરિવાર તરફથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાવેશભાઈ ભાનુશાલીએ જણાવ્યું કે સમાજના નિલેશભાઈ ભાનુશાલી અને સર્વે અગ્રણીઓ દીકરીઓના ભણતર માટે વધુને વધુ કાર્ય કરવા પ્રયત્ન કરી રહ્યા છે અને નિયમ લીધો છે કે, ભાનુશાલી સમાજની દીકરી કોઈ પણ ફી નહીં ભરી શકવાના કે અન્ય કોઈ પણ સંજોગોમાં ભણવામાં અટકવી ન જોઈએ, તેને જે મદદની જરૂર હોય તે કરવા માટે નિલેશભાઈ અને સૌ ભાનુરત્નો સતત સક્રિય છે. તેમણે જણાવ્યું કે, નિલેશભાઈ અને સૌ ભાનુશાલી શ્રેષ્ઠીઓ માને છે કે જો દીકરી મળશે તો સૌ પ્રથમ ઘરનું નામ રોશન કરશે પછી કુળનું નામ રોશન કરશે. કુળનું નામ રોશન થશે તો સમાજનું નામ રોશન થશે અને ભાવેશભાઈએ જણાવ્યું કે લખી રાખજો કે સમાજનું નામ રોશન થશે તો દેશનું રોશન થશે. તેમણે બહેનો અને દીકરીઓને ભણાવવા માટે હાકલ કરતા જણાવ્યું કે ભાનુશાલી સમાજના દરેક વ્યક્તિ અને ઘટક કોઈપણ મદદ કરવા માટે હંમેશા તૈયાર રહેશે. હરિઓમ પરિવારના દ્રષ્ટિ અશોકભાઈ મંગે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા તેમનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું તેમણે કચ્છના પોલીસવડા વિકાસ સુંઢાની સેતરબાવા પ્રત્યેની શ્રદ્ધાની ખાસ ઉલ્લેખ કર્યો હતો.

નિલેશભાઈ ભાનુશાલીએ શ્રીકૃષ્ણ શરણમ મમ મંત્રના જાપનું મહત્વ સમજાવતા અને પોતાનો અનુભવ રજુ કરતા જણાવ્યું કે ફક્ત જાપનું રટણ કરશો, તો બધું કામ થઈ જશે એવો મારો અનુભવ છે. આ પ્રસંગે સમીરભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે ભાનુશાલી પરિવારમાં જન્મ મળવો એનાથી બીજી કોઈ મોટી સૌભાગ્યની વાત જ નથી. મંગે પરિવાર તરફથી આ પ્રસંગે કોલરશીપ માટે ભાનુશાલી દેશ મહાજનને ૨૫૦૦૦ તથા ૧૧૦૦૦ રૂપિયા ઓધવરામ સત્સંગ મંડળને અર્પણ કરવામાં આવ્યા હતા. દામજીભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે સેતરબાવા એ સમગ્ર ભાનુશાલી સમાજ અને સમાજના અન્ય લોકોની પણ આસ્થાનું સ્થાન છે. મંગે સમાજનું ભાનુશાલી સમાજ દેશ મહાજન માટે પણ ઘણો મોટો ફાળો છે. આ પછી જીતુભાઈ ભાનુશાલી તથા પૂનમબેન ગઢવીના સૂર સંગાથે સરસ મજાનો રાસ મહોત્સવ યોજાયો હતો. શંભુભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે કોઈ પણ સારૂ કાર્ય કયારેય અધૂરૂ રહેતું જ નથી. સંચાલન છગનભાઈ અને ભાવેશભાઈ ભાનુશાલીએ કર્યું હતું. દાતાશ્રી નિલેશભાઈ ભાનુશાલીએ સહયોગ આપ્યો હતો. સમીરભાઈ ભાનુશાલીએ જણાવ્યું કે, સમાજમાં મંગે નુખ સૌથી મોટી નુખ છે. ૩૦ કામની નુખ જોડાયેલી હોય એવું જો કોઈ મોટામાં મોટી સંસ્થા હોય તો તે સેતરબાવા ટ્રસ્ટ છે. મોથાળામાં ૫૬૧ પોથીની ભાગવત કથા જેવું મોટો કાર્યક્રમ યોજાયો હતો પણ એક રેકોર્ડ છે. સૌથી પહેલા ધારાસભ્ય હાજાપરના જયંતીભાઈ મંગે બન્યા હતા. સૌથી પહેલા નગરસેવક તરીકે ભાઈલાલભાઈ મંગે, મંગલભાઈ મંગે બન્યા હતા, સૌથી પહેલા કોમર્શિયલ પાયલોટ અરૂણ ચંદ્રકાંત શિવજી મંગે થયા હતો. ભાનુશાલી જ્ઞાતિના સૌથી પહેલા પીએચડી સાયન્ટિસ્ટ યતીન શંકરલાલ જાદવજી શિવજી મંગે થયા હતા. ભાનુશાલી જ્ઞાતિન પહેલી કોમર્શિયલ લાઈસન્સ હોલ્ડર પાયલોટ ઈશીતાબેન મંગે બન્યા હતા. ભાચુંડાના દિપકભાઈ શંભુરામ મંગે એકી સાથે નોન સ્ટોપ ૨૫૧ ગીત સવારના ૮થી ૧૨ વાગ્યા સુધી ગાય અને વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો. ગિરધરભાઈ માંગે ૬૦૦૦ કાર્યક્રમ કરવાનો રેકોર્ડ કર્યો હતો. નિલેશભાઈ મંગેભાનુશાલી ભામાશા કહેવાય છે તેટલી તેમણે સમાજની અને દેશની સેવા કરી છે.

# ભ્રષ્ટાચારમુક્ત શાસન માટે આમ આદમી પાર્ટી કટિબદ્ધ : કૈલાશદાન ગઢવી

**ગાંધીધામને ધૂળ અને કચરામુક્ત મહાનગરપાલિકા બનાવવાની સાથે શિક્ષણ અને આરોગ્યમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની ખાતરી : બે વર્ષમાં કામ નહીં થાય તો સામૂહિક રાજીનામાની કરી જાહેરાત**



ગાંધીધામ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના મતદાનને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે કચ્છ અને મોરબી જિલ્લાના આમ આદમી પાર્ટીના ઈન્ચાર્જ કૈલાશદાન ગઢવીએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કરી લોકશાહીના અસ્તિત્વ સામે સવાલો ઉઠાવ્યા છે. કચ્છઉદય સાથેની મુલાકાતમાં તેમણે અત્યંત ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, વર્તમાન શાસકો દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં લોકશાહીનું ગળું દબાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું હતું કે, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવાને બદલે સત્તાધારી પક્ષ દ્વારા ઉમેદવારોને ધાકધમકી આપી ઉમેદવારી પત્રો ખેંચી લેવા અથવા ફોર્મ ન ભરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે, જે બાબતે અનેક નાગરિકોએ પક્ષ સમક્ષ ફરિયાદો નોંધાવી છે.

કૈલાશદાન ગઢવીએ જનતાને વિશ્વાસ અપાવ્યો છે કે, જો આમ આદમી પાર્ટી સત્તામાં આવશે તો કચ્છના શહેરો અને ખાસ કરીને ગાંધીધામ મહાનગરપાલિકાને સંપૂર્ણપણે ધૂળ અને કચરામુક્ત બનાવવામાં આવશે. તેમણે ગટર વ્યવસ્થા અને પીવાના પાણીની સુવિધામાં ધરખમ સુધારા કરવાની ખાતરી આપતા એક મોટું નિવેદન આપ્યું છે કે, જો સત્તામાં આવ્યા બાદ બે વર્ષના નિર્ધારિત સમયગાળામાં આ વચનો પૂર્ણ નહીં થાય તો આમ આદમી પાર્ટીના તમામ નગરસેવકો નૈતિક જવાબદારી સ્વીકારી પોતાના પદ પરથી રાજીનામું આપી દેશે. શિક્ષણ અને આરોગ્યને પક્ષની મુખ્ય પ્રાથમિકતા ગણાવતા તેમણે કહ્યું કે, દિલ્હીના મોડેલની જેમ જ ગુજરાતમાં પણ આ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવવામાં આવશે.

ભ્રષ્ટાચાર સામેના જંગ અંગે બોલતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આમ આદમી પાર્ટી શહીદ ભગતસિંહના આદર્શો પર ચાલનારો ક્રાંતિકારી પક્ષ છે. જે વિસ્તારોમાં પાર્ટીના પ્રતિનિધિઓ ચૂંટાશે ત્યાં ભ્રષ્ટાચાર માટે કોઈ સ્થાન રહેશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે અત્યાર સુધી ગેરરીતિઓ આચરીને સત્તા ભોગવનારા તત્વોને હવે પર્દાફાશ થવાનો ડર સતાવી રહ્યો છે, જેના કારણે ભ્રષ્ટ નેતાઓ, અધિકારીઓ અને ચોક્કસ ઉદ્યોગપતિઓની મિલીભગત આમ આદમી પાર્ટીને રોકવા માટે આકાશ-પાતાળ એક કરી રહી છે. અનેક લોકો પરિવર્તન માટે ચૂંટણી લડવા ઉત્સુક હોવા છતાં ભાજપના દબાણને વશ થઈ મેદાન છોડી રહ્યા હોવાની વાસ્તવિકતા તેમણે વ્યક્ત કરી હતી.

ભારતના બંધારણ અને આઝાદીના ઈતિહાસને યાદ કરતા ગઢવીએ જણાવ્યું કે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, મૌલાના આઝાદ અને બાબાસાહેબ આંબેડકર જેવા મહાનુભાવોએ જે લોકશાહી અને બંધારણના રક્ષણ માટે કુરબાની આપી છે, તેની મર્યાદા જાળવવી અનિવાર્ય છે. તેમણે દિલ્હીની અદાલત દ્વારા પણ અરવિંદ કેજરીવાલ અને તેમના કાર્યકર્તાઓને કટ્ટર ઈમાનદાર ગણાવવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. અંતમાં તેમણે કચ્છના મતદારોને અનુરોધ કર્યો હતો કે કચ્છને ભ્રષ્ટાચાર અને ધાકધમકીના શાસનમાંથી મુક્ત કરવા માટે આમ આદમી પાર્ટીને એક તક આપી હિંમતભેર પરિવર્તનના સહભાગી બને.

## કચ્છમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મુદ્દે સરકારને ઘેરતી આમ આદમી પાર્ટી


**આપના કૈલાશદાન ગઢવીના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને કર્યા આકરા સવાલ**

ભુજ - કચ્છઉદય : રાજ્યના ગૃહ વિભાગનો કાર્યભાર સંભાળતા મંત્રી હર્ષ સંઘવી સમક્ષ આમ આદમી પાર્ટીના નેતા કૈલાશદાન ગઢવીએ ગંભીર સવાલો ઉઠાવીને કચ્છ સહિત રાજ્યની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કૈલાશદાન ગઢવીએ રાજ્ય સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, પોલીસ તંત્ર દ્વારા વિરોધ પક્ષને દબાવવા અને ખતમ કરવા માટે દબાણપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે, જે લોકશાહી માટે ચિંતાનો વિષય છે. તેમણે વધુમાં પ્રશ્ન કર્યો હતો કે પોલીસ તંત્ર દાણચોરો, ખાણચોરો તેમજ ડ્રગ્સ અને દારૂના વેપલા પર અંકુશ મેળવવામાં કેમ નિષ્ફળ નીવડી રહ્યું છે. આ પ્રકારના ગંભીર ગુનાઓ જ્યારે પકડાય છે, ત્યારે પોલીસ તપાસમાં દર વખતે મુખ્ય આરોપીઓ કેમ બચી જાય છે અને માત્ર નાના પ્યાદાઓ જ કેમ પકડાય છે તેવા વેધક સવાલો તેમણે ગૃહમંત્રીને પૂછ્યા હતા.

મહિલાઓ અને વેપારીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા આપના નેતાએ જણાવ્યું હતું કે, સામાન્ય જનતા અને નોકરિયાત વર્ગ પોતાની જાતને અસુરક્ષિત અનુભવી રહ્યો છે ત્યારે સરકાર તેમને સુરક્ષા આપવામાં નિષ્ફળ સાબિત થઈ છે. વેપારીઓ અને ધંધાદારીઓને અસામાજિક તત્વો દ્વારા ડરાવી-ધમકાવી આર્થિક તેમજ શારીરિક નુકસાન પહોંચાડવામાં આવતું હોવાની ફરિયાદો અવારનવાર ઉઠતી હોવા છતાં આવા તત્વો સામે કડક કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તેવો પ્રશ્ન પણ તેમણે ઉઠાવ્યો હતો. અંતમાં કચ્છમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિમાં સુધારો લાવીને સ્થાનિક લોકોને ત્વરિત ન્યાય મળે તે દિશામાં નક્કર પગલાં લેવામાં આવે તેવો અનુરોધ તેમણે નાયબ મુખ્યમંત્રીને કર્યો હતો.

# આજે વિશ્વ પુસ્તક દિન : યુગોથી જ્ઞાનનો અખંડ સ્ત્રોત રહેલા ગ્રંથોનો મહિમા

**ડિજિટલ યુગમાં પણ છપાયેલા પુસ્તકોનું આકર્ષણ અકબંધ : પ્રાચીનતમ ગ્રંથોની વિરાસત સાથે આજે વિશ્વભરમાં પુસ્તક પ્રેમીઓ ઉજવણી કરશે**



ભુજ - કચ્છઉદય : સમગ્ર વિશ્વમાં ૨૩ એપ્રિલના દિવસને 'વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ' તરીકે મનાવવામાં આવે છે ત્યારે જ્ઞાનના આ મહાકુંભમાં ભારતની પ્રાચીન વિરાસત સમો ઋગ્વેદ આજે પણ અગ્રસ્થાને બિરાજમાન છે. જ્યારે વિશ્વમાં અનેક ધર્મો અને સંપ્રદાયોનો ઉદય પણ નહોતો થયો, તે સમયે રચાયેલો ઋગ્વેદ પ્રાચીન વિજ્ઞાન અને સંસ્કૃતિનો જીવંત દસ્તાવેજ ગણાય છે. આશરે ૪૫૦૦ વર્ષ પૂર્વે રચાયેલા આ દિવ્ય ગ્રંથમાં કુલ ૧૦૨૮ મંત્રોનો સંગ્રહ છે, જે માનવ સભ્યતાના પ્રારંભિક જ્ઞાનને ઉજાગર કરે છે. જ્ઞાનના આ વૈશ્વિક વારસામાં ઋગ્વેદની સાથે સુમેરિયન સંસ્કૃતિનું ૪૧૦૦ વર્ષ જૂનું 'એપિક ઓફ ગિલગામેશ', ચીનના તાંગ સામ્રાજ્યમાં ઈ.સ. ૮૬૮માં છપાયેલું 'ડાયમન્ડ સૂત્ર' તેમજ ઈ.સ. પૂર્વે ૬૬૦ના સમયનું 'એટ્રૂસ્કાન ગોલ્ડ બુક' પણ વિશ્વના સૌથી પ્રાચીન પુસ્તકોમાં સ્થાન ધરાવે છે. સાહિત્યિક જગતની પ્રથમ નવલકથા તરીકે જાપાનની ૧૧મી સદીની રચના 'ટેલ ઓફ જેનજી' વિશેષ મહત્વ ધરાવે છે.

વર્તમાન સમયમાં જ્યારે ટેકનોલોજીનો વ્યાપ વધ્યો છે ત્યારે વિશ્વમાં અંદાજે ૧૭ કરોડ જેટલા અજોડ ગ્રંથો ઉપલબ્ધ છે અને દર વર્ષે અંદાજે ૨૨ લાખ જેટલા નવા પુસ્તકોનું પ્રકાશન થાય છે. આજના આધુનિક યુગમાં મોબાઈલ, ટેબ્લેટ અને કોમ્પ્યુટર પર વાંચન માટેની વિપુલ સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં પુસ્તક પ્રેમીઓમાં છપાયેલા કાગળ પરના અક્ષરોનું વાંચન આજે પણ એટલું જ લોકપ્રિય છે. ડિજિટલ માધ્યમોમાં સગવડ ચોક્કસ છે પરંતુ પુસ્તકના સ્પર્શમાં જે નિર્દોષતા અને એકાગ્રતા રહેલી છે, તેનો વિકલ્પ ટેકનોલોજી હજુ સુધી આપી શકી નથી. પુસ્તક એ માત્ર કાગળનો થોથો નથી પણ તે વાચક માટે એક સાચો મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફ છે.

વિશ્વ પુસ્તક દિવસના અવસરે ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર પણ આ દિવસનો વિશેષ મહિમા જોવા મળી રહ્યો છે. ૨૩ એપ્રિલનો દિવસ મહાન સાહિત્યકાર વિલિયમ શેક્સપિયરની જન્મજયંતિ અને પુણ્યતિથિ હોવાથી તેનું મહત્વ અનેકગણું વધી જાય છે. યુનેસ્કો દ્વારા આ દિવસની ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો અને લેખકોના હકોનું રક્ષણ કરવાનો છે. આજના દિવસે વિશ્વભરમાં પુસ્તક પ્રદર્શનો, ચર્ચાસભાઓ અને વાંચન શિબિરોનું આયોજન કરવામાં આવે છે. નવી પેઢી પુસ્તકો તરફ વળે અને સાચું જ્ઞાન ગ્રહણ કરે તે જ આ દિવસની સાચી સાર્થકતા છે, કારણ કે પુસ્તકો જ સંસ્કૃતિના સાચા વાહક છે અને તે પેઢી દર પેઢી વિચારધારાઓને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરે છે.

# કટરા - ગાંધીધામ એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનોના શિડ્યુલમાં ફેરફાર

**અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામને પગલે બ્લોકના કારણે ૨૪મીએ ટ્રાફિક બ્લોક લેવાશે**

ગાંધીધામ - કચ્છઉદય : અમદાવાદ મંડળના ગેરતપુર-અમદાવાદ સેક્શન પર બુલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમ લોન્ચિંગની કામગીરીને કારણે આગામી ૨૪ એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. આ એન્જિનિયરિંગ કાર્યને લીધે પશ્ચિમ રેલવેની અનેક ટ્રેનો પ્રભાવિત થશે, જેમાં કચ્છ આવતી શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન નં. ૧૨૪૭૪ને વડોદરા મંડળમાં ૧ કલાક અને ૪૫ મિનિટ સુધી રોકી રાખવામાં (રેગ્યુલેટ કરવામાં) આવશે. આ ઉપરાંત, મુંબઈ-ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે, જ્યારે જામનગર-વડોદરા ઈન્ટરસિટી અને વડોદરા-વટવા મેમૂ જેવી ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. મુંબઈ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ પણ તેના નિર્ધારિત સમય કરતાં સવા કલાક મોડી ઉપડશે, જેથી મુસાફરોને રેલવેની સત્તાવાર વેબસાઈટ પર સમયની ખાતરી કરી લેવા અનુરોધ કરાયો છે.

# મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થઈ શકશે નહીં

ભુજ - કચ્છઉદય : આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય - પેટા ચૂંટણીઓની તારીખો જાહેર થયેલ છે. જે મુજબ આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે અને કચ્છ જિલ્લામાં તા.૨૬/૪ના મતદાન થનાર છે. ચૂંટણીની કામગીરી તા.૧/૪ થી તા.૩૦/૪ સુધી ચાલશે, જેથી જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા મતગણતરી મથકોની આસપાસ તા.૨૮/૪ના મત ગણતરી દિવસે સવારના ૪ કલાકથી મતગણતરી પૂર્ણ થયાના બે કલાક સુધી આદર્શ આચાર સંહિતા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હુકમો જારી કરાયા છે, જે મુજબ મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યા વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિઓ એકઠા થઈ શકશે નહી.

મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સભા ભરી શકાશે નહીં કે સંબોધિ શકાશે નહીં. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, વાયરલેસ સેટ, કોર્ડલેસ ફોન, કે સંદેશા વ્યવહારના કોઈ સાધનો કે અન્ય કોઈ ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જઈ શકશે નહી. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ વાહન લઈ જઈ શકશે નહીં. મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ બાકસ, લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

# ગઢવી સમાજનું ગૌરવ : એક જ પરિવારના પાંચ ભાઈ-બહેનોનો રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે દબદબો

**ભુજની કેન્દ્રીય વિદ્યાલયમાં અભ્યાસ કરતા મૂળ ઝરપરાના પરિવારના પાંચ રત્નોએ શૈક્ષણિકની સાથે વકતૃત્વ, યોગા સહિતની ઈતર પ્રવૃત્તિમાં કચ્છનું નામ રોશન કર્યું**


દેવલ ગઢવી


સોનલ ગઢવી


રાજલ ગઢવી


લવ ગઢવી


કુશ ગઢવી

ભુજ - કચ્છ ઉદય : મૂળ ઝરપરાના હાલે ભુજ રહેતા ગઢવી પરિવારના પાંચેય ભાઈ - બહેનો શૈક્ષણિક રીતે અગ્રેસર રહેવા સાથે ખેલકૂદ અને અન્ય પ્રવૃત્તિઓમાં પણ પ્રથમક્રમે આવી પરિવારની સાથે સમાજનું પણ ગૌરવ વધાર્યું છે.

મૂળ ઝરપરાના હાલે ભુજમાં કેન્દ્રીય વિદ્યાલય એરફોર્સ સ્કૂલ ધો.૧૨ મા અભ્યાસ કરતા સોનલબેન રામભાઈ ગઢવીએ ગત વર્ષે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા યોજાયેલ શીઘ્ર વક્તવ્ય અંગ્રેજી ભાષાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગત ૨૯/૧૨/૨૦૨૫ ના રાજ્યકક્ષાનો યુવા મહોત્સવ મોરબીની નાલંદા વિદ્યાલય ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સોનલે પ્રથમ નંબર મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સોનલ અગાઉ તાલુકા, જિલ્લા અને ઝોનકક્ષાએ પ્રથમ રહ્યા હતા. જે બાદ તેમને રાજ્ય કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત થયો હતો. શાળામાં યોજાયેલી ચૂંટણીમાં સૌથી વધુ મત મેળવીને સ્કૂલના કેપ્ટન બન્યા હતા. અભ્યાસમાં એપ્લસ ગ્રેડ મેળવ્યો છે. આ સિદ્ધિ બદલ તેમને શાળાના પ્રધાન આચાર્યએ બિરદાવ્યા હતા. સિદ્ધિમાં દેવાંશીબેન ગઢવી, રસીકબા કેસરિયા, વર્ધમાનનગર સરપંચ રોનીતભાઈ શાહ, મિહિરભાઈ વોરાનો સહયોગ મળ્યો હતો.

તેમના નાના બહેન દેવલબેન રામભાઈ ગઢવી કેન્દ્રીય વિદ્યાલયમાં ધો.૧૦ મા અભયાસ કરે છે. તેઓએ યોગા ક્ષેત્રે કાંઠુ કાઢ્યું છે. અન્ડર ૧૧ થી યોગની અલગ અલગ સ્પર્ધાઓમાં શાળા કક્ષાએ તેમજ યોગ બોર્ડના માધ્યમથી ભાગ લઈ રહ્યા છે. તાજેતરમાં અન્ડર ૧૭ મા પણ પ્રથમ નંબરે આવ્યા છે. અત્યાર સુધીની દરેક સ્પર્ધાઓમાં તેઓ તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રથમ નંબર રહ્યા છે. તાજેતરમાં ગુજરાત સ્ટેટ યોગાસન સ્પોર્ટસ ચેમ્પિનશિપ ૨૦૨૫-૨૬ યોજાઈ હતી. વડોદરા ખાતે યોજાયેલી સ્પર્ધામાં જુનિયર ગર્લ્સની કેટેગરીમાં તેઓ રાજ્યકક્ષાએ પ્રથમ આવ્યા છે. જે બદલ યોગાસના સ્પોર્ટસ એસોસિએશન ગુજરાતના પ્રમુખ પ્રદ્યુમનસિંહ જાડેજાએ અભિનંદન આપ્યા હતા. તેમને પ્રમાણપત્ર અને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો. આ સિવાય નેશનલ સ્પર્ધાઓમાં પણ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. ભૂવનેશ્વર, ગુરગાંવ, વડોદરા, અંકલેશ્વર સહિત છ રાજ્યમાં યોજાયેલી યોગા સ્પર્ધાઓમાં તેઓએ ભાગ લીધો છે. ગુજરાતમાં પ્રથમ વખત કચ્છ ખાતે યોજાયેલી યંગ થીન્કર મીટમાં પણ પ્રથમ નંબર આવ્યો હતો. આ સિવાય તેમના નાના બહેન ધો. ૭ મા અભ્યાસ કરતા રાજલ રામભાઈ ગઢવી, ધો.૧ મા અભ્યાસ કરતા જુડવા ભાઈ કુશ રામભાઈ ગઢવી અને લવ રામભાઈ ગઢવી પણ અભ્યાસની સાથે અન્ય પ્રવૃત્તિઓમાં પ્રથમ રહ્યા છે. બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા ફેબ્રુઆરી - ૨૦૨૬ મા કચ્છ જિલ્લામાં સંસ્કૃત પાઠશાળા ખાતે લેવાયેલી પરીક્ષામાં પાંચેય ભાઈ - બહેન જિલ્લામાં પ્રથમ આવ્યા હતા. ભુષણની પરીક્ષામાં દેવલબેન જિલ્લામાં પ્રથમ, રાજલબેન પણ પ્રથમ આવ્યા હતા. લવ અને કુશ પ્રારંભમાં પ્રથમ આવ્યા હતા. પાઠશાળાના વિભાકરભાઈ અંતાણી, આશાબેન સ્વાદિયાએ તેઓને નવાજ્યા હતા. પાંચેય ભાઈ-બહેન કેન્દ્રીય વિદ્યાલય ભુજ ખાતે અભ્યાસ કરે છે. તેમના પિતા પણ આર્મી સ્કૂલમાં વ્યવસાય શિક્ષક છે.

શાળાના આચાર્ય એચ. આર. ચૌધરી, યોગ કોચ જાનકીબેન જોષી તેમજ દેવાંશીબેન બુદ્ધભટ્ટી, વર્ષાબેન પટેલ સહિતનાઓએ અભિનંદન આપ્યા હતા. અભ્યાસની સાથે શૈક્ષણિક અને યોગા, સંસ્કૃત સહિતની અન્ય પરીક્ષાઓમાં પ્રથમ આવી પરિવારની સાથે સમાજનું નામ રોશન કરવા બદલ ગઢવી સમાજના પ્રમુખ દેવરાજભાઈ કે. ગઢવીએ પણ અભિનંદન આપ્યા હતા. તેમના માતા-પિતાએ ખૂશી વ્યક્ત કરતા જણાવ્યું કે, બાળકો હજુ પણ આવી રીતે સ્પર્ધાઓમાં પ્રથમ આવી કચ્છની સાથે સમગ્ર દેશનું નામ રોશન કરે તે રીતે તેઓ આગળ વધી રહ્યા છે.

# કાસેઝ સોપારી કાંડ : દાણચોરો પર ડીસીની લાલઆંખ : બીજા યુનિટને પણ શો-કોઝ નોટિસની ફટકાર

**દોઢ કરોડના સોપારી કાંડમા તેજ બનતી તપાસ :૧ યુનિટને તો સીલ કરી દેવાયુ, બીજાને પણ બંધ કેમ ન કરવુ?ના વછુટયા આદેશ**

**ખાટલે મોટી ખોટ : કાસેઝની તપાસ તો ગતિવાન બનેલી છે, ધડાધડ પગલા લઈ રહી છે, પણ જે પોલીસે જથ્થો પકડયોહતો, તે કેમ હવે પાણીમાં જ બેસી ગયાનો દેખાય છે વર્તારો? સૌ પ્રથમ જે રાજા નામના શખ્સનું નામ આવ્યુ હતુ તે કેમ હજુય આબાદ ફરી રહ્યો છે? યુનિટના માલીકને પકડવા યુપી-કાનપુર સુધી આંટો મારી આવેલી પોલીસ તે પછીની કાર્યવાહી બાબતે કેમ મગનું નામ હજુય મરી નથી પાડતી? આનંદ-રાજેશની સાથે મહાદેવ નામના શખ્સને પણ શા માટે ઉઠાવાતો નથી?**

ગાંધીધામ : કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માં બહુચર્ચિત 'સોપારી કાંડ' મામલે વહીવટી તંત્ર દ્વારા આક્રમક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઝોનના ઈન્ચાર્જ ડેપ્યુટી કમિશનર શ્રી ડી.બી. પાટીલ દ્વારા લેવામાં આવેલા કડક વલણને પગલે ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સાયબર સેલની તપાસ બાદ હવે આ પ્રકરણનો રેલો અન્ય યુનિટો સુધી પહોંચતા વધુ એક એકમ સામે નોટિસની કાર્યવાહી કરવામાં આવી હોવાનુ સામે આવવા પામ્યું છે. કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લાંબા સમયથી દેશના વ્યાપાર અને અર્થતંત્રમાં મહત્વનું યોગદાન આપતું રહ્યું છે, પરંતુ તાજેતરમાં સામે આવેલો 'સોપારી કાંડ' સુરક્ષા અને વહીવટી પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. દોઢ કરોડની શંકાસ્પદ અને ગુણવત્તાહિન સોપારીનો જથ્થો જ્યારે સેઝના પ્રતિબંધિત વિસ્તારમાંથી બહાર નીકળે, ત્યારે તે માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને નિયમોના ઉલ્લંઘનનો પણ મામલો બની જાય છે.

આ પ્રકરણમાં ઈન્ચાર્જ ડેપ્યુટી કમિશનર ડી.બી. પાટીલ દ્વારા જે પ્રકારની 'લાલ આંખ' કરવામાં આવી છે, તે આવકારદાયક છે.

સામાન્ય રીતે આવા કૌભાંડોમાં માત્ર નીચેના સ્તરના કર્મચારીઓ સામે પગલાં ભરીને સંતોષ માનવામાં આવતો હોય છે, પરંતુ અહીં જે રીતે સંબંધિત યુનિટને સીલ કરી, તેનો કબજો લઈ અને હવે તે માલિકના બીજા યુનિટને પણ 'શો-કોઝ' નોટિસ ફટકારવામાં આવી છે, તે વહીવટી તંત્રની 'ઝીરો ટોલરન્સ' (શૂન્ય સહિષ્ણુતા) ની નીતિ દર્શાવે છે. થોડા સમય પૂર્વે કચ્છ બોર્ડર રેન્જ આઈજીશ્રીની સાયબર સેલની ટીમે ભચાઉ પાસેથી દોઢ કરોડ રૂપિયાની શંકાસ્પદ સોપારીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ સોપારી કોઈપણ આધાર-પુરાવા વગરની અને કચોરી યુક્ત હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં ખુલ્યું હતું કે આ જથ્થો કાસેઝના ગેટ પરથી શંકાસ્પદ રીતે બહાર નીકળ્યો હતો. આ પ્રકરણની ગંભીરતા જોઈને ડીસી ડી.બી. પાટીલે વિજિલન્સ તપાસના આદેશ આપી બે અધિકારીઓની ટીમની રચના કરી હતી.

તપાસ દરમિયાન ગેટ પર તૈનાત એક અધિકારીની સંડોવણી જણાતા તેમને તાત્કાલિક અસરથી પાણીચું પકડાવી દેવામાં આવ્યું હતું. બીજી તરફ, જે યુનિટમાંથી સોપારી ભરેલું ટ્રેલર બહાર નીકળ્યું હતું, તે યુનિટના માલિક સામે કડક પગલાં ભરીને તેનું એક એકમ સીલ કરી દેવામાં આવ્યું છે. આ એકમનો કબજો પણ તંત્ર દ્વારા લઈ લેવાયો છે અને હવે તેને હરાજી (Option) માં મૂકવાની વિચારણા ચાલી રહી છે.આ કૌભાંડમાં સંડોવાયેલા માલિકનું ઝોનમાં જ આવેલું અન્ય બીજું યુનિટ પણ હવે એજન્સીઓના રડારમાં આવ્યું છે. તંત્ર દ્વારા આ બીજા યુનિટને પણ 'શો-કોઝ નોટિસ' ફટકારવામાં આવી છે. નોટિસમાં પૂછવામાં આવ્યું છે કે, "દાણચોરી જેવા ગંભીર કૃત્યમાં સંડોવણી બાદ આ બીજા યુનિટને પણ શા માટે બંધ ન કરવું અને તેનો કબજો કેમ ન લેવો? કાસેઝ પ્રશાસનની આ લાલા આંખને કારણે સેઝમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા કે ભ્રષ્ટાચાર આચરનારા તત્વોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. દાણચોરી સામેની આ ઝુંબેશ આગામી દિવસોમાં વધુ તેજ બને તેવી શક્યતા છે. સેઝ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં જ્યારે આવા કૌભાંડો પકડાય છે, ત્યારે તેની પાછળ એક આખું નેટવર્ક કામ કરતું હોય છે. માત્ર માલ જપ્ત કરવાથી આ દૂષણ અટકતું નથી, પરંતુ આર્થિક રીતે કમર તોડનારા પગલાં જ ભવિષ્યમાં આવા ગુનાઓને અટકાવી શકે છે. આગામી સમયમાં તપાસ એજન્સીઓ આ પ્રકરણના મૂળ સુધી પહોંચે અને આ દાણચોરીમાં અન્ય કોઈ મોટા માથાઓની સંડોવણી છે કે કેમ તે બહાર લાવે તે જરૂરી છે. કાસેઝ પ્રશાસનનો આ કડક અભિગમ જો સતત જળવાઈ રહેશે, તો જ સરહદી વિસ્તારમાં કાર્યરત આર્થિક ઝોનની ગરિમા જળવાઈ રહેશે અને પ્રમાણિક ઉદ્યોગ સાહસિકોનો વિશ્વાસ પણ વધશે.

## સ્થાનિક સ્વરાજ જંગ : કચ્છમાં પોસ્ટલ બેલેટથી મતદાન શરૂ

**ચુંટણી પ્રક્રિયા પારદર્શકતાથી યોજવા વહીવટી તંત્ર સજ્જ : શનિવાર સવારથી તમામ તાલુકા મથકોએ જોવા મળશે ધમધમાટ**




ભુજ - કચ્છઉદય : ગાંધીધામ મહાનગરપાલિકા, જીલ્લા-તાલુકા પંચાયત સહિત જિલ્લાની સ્થાનિક સ્વરાજની આગામી તા.૨૬ એપ્રિલના આયોજીત કરાયેલ ચુંટણીને આડે હવે માત્ર ત્રણ જ દિવસ બાકી રહ્યા છે. ત્યારે ચુંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન શરુ કરી દેવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો મુજબ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની આ ચુંટણી માટે ૧૧૦૦૦થી વધુ કર્મચારીઓનો કાફલો ફરજ પર લેવામાં આવેલ હોઈ આ કર્મચારીઓને ચુંટણીની તાલીમ દરમ્યાન જ પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટેના ફોર્મ ઈશ્યુ કરી દેવામાં આવેલ હતા. પોસ્ટલ બેલેટના મતદાન ફોર્મ કર્મચારીઓ ચુંટણી અધિકારીઓને બંધ કવરમાં મોકલાવી રહ્યા છે. શાંતિપૂર્ણ રીતે પોસ્ટલ બેલેટની મતદાનની આ પ્રક્રિયા ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેની સાથોસાથ સ્થાનિક સ્વરાજની આ ચુંટણીની મતગણતરી માટે કર્મચારીઓને અગાઉ કલેક્ટર તંત્ર દ્વારા ઓર્ડરો ઈશ્યુ કરવામાં આવ્યા બાદ હવે આ કર્મચારીઓને મતગણતરીની તાલીમ પણ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યુ છે.

જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, નાયબ ચૂંટણી અધિકારી વિવેક બારહટ સહિતના તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓને આ તાલીમ આપવામાં આવી રહી છે. અહી એ ઉલ્લેખનીય છે કે કચ્છ જિલ્લામાં ચુંટણી પ્રક્રિયા પારદર્શકતાથી યોજાય તેમજ મતદારો મુક્ત મને કોઈપણ દબાણ વગર મતદાન કરી શકે તે માટે માઈક્રો પ્લાનીંગ સાથેની તમામ તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જીલ્લા અને તાલુકા પંચાયતની ચુંટણીની મતગણતરી માટે પણ અલગ અલગ મતગણતરી કેન્દ્રો સુનિશ્ચિત કરી મતગણતરી માટે કર્મચારીઓને તાલીમ આપવામાં આવી રહી છે.

આ મતદાન મથકો પર અંદાજે ૮૩૫૫ જેટલો સ્ટાફ મતદાનના દિવસે ફરજ બજાવશે. આ ઉપરાંત ૧૧૭૮ જેટલા પોલીસ સ્ટાફ અને ૧૯૦૦ જેટલા વર્ગ - ૪ ના કર્મચારીઓ સેવા આપશે. આ ચુંટણી સ્ટાફ દ્વારા બેલેટ પેપરથી પોતાના પસંદગીના ઉમેદવારની મત આપવાની પ્રક્રિયા શરુ કરાયેલ છે.મતગણતરી માટે વોટીંગ મશીનમાંથી ડેટા કેવી રીતે મેળવવો, પોસ્ટલ બેલેટની કઈ રીતે ગણતરી કરવી ટ્રેબ્યુલેશન શીટમાં એન્ટ્રી સહિતની બાબતો અંગે ઝીણવટભરી તાલીમ કર્મચારીઓને આપવામાં આવી રહી છે. જિલ્લામાં સ્થાનિક સ્વરાજની આ ચુંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય તે માટે વહીવટીતંત્ર સજ્જ બન્યુ છે.

# ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ : ભુજમાં 30 વર્ષની સત્તા છતાં ભાજપ 'ચહેરા'ના ભરોસે, તો વિપક્ષે ગટર-પાણીના મુદ્દે શાસકોને ઘેર્યા !

**ભુજ પાલિકા પર ભાજપનું એકહથ્થુ શાસન છતાં શહેરના મતદારો આજે પણ પાણી, લાઈટ, ગટર અને સફાઈ જેવી પાયાની માળખાકીય સુવિધાઓ માટે ટળવળી રહ્યા છે**

**ભગવા બ્રિગેડ સ્થાનિક પ્રશ્નોના બદલે કેન્દ્રિય નેતાઓના સહારે સ્થાનીક જંગ જીતવાની વેતરણમાં : સતાથી વિમુખ કોંગ્રેસ લોકપ્રશ્નો અને તેના નિરાકરણના વચનો સાથે મતદારો વચ્ચે પહોંચી : ભાજપ માટે આયાતી અને વિસ્તારના બહારના ઉમેદવારી શિર દર્દ બની તો બીજી તરફ સંગઠન શક્તિએ જીતના દ્વારે પહોચડવાની : ભાજપમાં જે તે વિસ્તારના મોવડીની અનદેખી ભારે ચર્ચા જગાવી છે...**

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની આગામી ૨૬મી તારીખે યોજાનારી ચૂંટણીમાં રાજકીય માહોલ ગરમાયો છે, પરંતુ આ ચૂંટણીમાં વિકાસના મુદ્દાઓ કરતા 'વ્યક્તિગત ચહેરા' અને 'વૈચારિક ગુલામી' વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. જિલ્લા મથક ભુજની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર મતદાન પૂર્વે જ સત્તાધારી ભાજપે ૬ બેઠકો બિનહરીફ જીતીને પ્રભુત્વ તો જમાવ્યું છે, પણ જમીની હકીકત ભાજપ માટે ચિંતાજનક છે.

છેલ્લા ત્રણ દાયકા એટલે કે ૩૦ વર્ષથી વધુ સમયથી ભુજ પાલિકા પર ભાજપનું એકહથ્થુ શાસન હોવા છતાં શહેરના મતદારો આજે પણ પાણી, લાઈટ, ગટર અને સફાઈ જેવી પાયાની માળખાકીય સુવિધાઓ માટે ટળવળી રહ્યા છે. એક આખી નવી પેઢી જન્મી અને યુવાન થઈ ગઈ, જેણે સત્તાના સ્થાને માત્ર ભાજપને જ જોયા છે, છતાં ભુજની ભૌગોલિક અને માળખાકીય સ્થિતિમાં કોઈ ક્રાંતિકારી સુધારો થયો નથી. આશ્ચર્યની વાત એ છે કે સેતુબંધના નિર્માણ સમયે જે રીતે પથ્થરો પર ભગવાન શ્રીરામનું નામ લખતા તે તરવા લાગ્યા હતા, તેવી જ રીતે ભાજપમાં પણ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે અયોગ્ય અને ન ચાલે તેવા 'પથ્થર' સમાન ઉમેદવારોને રાજકારણની વૈતરણી પાર કરાવી દેવાની જે પ્રથા શરૂ થઈ છે, તેનાથી પ્રજાએ પાયાની સુવિધાઓના અભાવમાં ગુલામી જેવું જીવન જીવવાનો વારો આવ્યો છે. અમુક વિસ્તારમાં આયાતી ઉમેદવારોને ઉતારી દેવામાં આવ્યા છે કે, તે કમળી અને મોદી સાહેબના નામે તડી જશે. હવે જોવાનો એ છે કે મતદારો કોની ઉપર મહોર મારે છે.

ગુજરાતથી શરૂ થયેલી ભાજપની યાત્રામાં નરેન્દ્ર મોદીના ચહેરા થકી કેન્દ્ર અને અન્ય રાજ્યોમાં ભગવો લહેરાયો છે, પરંતુ હવે ભાજપે 'મોદી મેજિક'ને જ એકમાત્ર હથિયાર બનાવી લેતા જનતામાં કંટાળો અને રોષ જોવા મળી રહ્યો છે.

અનુસંધાન પાના નં.૫ પર

PP SAVANI
SCHOOL OF EXCELLENCE
Managed by :
J.B. MEHTA EDUCATION INSTITUTE
ANJAR (KUTCH)
WE'RE HIRING
Principal cum Administrator
To join our team !
88666 35033
16, Matru Sparsh Complex, Chitrakut - Gayatri Cross Road, Chitrakut Circle, Anjar (Kutch) 370110.

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

**ન્યુઝિલેન્ડથી આવતા પાઈનવુડની આયાત ડયુટી પર છુટછાટના સંકેત**

# પૂર્વ કચ્છના લાકડા ઉદ્યોગને મોદી સરકાર મોટી રાહત આપવાના મુડમાં : ૨૭મીએ દિલ્હીમાં મંથન

**૨૭મીએ રાજધાની મધ્યે મોદી સરકાર અને ન્યુજિલેન્ડના પ્રતિનિધિમંડળ વચ્ચે યોજાનાર છે મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક : કંડલા-મુંદરા બંદર પર ન્યુઝિલેન્ડથી મોટી માત્રામાં આવે છે લાકડું : યુદ્ધની પરિસ્થિતી બાદ ઉભા થયેલા સંજોગોને જોતા આ સમગ્ર ઉદ્યોગને માટે રાહતરૂપ ખબર આવવાના ઉજળા સંકેતો**

**ટીમ્બર ઉદ્યોગ અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ આ બેઠક પર મીટ માંડીને બેઠા હોવાનો વર્તારો : જો આ બેઠક સફળ રહેશે તો કચ્છના લાકડા ઉદ્યોગને માટે વર્ષ ૨૦૨૬ની સૌથી મોટી ભેટ સાબિત થશે**

ગાંધીધામ : પૂર્વ કચ્છના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા ઉદ્યોગો પેકીના એક મહત્વપૂર્ણ એવા લાકડા ઉદ્યોગ માટે કેન્દ્રની મોદી સરકાર આગામી દિવસોમાં મોટી રાહત જાહેર કરી શકે તેવા સંકેતો મળી રહ્યા છે. ખાસ કરીને ન્યૂઝીલેન્ડથી આયાત કરવામાં આવતા પાઈન વુડને લઈને વર્તમાન નીતીઓમાં રાહતરૂપ ફેરફાર અથવા ઊંચી ડ્યૂટીમાં મોટી રાહત મળવાની પૂરેપૂરી સંભાવના છે. આ અંગે આગામી ૨૭મી એપ્રિલના રોજ દિલ્હી ખાતે મોદી સરકાર અને ન્યૂઝીલેન્ડના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ વચ્ચે એક મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક યોજાવા જઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી મધ્ય-પૂર્વ માં સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિ અને વૈશ્વિક સંજોગોને કારણે ટિમ્બર ઉદ્યોગ પર સંકટના વાદળો છવાયા હતા. શિપિંગ ખર્ચમાં વધારો અને કાચા માલની અછતને કારણે કંડલા અને મુન્દ્રા બંદર પર નિર્ભર સેંકડો સો-મિલ એકમો મુશ્કેલીમાં મુકાયા હતા. આ પરિસ્થિતિમાં સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર હવે ન્યૂઝીલેન્ડ સાથે સીધો વેપાર સુગમ બનાવવા જઈ રહી હોવાના ઉજળા ચિહ્નો સર્જાતા જોવાયા છે.

કંડલા-મુન્દ્રા બંદર પર પાઈન વુડની વિશાળ આયાત વર્તમાન સમયે થવા પામી રહી છે. કચ્છના કંડલા-મુન્દ્રા બંદર ન્યૂઝીલેન્ડથી આવતા પાઈન લાકડાનું મુખ્ય હબ છે. અહીંથી જ સમગ્ર ભારતમાં આ લાકડું સપ્લાય કરવામાં આવે છે. જો ૨૭મીની દિલ્હીમાં યોજાઈ રહેલી બેઠકમાં આયાત નીતિમાં ફેરફાર અથવા ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવે, તો તેનાથી માત્ર લાકડાના ભાવમાં ઘટાડો જ નહીં થાય, પરંતુ લાખો શ્રમિકોની રોજગારી પણ સુરક્ષિત થશે તેમ જાણકારો કહી રહ્યા છે. સાથોસાથ જો આ બેઠકમાં કદાચ ડ્યૂટીમાં રાહત અપાય છે તો આયાત ડ્યૂટીમાં ઘટાડો થવાથી ઉત્પાદન ખર્ચ ઘટશે. વેપારી સુગમતા પણ વધશે. ન્યૂઝીલેન્ડ સાથેના વેપારમાં રહેલી ટેકનિકલ અડચણો દૂર થશે. આ ઉપરાંત ઉદ્યોગને વેગ મળશે. યુદ્ધના કારણે મંદીમાં ફસાયેલા ઉદ્યોગને નવું જીવનદાન મળશે.ટિમ્બર એસોસિએશન અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ આ બેઠક પર મીટ માંડીને બેઠા છે. જો આ બેઠક સફળ રહેશે, તો કચ્છના લાકડા ઉદ્યોગ માટે વર્ષ ૨૦૨૬ની આ સૌથી મોટી ભેટ સાબિત થશે.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



અત્યંત દુઃખ સાથે જણાવવાનું છે કે
પદ્મશ્રીથી સન્માનિત પરમ પૂજ્ય આચાર્ય શ્રી ચંદનાજી,
જેમને સૌ પ્રેમપૂર્વક 'તાઈ માં' તરીકે ઓળખતા હતા,
તા. ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૫૦ વાગ્યે,
પુણે (મહારાષ્ટ્ર) ખાતે શાંતિપૂર્ણ નિર્વાણ પ્રાપ્ત કર્યું છે.

:: અંતિમ દર્શન માટે ::
શુક્રવાર, તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ
સવારે ૧૦:૦૦ થી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી
વર્ધમાન પ્રતિષ્ઠાન, સેનાપતિ બાપટ રોડ,
પુણે ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે.

:: અંતિમ સંસ્કાર વિધિ ::
તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬, શુક્રવારે,
સાંજે ૫:૦૦ વાગ્યે વૈકુંઠ શ્મશાન,
પુણે ખાતે સંપન્ન કરવામાં આવશે.

વીરાયતન – કચ્છ પરિવાર

**૫૦ લાખની ચીટીગના હાઈપ્રોફાઈલ કેસમાં તવાઈની ચર્ચા**

# ચંદીગઢ સાયબર પોલીસની મોટી કાર્યવાહી : ગાંધીધામ પટ્ટામાંથી 3 શખ્સોને ઉઠાવી ગઈ

**લાખોની છેતરપિંડી કરનાર ટોળકી સપ્તાહ પૂર્વે ગાંધીધામના મીઠીરોહર પટ્ટામાંથી ઝડપાઈ**

## કઈ કાયદાકીય કલમો તળે થઈ કાર્યવાહી?

ગાંધીધામ : આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કલમ ૩૧૮/૩૧૯(૨): છેતરપિંડી (Cheating) અને ઓળખ છુપાવીને કરવામાં આવતી છેતરપિંડી.આ સાથે સાયબર ક્રાઈમ અને આઈ.ટી. એક્ટની અન્ય સંબંધિત કલમોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## ઝડપાયેલા શખ્સો રાજેશ-હિતેશ-યોગેશના કડક પુછાણાથી થશે મોટા કાડાકા-ભડાકા

ગાંધીધમા : ચંદીગઢમાં લાખોની ચીટીંગના કેસમાં ગાંધીધામ સંકુલમાંથી ત્રણ શખ્સોને ઉઠાવાયા હોવાનુ પ્રાથમિક તબક્કે સામે આવવા પામી રહ્યુ છે. જાણકારો કહી રહ્યા છે કે, ઉઠાવાયેલા શખ્સો રાજેશ-હિતેશ-યોગેશના કડક રીમાન્ડ મેળવાશે તો આ પ્રકણમાં અન્ય કોણ કોણ સંડોવાયેલા હતા? બીજા આવા કેટલા ઘટનાક્રમોને અંજામ અપાયા છે? કઈ રીતે અને ચીટીંગની રકમ કોના ખાતામાં કેવી રીતે જમા કરવામા આવતી હતી તે સહિતની ઘણી વિગતો બહાર આવી શકે તેમ હોવાનુ મનાય છે.

ગાંધીધામ : આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામ સંકુલમાં છેલ્લા કેટલાક દિવસોથી ચંદીગઢ પોલીસની ગુપ્ત કાર્યવાહીએ ભારે ચર્ચા જગાવી છે. પંજાબના ચંદીગઢમાં નોંધાયેલા એક મોટા સાયબર ઠગાઈના ગુનાના પગેરૂ શોધતા પંજાબ પોલીસની ટીમ ગાંધીધામ આવી પહોંચી હતી અને અહીંથી ત્રણ શખ્સોને પૂછપરછ માટે ઉઠાવી ગઈ હોવાનું સામે આવ્યું છે.ચંદીગઢ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા એક હાઈપ્રોફાઈલ ફ્રોડ કેસમાં મોટી સફળતા મેળવતા ગુજરાતના પૂર્વ કચ્છ જિલ્લામાંથી ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ ટોળકીએ અંદાજે ૫૦ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.

ઘટનાની વિગત અને પોલીસ કાર્યવાહીની જો વાત માંડીએ તો ચંદીગઢ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના નંબર ૩૯/૨૦૨૬ હેઠળ તપાસ ચલાવી રહેલી ટીમે બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગુજરાતમાં દરોડા પાડ્યા હતા. જે અંતર્ગત દસેક દિવસ પહેલા ચંદીગઢ પોલીસની ટીમ કચ્છ પહોંચી હતી અને આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીઓને દબોચી લીધા હોવાનુ સામે આવ્યું છે.

પ્રાથમિક તપાસ મુજબ, આ ટોળકીએ સુવ્યવસ્થિત કાવતરું રચીને બેંક ખાતામાંથી નાણાં સેરવી લીધા હતા. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ રકમ કયા ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી છે અને આ નેટવર્ક સાથે અન્ય કેટલા લોકો જોડાયેલા છે. ઝડપાયેલા ત્રણેય આરોપીઓને ચંદીગઢ ખાતે રિમાન્ડ અર્થે લઈ જવામાં આવ્યા હોવાનું સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ચંદીગઢ દ્વારા જણાવાઈ રહ્યું છે.

પકડાયેલા શખ્સોને વધુ તપાસ માટે ચંદીગઢ લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીધામ બી ડીવીઝનના પીઆઈ એસ.વી.ગોજીયાએ ચંદીગઢ પોલીસની ટીમ આવી હોવાની અને ત્રણ શખ્સોને પૂછપરછ માટે લઈ ગઈ હોવાની વાતને સમર્થન આપ્યું છે. હાલમાં આ સમગ્ર મામલો ગાંધીધામ સંકુલમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. સાયબર ક્રાઈમના આ નેટવર્કમાં હજુ કેટલા મોટા માથાઓ સામેલ છે તે તો ચંદીગઢ પોલીસની તપાસ બાદ જ સ્પષ્ટ થશે.